કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.

PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

સાપ્તાહિક

Website : www.kutchuday.com

E-mail : kutchuday@gmail.com

તા.૨૦ એપ્રિલ, ૨૦૨૫ રવિવાર
કિંમત રૂા.૨/-

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

૩૧ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ભચાઉ તાલુકાના ખારોઈ, મનફરા, ચોબારી, ભરૂડીયા, આધોઈ, જંગી, વાંઢીયા, વોંધ, કટારીયા, દુધઈ તથા આસપાસના વિસ્તારોમાં સરક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવયુવાનોની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ, અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
મહેશ શાહ : ૯૮૨૫૧ ૭૨૩૨૦, ૯૮૭૯૫ ૯૧૪૨૭
:: સ્થળ ::
જૈન ધર્મશાળાની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, ભચાઉ-કચ્છ.

♦અંક નંબર : ૪૯♦વર્ષ : ૩૧ ♦પાના - ૮ ♦ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ♦Regd No. G-KCH - 184-2019-2021 ♦GUJGUJ/2008/25151♦ સંવત ૨૦૮૧ ♦ચૈત્ર વદ-૭♦ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ♦ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ♦ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# ભારત - અમેરિકા વચ્ચે વેપાર કરારના એંધાણ

## ટેરિફ, નોન ટેરિફ અવરોધો, કસ્ટમની સરળતા સહિતના મુદ્દા આવરી લેવાશે

નવી દિલ્હી : ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર માટે વોશિંગ્ટનમાં ૨૩ એપ્રિલથી ત્રણ દિવસની મંત્રણાનો પ્રારંભ થશે. આ વાટાઘાટોમાં ટેરિફ, નોન ટેરિફ અવરોધો અને કસ્ટમની સરળતા સહિતના આશરે ૧૯ પ્રકરણોને આવરી લેવામાં આવશે, એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સહિતના દેશો પરની જંગી ટેરિફને ૯૦ દિવસ માટે સ્થગિત કરી છે ત્યારે આ સમયગાળાનો ઉપયોગ કરીને ભારત મંત્રણાને વેગ આપવા માગે છે અને ભારતની સત્તાવાર ટીમ અમેરિકાની મુલાકાતે છે. આ મંત્રણામાં મતભેદોને દૂર કરવાનો પ્રયાસ કરાશે. આ પછી દ્વિપક્ષીય વેપાર કરાર (બીટીએ) માટે વિધિવત રીતે મંત્રણા ચાલુ થશે.

બંને દેશો વચ્ચેની પ્રથમ રૂબરુ મંત્રણા માટે ભારતીય ટીમની આગેવાની વાણિજ્ય વિભાગમાં અધિક સચિવ રાજેશ અગ્રવાલ કરશે. અગ્રવાલની ૧૮ એપ્રિલે નવા વાણિજ્ય સચિવ તરીકે નિમણૂક કરાઈ હતી અને તેઓ ૧ ઓક્ટોબરથી પદ સંભાળશે. અધિકારીએ જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચે ટેરિફ, નોન ટેરિફ અવરોધ, રૂલ ઓફ ઓરિજિન, ગૂડ્સ, સર્વિસ, કસ્ટમ સરળતા અને નિયમનકારી સહિતના મુદ્દે મંત્રણા થશે. વેપાર કરારની સામાન્ય રૂપરેખા પર ચર્ચા થશે, જેથી ૯૦ દિવસમાં તેને આખરી ઓપ આપી શકાય.

વોશિંગ્ટનમાં આ ત્રણ દિવસની મંત્રણાનું વિશેષ મહત્ત્વ છે, કારણ કે તાજેતરમાં એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ટ્રમ્પ વહીવટીતંત્રે જાહેર કરેલ ૯૦ દિવસના ટેરિફ વિરામમાં બંને દેશો વચ્ચે એક વચગાળાનો વેપાર કરાર થઈ શકે છે. જોકે તે બંને દેશો માટે ફાયદાકારક હોવો જોઈએ. ગયા મહિને બંને દેશો વચ્ચે વેપાર મંત્રણા થઈ હતી. ૨૫થી ૨૯ માર્ચે અમેરિકાના દક્ષિણ અને મધ્ય એશિયાના સહાયક વેપાર પ્રતિનિધિ બ્રેન્ડન લીન્ચની આગેવાની હેઠળનું એક પ્રતિનિમંડળ ભારત આવ્યું હતું. બંને દેશો ૯૦ દિવસની ટેરિફ વિરામનો ઉપયોગ કરવા માટે આતુર છે.

## રશિયન પ્રમુખ પુતિનનું મોટું એલાન, ઈસ્ટરના અવસરે યુક્રેન વિરુદ્ધ યુદ્ધવિરામની જાહેરાત

(એજન્સી દ્વારા)મોસ્કો : રશિયાના રાષ્ટ્ર પ્રમુખ વ્લાદિમીર પુતિને ઈસ્ટર નિમિત્તે યુદ્ધવિરામની જાહેરાત કરી છે. રશિયા તરફથી એકતરફી યુદ્ધવિરામની જાહેરાત કરતા પુતિને રશિયન સૈનિકો સાથે સ્થાનિક સમયાનુસાર શનિવારે સાંજે ૬ વાગ્યાથી રવિવારના અંત સુધી કોઈપણ હુમલો ન કરવાનો આદેશ કર્યો છે. પુતિને કહ્યું કે, ‘મને આશા છે કે, યુક્રેન પણ રશિયાના નિર્ણયનું સન્માન કરશે અને યુદ્ધવિરામનો સહયોગ કરશે. જોકે, પુતિનની સેનાને યુક્રેન તરફથી કોઈપણ હુમલા માટે તૈયાર રહેવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે. પુતિને રશિયાના સૈન્ય પ્રમુખ વાલેરી ગેરાસિમાવને આદેશ આપ્યો છે કે, તે રશિયાના સૈનિકો દ્વારા યુદ્ધવિરામના કોઈપણ ઉલ્લંઘનને રોકવા માટે તૈયાર રાખે. ક્રેમલિને પુતિનને ટાંકીને કહ્યું કે, ‘રશિયા માનવીય વિચારોથી પ્રેરિત થઈને ઈસ્ટર સુધી યુદ્ધવિરામની જાહેરાત કરે છે. હું આદેશ આપું છું કે, આ સમયગાળા માટે તમામ સૈન્ય કાર્યવાહી રોકી દેવાશે. અમે આશા કરીએ છીએ કે, યુક્રેની પક્ષ અમારા ઉદાહરણનું અનુસર કરશે. સાથે જ, અમારા સૈનિકોને યુદ્ધવિરામના સંભવિત ઉલ્લંઘન અને દુશ્મન તરફથી કોઈપણ પ્રકારે ઉશ્કેરણી અથવા આક્રમક થવાથી રોકવા માટે તૈયાર રહેવું જોઈએ.આ દરમિયાન પુતિને યુક્રેન પર અનેક મોટા આરોપ લગાવ્યા છે. રશિયાના રાષ્ટ્ર પ્રમુખ પુતિને કહ્યું કે, યુક્રેને હાલમાં જ એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલો ન કરવાના કરારનો ૧૦૦ થી વધુ વખત ઉલ્લંઘન કર્યો છે. આ પહેલાં રશિયાએ શુક્રવારે યુક્રેનના ઊર્જા ઠેકાણા પર હુમલો કરવા પ્રતિબંધને ખતમ કરવાનું એલાન કર્યું છે. જણાવી દઈએ કે, યુક્રેન અને રશિયા બંનેએ એકબીજા પર આ કરાર તોડવાનો

**અનુસંધાન પાના નં.૪ પર**

## ૧૯ વર્ષ પછી ઉદ્ધવ-રાજ ઠાકરે ફરી એક થશે!

નવી દિલ્હી : મહારાષ્ટ્રમાં ૧૯ વર્ષ પછી ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે ફરી એકવાર થઈ શકે છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરેએ આ સંકેત આપ્યો છે. રાજ ઠાકરેએ કહ્યું કે, અમારી વચ્ચે રાજકીય મતભેદો છે, વિવાદો છે, ઝઘડા છે, પરંતુ મહારાષ્ટ્ર સામે આ બધી ખૂબ જ નાની વાતો છે. મહારાષ્ટ્ર અને મરાઠી લોકોના હિત માટે સાથે આવવું એ કોઈ મોટી મુશ્કેલી નથી.બન્ને નેતાઓએ તેમની વચ્ચે સમાધાનના સંકેતો આપ્યા છે. બીજી બાજુ ઉદ્ધવે પણ કહ્યું છે કે તેઓ નાના-મોટા ઝઘડાને અવગણવા તૈયાર છે.

## ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓનો અમેરિકામાં જબરદસ્ત વિરોધ : હજારો લોકો રસ્તાઓ પર ઉતરી આવ્યા

વોશિંગટન : રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓનો અમેરિકામાં ખૂબ વિરોધ થઈ રહ્યો છે. અમેરિકામાં હજારો લોકો શનિવારે ફરી એક વાર રેલી કાઢી રહ્યા છે. એક પ્રદર્શનકારીએ જણાવ્યું કે અમે દેશ ખોઈ રહ્યા છીએ. ધ ન્યૂયોર્ક ટાઈમ્સે કહ્યું કે, પ્રદર્શનકારી ટ્રમ્પની નીતિઓ પર નિરાશા વ્યક્ત કરવા માટે રસ્તા પર ઉતરી આવ્યા છીએ. આ નીતિઓમાં ટ્રમ્પ પ્રશાસન દ્વારા ટેરિફ લગાવવા અને તેમની અન્ય ધમકીઓ સામેલ છે.જોકે, ન્યૂ યોર્ક, વોશિંગ્ટન અને શિકાગો જેવા શહેરોમાં ૫ એપ્રિલના રોજ થયેલા વિરોધ પ્રદર્શનો કરતાં






શનિવારે ઓછા લોકો એકઠા થયા હતા. ન્યૂ યોર્ક ટાઈમ્સે જણાવ્યું હતું કે ફ્લોરિડાના જેક્સનવિલેથી લોસ એન્જલસ સુધી, દેશભરમાં ૭૦૦ થી વધુ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિરોધીઓએ રાષ્ટ્રપતિ ટ્રમ્પ પર નાગરિક સ્વતંત્રતાઓ અને કાયદાના શાસનને કચડી નાખવાનો આરોપ લગાવ્યો. હજારો લોકોએ વોશિંગ્ટન સ્મારકથી કૂચ કરી. “મને ચિંતા છે કે વહીવટીતંત્ર યોગ્ય પ્રક્રિયા વિના ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કરવાનું બંધ કરશે નહીં અને અમેરિકન નાગરિકોને કેદ કરશે અને દેશનિકાલ કરશે,” વોશિંગ્ટનમાં રેલીમાં ભાગ લેનારા પ્રદર્શનકારી એરોન બર્કે જણાવ્યું હતું. તેણે કહ્યું, ‘એ ક્યાં અટકશે?’ બર્કે એમ પણ કહ્યું કે તેમની પુત્રી ટ્રાન્સજેન્ડર છે અને તે લઘુમતીઓના અમાનવીયકરણ વિશે સૌથી વધુ ચિંતિત છે. વિરોધીઓ જેક્સનવિલે અને ફ્લોરિડામાં સેંકડો લોકો LGBTQ સમુદાય પર રાષ્ટ્રપતિના હુમલાઓ અને કાયદામાં ફેરફાર કરવાની સરકારની ઈચ્છા સહિત વિવિધ કારણોસર વિરોધ કરવા માટે રસ્તાઓ પર ઉતર્યા હતા. “આપણે આપણો દેશ ગુમાવી રહ્યા છીએ,” એક પ્રદર્શનકારી, સારાહ હાર્વેએ કહ્યું. છેલ્લા કેટલાક મહિનાઓથી, તેમણે કહ્યું કે તેમણે એલોન મસ્કના નેતૃત્વમાં ફેડરલ નોકરીઓમાં કાપનો વિરોધ કર્યો છે અને ૫ એપ્રિલના રોજ દેશવ્યાપી વિરોધ પ્રદર્શનમાં હાજરી આપી છે.

## દિલ્હીને બદલે જયપુર પહોંચી ગઈ ઓમર અબ્દુલ્લાની ફ્લાઇટઃ J&Kના CM ગુસ્સે ભરાયા

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : લેન્ડિંગ પરવાનગી ન મળવાને કારણે જમ્મુ અને કાશ્મીરના સીએમ ઓમર અબ્દુલ્લા પહેલા દિલ્હી એરપોર્ટને બદલે જયપુર ઉતર્યા અને પછી દિલ્હી આવ્યા, જેના કારણે તેઓ ખૂબ ગુસ્સે દેખાતા હતા. તેમણે એક્સ પર તેની આલોચના કરી છે. દિલ્હી જતી ફ્લાઈટ પણ મંજીલ બની ગઈ જયપુર. જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાને લઈ જતી ઈન્ડિગોની ફ્લાઈટ અચાનક દિલ્હીને બદલે જયપુરમાં ઉતરી, જેના કારણે સીએમ અબ્દુલ્લા પોતે ખૂબ ગુસ્સે દેખાતા હતા.તમને જણાવી દઈએ કે આ આખી ઘટના ત્યારે બની જ્યારે ઈન્ડિગોની એક ફ્લાઈટ જમ્મુથી દિલ્હી માટે રવાના થઈ હતી. પરંતુ દિલ્હી એરપોર્ટ પર ફ્લાઈટ્સની ભીડને કારણે તે સમયે લેન્ડિંગ માટે જગ્યા નહોતી, જેના કારણે ફ્લાઈટ દિલ્હીમાં લેન્ડ થઈ શકી નહીં અને તેને જયપુર તરફ વાળવામાં આવી, જ્યાં તે મોડી રાત્રે લગભગ ૧ વાગ્યે લેન્ડ થઈ.જયપુર એરપોર્ટ પર થોડો સમય રાહ જોયા પછી ફ્લાઈટ સવારે ૨ વાગ્યે ફરીથી દિલ્હી જવા રવાના થઈ અને અંતે

**અનુસંધાન પાના નં.૪ પર**

## ગુજરાત જાહેર સેવા આયોગની વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યા માટે આજે પરીક્ષા

**રાજ્યના ૨૧ જિલ્લાના ૪૦૫ કેન્દ્રો પર શાંતિપૂર્ણ રીતે પરીક્ષા નો પ્રારંભ : વર્ગ-૧ અને વર્ગ-૨ ની ૨૪૪ જગ્યા માટે ૯૭ હજાર ઉમેદવારો પરીક્ષા આપશે**

ગાંધીનગરઃ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વર્ગ-૧ અને વર્ગ-૨ ની આજે રાજ્યના ૨૧ જિલ્લાઓમાં ૪૦૫ કેન્દ્ર પર પરીક્ષા યોજાઇ છે. આ પરીક્ષા માટે ગુજરાત જાહેર સેવા આયોગ નું તંત્ર સંપૂર્ણ સજ્જ બન્યું છે. આજે લેવામાં આવેલી વર્ગ-૧ અને વર્ગ-૨ ની ૨૪૪ જગ્યાઓ માટે ૯૭ હજાર જેટલા ઉમેદવારો પરીક્ષા આપશે. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વર્ગ-૧ અને વર્ગ-૨ ની કુલ ૨૪૪ જગ્યાઓ માટે આજે યોજાયેલી પરીક્ષામાં પરીક્ષા આપવા પરીક્ષાર્થીઓ પરીક્ષા કેન્દ્રો પર પહોંચ્યા હતા. રાજ્યના ૨૧ જિલ્લાઓમાં ૪૦૫ પરીક્ષા કેન્દ્રો પર શાંતિપૂર્ણ રીતે પરીક્ષાનો પ્રારંભ થયો છે. વર્ગ-૧ અને વર્ગ-૨ ની આજે યોજાયેલી પરીક્ષામાં પરીક્ષા આપવા આવેલા પરીક્ષાર્થીઓ ને પોણા બે કલાક પહેલા પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. હાલ રાજ્યમાં કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે પરીક્ષાર્થીઓને ગરમીથી રાહત મળે તે માટે પોણા બે કલાક પહેલા વર્ગખંડમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વર્ગ-૧ ની ૩૯ અને વર્ગ-૨ ની ૧૬૮ જગ્યા માટે આજે પરીક્ષા યોજાઇ હતી. બપોરે ૧૨ વાગ્યાથી ૩ વાગ્યા સુધીમાં પરીક્ષા લેવાશે.

પરીક્ષા દરમિયાન કોઈપણ જાતની ગેરરીતી ન થાય તે માટે તમામ પરીક્ષા કેન્દ્રો પર ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સઘન ચેકિંગ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

## ઈડીની કાર્યવાહીથી ડરીશું નહીં, વકફની લડાઈ અમે જીતીશુંઃ ખડગે

નવી દિલ્હી : સોનિયા અને રાહુલ ગાંધી સહિતના પક્ષના નેતાઓ સામેની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની કાર્યવાહીથી કોંગ્રેસ ડરશે નહીં તેવો હુંકાર કરતાં પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે, ભાજપના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર સામેની વકફ કાયદા સામેની જંગમાં તેઓ વિજયી બનશે.

પક્ષના મહાસચિવો અને હોદ્દેદારોની બેઠકને સંબોધતા ખડગેએ જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટે વકફ કાયદા મામલે કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષોએ ઉભાં કરેલાં મુદ્દાઓને મહત્વ આપ્યું છે.

સરકાર પર આક્ષેપ મુકતાં તેમણે જણાવ્યું હતું કે, વકફ પ્રોપર્ટીઝમાં વિવાદો ઉભાં કરવા માટે સરકારે જાણી જોઈને વકફ બાય યુઝરનો મુદ્દો ઉઠાવ્યો છે. વકફ સુધારા બિલના વિરોધમાં કોંગ્રેસે સમગ્ર વિપક્ષને એકજૂથ કર્યો છે. સુપ્રીમ કોર્ટ આ કેસની સુનાવણી કરી રહી છે અને અમને વિશ્વાસ છે કે અમે આ લડાઈ જીતીશું. તેમણે કેન્દ્ર સરકાર પર વકફ મામલે લોકોને ગેરમાર્ગે દોરવાનો આક્ષેપ મુક્યો હતો.

નેશનલ હેરાલ્ડ કેસમાં ઈડીની ચાર્જશીટમાં કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીનું નામ દાખલ કરવાની અને દિલ્હી, લખનૌ તથા મુંબઈની નેશનલ હેરાલ્ડની સંપત્તિઓ જપ્ત કરવાની કાર્યવાહી બદલાની ભાવનાથી કરાઈ છે. તે લોકો ગમે તેના નામ ચાર્જશીટમાં મુકે પણ અમે તેનાથી ડરવાના નથી તેમ તેમણે ઉમેર્યું હતું. નેશનલ હેરાલ્ડ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે એક વિશેષ અદાલતમાં ફાઈલ કરેલી ચાર્જશીટમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્યો પર રૂ. ૯૮૮ કરોડના મની લોન્ડરિંગનો આક્ષેપ કર્યો છે.

### નેશનલ હેરાલ્ડ કેસ

## ફરી એક વખત ઇડી-અદાલત અને દેખાવોના ચક્કર શરૂ : આપણી એજન્સીઓ કયાં સુધી પોલીટીકલ કેલેન્ડર મુજબ કરતી રહેશે કામ ?

ગાંધીધામ : ૨૦૧૪માં ભાજપે જેને ‘દામાદ મોડેલ ઓફ ડેવલપમેન્ટ’ ગણાવ્યા હતા તો રોબર્ટ વાડ્રા સામેનો કેસ ૧૮ વર્ષથી ચાલે છે અને હજુ પુછપરછના તબકકે છે આ આપણી એજન્સીઓની કાર્યક્ષમતા છે. ફરી એક વખત ઈડી-અદાલત અને દેખાવોના ચકકર શરૂ થયા છે જે દિલ્હીની ચૂંટણી પૂર્વે આપણે આમ આદમી પાર્ટી માટે જોયા હતા, નેશનલ હેરલ્ડ કેસમાં સોનિયા અને રાહુલ ગાંધી ફસાઇ રહ્યા છે તે નિશ્ચિત છે પણ પ્રશ્ન એ ઉઠે છે કે શા માટે એજન્સીઓ પોલીટીકલ કેલેન્ડર મુજબ કામ કરે છે, દેશની અદાલતોનો સમય રાજકીય નેતાઓના કેસમાં જેટલો વેડફાય છે તેનાથી સામાન્ય માણસ



ન્યાયથી વંચિત રહી જાય છે છતાં પણ રીમોટ કંટ્રોલ દાબો તેમ કેસમાં સ્પીડ આવે અને ઓચિંતો પોઝ થઈ જાય તેવી સ્થિતિ જોવા મળે છે આમ હમામમાં સબ... હૈની વાત આપણા રાજકીય નેતાઓને અને કેન્દ્રીય એજન્સીઓને બરાબર લાગુ પડે છે કોંગ્રેસ કે સોનિયા અથવા રાહુલ ગાંધીને કલીનચીટનો સવાલ નથી તેઓએ કોંગ્રેસને ઘરની પેઢીની જેમ જ ચલાવી છે અને ચલાવી રહ્યા છે, પાંચ હજાર કરોડની કંપની નેશનલ હેરલ્ડમાં એવી તે શું જરૂર પડે કે પાંચ લાખની મુડી સામે નવી કંપની સ્થાપી અને નેશનલ હેરલ્ડના ૭૮ ટકા શેર ગાંધી કુટુંબના નામે કરી દીધા, જો નહેરૂ પર પ્રેમ હોત તો કંપનીને બચાવવા અનેક રસ્તા હતા પણ ખિસ્સામાં નાંખીને તેને કૌટુંબિક માલિકીની બનાવવા પાછળ લાંબા ગાળાનો ખેલ હશે તે નિશ્ચિત થાય છે અને હાથના કર્યા હૈયે વાગે તેમ કોંગ્રેસ અને ગાંધી કુટુંબ એક બાદ એક મુદ્દામાં ફસાઇ જાય છે તો દેખાવો કરે છે, કોંગ્રેસે જે ખોટુ કર્યુ છે અને ગાંધી કુટુંબના લાભાર્થે કર્યુ છે તેની કિંમત તેને ચુકવવી પડે તો આંસુ સારવા જેવું નથી જોકે આપણી એજન્સીઓ પણ કલીનચીટને લાયક નથી, રોબર્ટ વાડ્રા સામે ૨૦૦૮નો કેસ હવે ચાલે તે પણ આશ્ચર્ય છે નેશનલ હેરલ્ડ સહિતના કેસો ૧૦ વર્ષ જુના છે, સુપ્રીમ કોર્ટે જ અગાઉ કહ્યું હતું કે રાજકીય નેતાઓને સંડોવતા કેસોનો એક વર્ષમાં નિકાલ લાવો પણ તેમાં કોઇને રસ નથી કારણ કે આ તમામ કેસ ભ્રષ્ટાચારના હોય એટલે તે પોલીટીકલ શસ્ત્રો બની શકે છે અને મની લોન્ડ્રીંગ એકટ પણ ઘણી વખત સુપ્રીમની ટીકાનો ભોગ બની ગયો છે.અને છેલ્લે ભાજપ જો નાની વાત કરીએ તો ૨૦૧૪માં ભાજપના પ્રવકતા રવિશંકર પ્રસાદે રોબર્ટ વાડ્રાને દામાદ મોડેલ ઓફ ડેવલપમેન્ટ ગણાવ્યા હતા ૨૦૧૪માં સતા મળશે તો ૩૦ દિવસમાં દામાદ જેલમાં હશે તેવું કહ્યું હતું હવે આજે દામાદ ફ્રી છે અને પ્રશ્ન પૂછાઇ તો અદાલત અને એજન્સીઓને હવાલે કરી દેવાઇ છે, આમ પ્રજાએ આ બધાય રાજકીય ખેલ જોવાના છે.

## ઉત્તર ભારતમાં તબાહીના સંકેતો

**રાજ્યોમાં કરા, વીજળી અને તોફાન, હવામાને તબાહી મચાવી, IMD એલર્ટ**

નવી દીલ્હી : દેશના ઘણા ભાગોમાં હવામાન ઝડપથી બદલાઈ રહ્યું છે. ભારતીય હવામાન વિભાગ એ રવિવારે ઘણા રાજ્યોમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. ખાસ કરીને ઝારખંડ અને ઓડિશા સહિતના પહાડી રાજ્યોમાં વીજળી, કરા અને ભારે પવનની ચેતવણી જારી કરવામાં આવી છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઝારખંડમાં રવિવારે જોરદાર તોફાન અને વીજળી પડવાની સંભાવના છે. આ અંગે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તેવી જ રીતે ઉત્તરાખંડમાં ગાજવીજ, વીજળી, ભારે પવન અને કરા પડવાની ચેતવણી જારી કરવામાં આવી છે. IMD અનુસાર, પર્વતીય વિસ્તારોમાં હવામાન વધુ ખરાબ થઈ શકે છે.હવામાન વિભાગે જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં હિમવર્ષા અને ભારે તોફાની પવનની આગાહી કરી છે. જમ્મુ-કાશ્મીરમાં રવિવારે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે અને સોમવારે પણ આ જ સ્થિતિ રહી શકે છે. હિમાચલમાં પણ હિમવર્ષા અને વરસાદની અસર જોવા મળશે.

એક તરફ દેશના અનેક ભાગોમાં વરસાદ પડી રહ્યો છે તો બીજી તરફ ગુજરાત અને મધ્યપ્રદેશમાં હીટવેવની ચેતવણી જારી કરવામાં આવી છે. ગુજરાતમાં ધૂળની ડમરીઓ આવી શકે છે જ્યારે મધ્યપ્રદેશમાં જોરદાર ગરમ પવન ફૂંકાય તેવી શક્યતા છે. હાલ ગરમીમાંથી કોઈ રાહત નથી.

## કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય : ઈસરો દેશની સરહદે નજર રાખવા ૫૨ મિલિટરી સેટેલાઇટ લોન્ચ કરશે

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : ભારત સરકારે રાષ્ટ્રની સરહદી સુરક્ષા અને સચોટ માહિતી મેળવવાના હેતુસર ૫૨ મિલિટરી સેટેલાઈટ્સ તરતા મૂકવાનો અતિ મહત્વનો નિર્ણય કર્યો છે. આ તમામ ૫૨ મિલિટરી સેટેલાઈટ્સ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) દ્વારા તૈયાર થશે. ભારતના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ(સીડીએસ) જનરલ અનિલ ચૌહાણે આ માહિતી મનોહર પર્રિકર ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિફેન્સ સ્ટડીઝ એન્ડ એનાલીસીસ(નવી દિલ્હી) માં યોજાયેલા સમારોહમાં આપી છે. જનરલ અનિલ ચૌહાણે ભારત સરકારના આ મહત્વના નિર્ણયની વધુ વિગતો આપતાં કહ્યું છે કે બાવન મિલિટરી સેટેલાઈટ્સ તરતા મૂકવાનો મૂળ હેતુ દેશનાં લશ્કરી દળો માટે માર્ગદર્શક નીતિ તૈયાર કરવાનો છે. આવી માર્ગદર્શક નીતિ આવતા ત્રણ મહિનામાં તૈયાર થઈ જશે.આ મહત્વના નિર્ણયથી અને માર્ગદર્શક નીતિથી ભારત સ્પેસ પાવર બનવાની દિશામાં બહુ ઝડપભેર આગળ વધશે. આ તમામ ૫૨ મિલિટરી સેટેલાઈટ્સ ઈસરો ખાનગી ક્ષેત્રને સાથે રાખીને તૈયાર કરશે. વળી, આ મહત્વના નિર્ણયથી ઈસરો અને ખાનગી ક્ષેત્ર વચ્ચેનો સહકાર વધુ મજબૂત થશે. આ મિલિટરી સેટેલાસટ્સની મદદથી ભારતીય લશ્કર સરહદ નજીક અને તેની પેલે પાર થતી શંકાસ્પદ ગતિવિધિ, હિલચાલ, જોખમી પ્રવૃત્તિ વગેરેની સચોટ અને ઉપયોગી માહિતી મેળવી શકશે.

## આરટીઈ અંતર્ગત ૧૬ હજારથી વધુ અરજી અમાન્ય

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર : રાઈટ ટુ એજ્યુકેશન પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત કરાયેલી ઓનલાઈન અરજીઓમાં ૧૬ હજારથી વધુ ઓનલાઈન અરજીઓ અમાન્ય જાહેર થઈ છે. અરજી અમાન્ય થઈ હોય તેવા અરજદારો ૨૧મીથી ૨૩મી એપ્રિલ દરમિયાન જરૂરિયાત મુજબ ફરી અરજી કરી શકશે. બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા લેખે ધોરણ ૧માં નબળા-વંચિત જૂથના બાળકોને પ્રવેશ આપવા ૧૯મી ફેબ્રુઆરીના જાહેરાત બહાર પાડી પ્રવેશ પ્રક્રિયા શરૂ કરાઈ હતી. ૧૫મી એપ્રિલ સુધી એકંદરે ૨,૩૮,૯૧૬ જેટલી ઓનલાઈન અરજી મળી હતી. ઓનલાઈન અરજીની ચકાસણી દરમિયાન ૧૬,૯૨૬ જેટલી અરજીઓ વિવિધ કારણોસર અમાન્ય ગણાઈ છે. જે અરજદારોની ઓનલાઈન અરજી અમાન્ય થઈ છે. આ અરજદારો ૨૧મીથી ૨૩મી એપ્રિલ દરમિયાન આરટીઈના વેબપોર્ટલ પર જઈને

**અનુસંધાન પાના નં.૪ પર**

## દુશ્મન ધ્રૂજશે : ભારત-ફ્રાન્સ ૨૮ એપ્રિલે ૨૬ રાફેલ-મરીન જેટ ડીલ પર હસ્તાક્ષર કરશે

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : ભારત અને ફ્રાન્સ ૨૮ એપ્રિલે ભારતીય નૌકાદળ માટે ૨૬ રાફેલ-મરીન ફાઈટર જેટ ખરીદવા માટે સૌથી મોટા સંરક્ષણ સોદા પર હસ્તાક્ષર કરવા જઈ રહ્યા છે. આ પ્રસંગે ફ્રાન્સના સંરક્ષણ પ્રધાન સેબેસ્ટિયન લેકોર્નુ પણ હાજર રહેશે. સંરક્ષણ સૂત્રોએ જણાવ્યું હતું કે ૬૩,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના સોદા પર હસ્તાક્ષર કરવા માટે બંને પક્ષોના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહેશે. સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે આ કાર્યક્રમ સાઉથ બ્લોકમાં સંરક્ષણ મંત્રાલયના મુખ્યાલયની બહાર આયોજિત કરવામાં આવશે.



ફ્રેન્ચ મંત્રી રવિવારે સાંજે ભારત આવે તેવી અપેક્ષા છે અને સોમવારે મોડી સાંજે પોતાના વતન પરત ફરશે. આ મહિનાની ૯મી તારીખે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિમાં ભારતે ૨૬ રાફેલ-મરીન ફાઈટર જેટ માટે ફ્રાન્સ સાથેના તેના સૌથી મોટા સંરક્ષણ સોદાને મંજૂરી આપી હતી.ભારતીય વાયુસેના પાસે પહેલાથી જ એક અલગ સોદા હેઠળ ૩૬ રાફેલ જેટનો કાફલો છે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
તંત્રી સ્થાનેથી....
ચૈત્ર વદ-૭, તા.૨૦ એપ્રિલ, રવિવાર

# શું ટ્રમ્પ ફરીથી રશિયાને શકિતશાળી બનાવશે?

અમેરિકામાં સત્તા સંભાળ્યા બાદ ટ્રમ્પ જે રીતે યુક્રેન અને રશિયાનું યુધ્ધ ખત્મ કરાવવા ડિપ્લોમસીના લાંબા માર્ગને બદલે દાદાગીરીના ટુંકા માર્ગ પર જઇ રહ્યા છે તેનાથી અમેરિકાના અખબારો પણ હવે કહે છે કે શું ટ્રમ્પ રશિયાને ફરી તાકાતવાર બનાવવા માંગે છે ! ખુદ પુતિન પોતાની ગેમ રમી રહ્યા છે અને યુક્રેનએ બંનેનું પ્યાદુ બની ગયું છે, રશિયા યુધ્ધને એમ વહેલું સમાપ્ત થવા દેશે નહીં પુતિનને રશિયાના પૂર્વ શાસક સ્ટાલીને ડિપ્લોમસીની ગળથૂંથી પાઇ હોય તેવું જણાય છે.જો ઈતિહાસ જોઇએ તો બીજા વિશ્વ યુધ્ધમાં રશિયાએ અર્ધુ યુરોપ પોતાનુ કરી દીધુ હતું, ખુદ ભારત પણ આ સ્થિતિનો શિકાર બન્યો છે જયારે ચીને ૧૯૬૨માં ભારત પર આક્રમણ કરીને હજારો કિલોમીટર વિસ્તાર કબ્જે કર્યો અને આજે તે ચીનનો ભાગ બની ગયો છે એટલું જ નહીં ૧૯૬૫થી ૧૯૯૯ના પાકિસ્તાન સુધીના યુધ્ધમાં ભારતીય સૈન્યએ પાક. ભૂમિ ઉપર છેક લાહોર સુધી કબ્જો કર્યો હતો, હજારો પાકિસ્તાની સૈનિકો ભારતના શરણે આવ્યા હતા કારગીલ યુધ્ધ સમયે પાકિસ્તાની સૈનિકોને હિમ પહાડોને ફસાવવામાં ભારતીય સૈન્ય સફળ રહ્યું હતું આ તમામ પરિસ્થિતિનો ડિપ્લોમસીમાં બેખુબીથી ઉપયોગ થયો હોત તો આજે કાશ્મીર સમસ્યા જ ન રહી હોત પણ ભારતે ભુલ કરી પુતિન તે કરવા માંગતા નથી.પુતિન ઈચ્છે છે કે યુક્રેન નાટો ન ભળે, અમેરિકાએ તે સ્વીકારી લીધુ અને યુક્રેનનું ભવિષ્ય રશિયાના હવાલે કરી દીધુ, પુતિન યુક્રેનની શકય એટલી ભૂમિ પોતાની પાસે રાખશે, અમેરિકા તેમા સોદાબાજી કરવા તૈયાર છે, પુતિન ઈચ્છે છે કે યુક્રેન સાથેના તમામ લશ્કરી અને ઈન્ટેલિજન્સ સંબંધો પણ પશ્ચિમી દેશો તોડી નાંખે આમ તે કાયમ માટે યુરોપ પર રશિયાનો ભય સર્જવા તૈયાર છે અને ટ્રમ્પ તેમાં મદદ કરી રહ્યા હોય તેવી પરિસ્થિતિ છે, અમેરિકી થીન્ક ટેન્ક કહે છે કે ભવિષ્યમાં જે રીતે ચાઇના પોલીસીમાં થાપ ખાધી તે જ સ્થિતિ રશિયા સાથે બની શકે છે.યુધ્ધ ભૂમિમાં સૈનિકો જે મેળવે છે તે વાટાઘાટના ટેબલ પર રાજનેતાઓ ગુમાવી દે છે.

બાળકોને મોબાઇલ આપી નજર ન રાખતા વાલીઓ માટે ચોંકાવનારો બનાવ

# ‘મારે કંઈક બનવું છે’ કહી અંજારમાં ૧૫ વર્ષીય સગીરા ઘરેથી નીકળી ગઇ, પોલીસે ભાવનગરથી શોધી

**કિશોરીનો પરિવાર મજૂરી કરીને ચલાવે છે ગુજરાન, અંજાર પોલીસે ખંતપૂર્વક કરેલી મહેનતનઃ અંજાર પીઆઈ એ.આર.ગોહિલે પોલીસ પ્રજાનો મિત્ર છે એ ઉક્તિને ખરા અર્થમાં કરી સાર્થક**

ભુજ : આજકાલ બાળકો રડવા લાગે ત્યાં વાલી મોબાઈલ પકડાવી દે છે. નાનપણથી જ બાળકોને મોબાઈલ સાથે એટલું વળગણ થઈ જાય છે કે તેઓ મોબાઈલ ને જ પોતાની દુનિયા સમજી બેસે અને સોશીયલ મીડિયામાં આવતા રિલ્સનું પોતાના જીવનમાં અમલીકરણ કરવાનું શરૂ કરે છે પણ રિલ અને રિયલ લાઈફમાં રહેલો બાળકોને સમજાતો નથી. આવો જ એક વાલીઓ માટે ચોંકાવનારો બનાવ અંજારમાં સામે આવ્યો છે જ્યાં વરસામેડી શાંતીધામ વિસ્તારમાંથી ૧૫ વર્ષની બાળકી ગુમ થઈ હતી જેનું પોલીસે પરિવાર સાથે સફળ મિલન કરાવ્યું છે.આ બાબતે મળતી માહિતી પ્રમાણે, ૧૭ એપ્રિલના અંજાર પોલીસ સ્ટેશન વિસ્તારના શાંતિધામ વરસામેડી વિસ્તારમા રહેતી એક બાળકી કોઈને કાંઈ કહ્યા વગર ઘરેથી નીકળી ગઈ હતી. આ બાળકીનો પરિવાર આર્થિક રીતે નબળી પરિસ્થિતિમાંથી આવે છે, તેના માતા-પિતા મજુરી કામ કરી આજીવિકા ચલાવે છે. આ સગીર બાળકીએ પોતાના ઘરે ચિઠ્ઠી મુકી જણાવ્યું હતું કે, તે ઘરે કંટાળી ગઇ છે પોતે કાંઇક બનવા માટે જાય છે અને ચાર-પાંચ વર્ષ પછી પોતાના પગ પર ઉભી થઈ પરત આવશે જેથી ગભરાયેલા પરિવારજનોએ અંજાર પોલીસ સ્ટેશન ખાતે આ બનાવની જાણ કરી હતી. બનાવની ગંભીરતાને ધ્યાને લઈ પૂર્વ કચ્છ એસપી સાગર બાગમાર તથા અંજાર ડીવાયએસપી મુકેશ ચૌધરીએ ગુમ બાળકીને શોધી કાઢવા જરૂરી સુચના આપી હતી. અંજાર પોલીસ સ્ટેશનના પીઆઈ એ.આર.ગોહીલે આ બનાવમાં અલગ અલગ ટીમો બનાવી પોલીસ સ્ટાફના માણસોને સુચના આપી જેથી ટીમ દ્વારા સીસીટીવી ફૂટેજ, ટેકનીકલ એનાલીસીસ અને હ્યુમન સોર્સિસના આધારે માહિતી એકત્ર કરી જેમાં જાણવા મળ્યું કે, સગીર બાળકી હાલે ભાવનગર પહોંચી ગઇ છે અને ભાવનગર બસ સ્ટેન્ડમાં છે જેથી ઉપરી અધિકારીઓની મંજૂરી લઈ પોલીસ ટીમ વાલીઓને સાથે રાખી ભાવનગર પહોંચી અને ગણતરીના કલાકોમાં સગીર બાળકીને ભાવનગર ખાતેથી શોધી અંજાર પોલીસ સ્ટેશન ખાતે લાવતા બાળકી અને પરિવારજનોનું ભાવવાહી મિલન થયુ હતું. અંજાર પોલીસની સમયસૂચકતા અને સમર્પણથી પરિવારજનોને તેમની બાળકી પરત મળી જેથી પરિવારે પોલીસનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો અને પોલીસે વાલીઓને તેમના બાળકોની સારસંભાળ રાખવા સલાહ આપી હતી. આ ઘટના દ્વારા અંજાર પોલીસે સેવા અને સુરક્ષાનું ઉત્તરદાયિત્વ નિભાવી, પ્રજા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા સાબિત કરી છે.

આ કામગીરીમાં પીઆઈની સાથે પીએસઆઈ એસ.જી.વાળા તથા અંજાર પોલીસ સ્ટાફના માણસો જોડાયા હતા.

## સગીરા ઇન્સ્ટાગ્રામની રીલ્સના પ્રભાવમાં હતી

પૂછપરછ દરમિયાન સગીર બાળકીએ જણાવ્યું કે, સોશિયલ મીડિયા રીલ્સથી પ્રભાવિત થઈ, ઘરે કંટાળો અનુભવતા અને જીવનમાં મોટું બનવાના સપના સાથે તે ઘરેથી નીકળી ગઈ હતી. આ ઘટના સોશિયલ મીડિયાના અનિયંત્રિત ઉપયોગ અને માતા-પિતાની દેખરેખમાં રહેલી ખામીને ઉજાગર કરે છે,જે સમાજ માટે ચેતવણીરૂપ છે.

# માંડવીમાં ૭૦ વર્ષિય સાધુ પાસેથી ૨૪૭ ગ્રામ ચરસ મળી આવ્યું



માંડવી : બંદરીય શહેર માંડવીમાં એસઓજીએ દરોડો પાડી ચરસનો મુદામાલ કબ્જે કર્યો હતો. બાતમીના આધારે પોર્ટ રોડ પર રામેશ્વર મંદિરના પાછળના ભાગે આવેલા મકાનમાં દરોડો પાડતાં ૭૦ વર્ષિય કિશોરદાસ કાસીરામદાસ સાધુ પાસેથી ૨૪૭ ગ્રામ ચરસ મળી આવ્યું હતું. આ ઉપરાંત મોબાઈલ, રોકડા રૂપિયા ૩૧,૫૦૦ અને વજન કાંટો મળી કુલ ૭૨,૫૫૦નો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો છે. દરમિયાન પોલીસ સુત્રોના કહેવા પ્રમાણે આરોપીએ આઠ મહિના અગાઉ બાડા ગામના રમજુ ફકીરા કોલી પાસેથી ૧૦ હજારમાં ચરસ ખરીદયું હતું. જેનું છુટક વેચાણ કરાયું હતું. ઉપરાંત તપાસમાં સામે આવ્યું કે, બાડાનો શખ્સ દરિયામાં તણાઈને આવેલા પેકેટનો વેપલો કરતો હતો. અગાઉ એક પેકેટ વેચી દિધા બાદ બીજા પેકેટમાંથી માત્ર ૨૪૭ ગ્રામ જથ્થો બચ્યો હતો. આ રમજુએ દરિયામાંથી મળી આવેલા ડ્રગ્સના પેકેટનો કેટલો વેપાર કર્યો છે તેની ધરપકડ બાદ સામે આવશે. હાલ માંડવી પોલીસમાં એનડીપીએસની કલમો તળે ગુનો દાખલ કરાયો છે.

# ખાવડાની કંપનીમાંથી બ્રાસના બુચની ચોરી કરનાર ત્રણ વ્યક્તિ પકડાયા



ભુજ : તાલુકાના ખાવડા ખાતે આવેલી કંપનીમાંથી બ્રાસના બુચની ચોરી કરનારા ત્રણ વ્યક્તિને પકડી લેવામાં આવ્યા હતા. એલસીબીએ બાતમીના આધારે ખાવડા ખાતે દરોડો પાડી આરોપીઓની પુછપરછ કરતાં ચોરીની કબૂલાત આપી હતી. પોલીસે ખાવડાના અયુબ ઈબ્રાહીમ કુંભાર, ઈકબાલ ઓરસ કુંભાર, અનવર તૈયબ સમાને ઝડપી લીધા હતા. આરોપીઓએ કબૂલાત આપી કે, તેઓ સોલારીશ કેમીકલ કંપનીમાં કામ કરે છે. પંપના મેઈન્ટેન્સ માટેનું કામ તેઓ પાસે છે. જેમાં વપરાતા બ્રાસના બૂચની તેઓએ ચોરી કરી હતી. કંપનીમાંથી પાર્ટ બહાર લાવી વેચાણ માટે ઐયુબ ઈબ્રાહીમ કુંભારને આપ્યા હતા. જેથી પોલીસે ત્રણેયને ધરપકડ કરી ખાવડા પોલીસને હવાલે કર્યા છે. આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# ગાંધીધામ અને અંજારમાં મેચ પર સટ્ટો રમતા બે શખ્સો પકડાયા

ગાંધીધામ : હાલે આઈપીએલ ટૂર્નામેન્ટ ચાલી રહી છે, ત્યારે સટ્ટોડિયાઓ દ્વારા મેચ પર સટ્ટો રમી રહ્યા છે. ત્યારે ગાંધીધામ અને અંજારમાં ઓનલાઈન સટ્ટો રમતા બે શખ્સો પકડાયા હતા. આ અંગે ગાંધીધામ એ ડિવિઝન પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી. ત્યારે બાતમી મળી હતી કે, શહેરના ખન્નામાર્કેટ મધ્યે ગુરૂદ્વારા સામે મસાલા માર્કેટમાં આદિપુરના આરોપી હાર્દિક રસીક ઠક્કર મોબાઈલ ફોનમાં આઈપીએલમાં ચાલતી દિલ્હી અને ગુજરાતની વચ્ચેની લાઈવ ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટો રમતો હોવાની બાતમી મળી હતી. જેથી પોલીસે દરોડો પાડીને આરોપીની ધરપકડ કરી હતી. અને તેની પાસેથી મોબાઈલ ફોન કબ્જે કરી લીધો હતો. આરોપીની પુછપરછમાં ગાંધીધામના ભરત અખાણી પાસેથી રોકડા રૂપિયા ચુકવીને આઈડી મેળવી હતી. અન્ય એક દરોડામાં પોલીસે ડીબીઝેડ બેંક પાસે સર્વિસ રોડ પર હાજર આરોપી પુનીત નટવર ઠક્કર (રહે અંજાર)ની તપાસ કરતા આરોપી પાસેથી ઓનલાઈન વેબસાઈટ મારફતે આઈપીએલની લાઈવ મેચ પર ક્રિકેટ સટ્ટો રમતો હતો. જેથી તેની પાસેથી મોબાઈલ ફોન, ૧૫ હજાર કબ્જે કરી ધપરડક કરાઈ હતી. તો તેની પુછપરછમાં આ આઈડી મુંબઈ રહેતો લવ ભરત તન્ના પાસેથી મેળવી હતી અને આંગડિયાથી નાણાનું ચુકવણુ કરતો હોવાનું કહ્યું હતું. જેથી બંને બનાવમાં ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## કનૈયાબે નજીકના બે પેટ્રોલપંપ પરથી રોકડા સવા લાખ ચોરાયા

ભુજ : તાલુકાના કનૈયાબે નજીક આવેલા બે પેટ્રોલપમ્પમાં ચોરી થતા ચકચાર મચી ગઇ હતી. ભુજ-ભચાઉ હાઈવે માર્ગ પર કનૈયાબે નજીક આવેલા બે પેટ્રોલપંપની ઓફીસમાંથી ચોરી થઈ હતી.અજાણ્યો તસ્કર રૂપિયા ૧.૨૫ લાખની ઉઠાંતરી કરી ગયો હતો. ચાંદ્રાણી ગામના ફરિયાદી મહાદેવભાઈ કાનજીભાઈ ચાડે પદ્ધર પોલીસ મથકે અજાણ્યા ચોર સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે , તેમની દેખરેખ હેઠળના યદુનંદન ફયુઅલ સ્ટેશન પર આવેલી ઓફીસમાંથી ચોર ઈસમ રૂપિયા ૧.૧૦ લાખની ઉઠાંતરી કરી ગયો હતો જયારે નજીકમાં આવેલા યદુનંદન નાયરા પેટ્રોલપંપ પરની ઓફીસમાંથી પણ રોકડ રૂપિયા ૧૫ હજારની ચોરી થઇ હતી જેથી ગુનો દાખલ કરાવ્યો હતો. પમ્પમાંથી ચોરી થતા ચકચાર મચી ગઇ હતી.

# ચોપડવા પાસે ટ્રક-ડમ્પરના અકસ્માતમાં ટ્રક ચાલકનું મોત

ભચાઉ : ચોપડવા બ્રિજ પાસે ટ્રક કંટ્રોલ ન થતાં આગળ જતા ડમ્પરમાં અથડાતા ટ્રક ચાલકનું મોત થયું હતું. આ અંગે પોલીસમાં બનાસકાંઠાના ચાંદરવાના ધનજીભાઈ સજાભાઈ ગામોટે જણાવ્યું હતું કે, તેમના ભાઈ ભરતભાઈ સૂરજબારીથી ટ્રકમાં મીઠું લોડ કરીને કંડલા જઈ રહ્યા હતા. ત્યારે ચોપડવા બ્રિજ પાસે તેઓ ડમ્પરમાં અથડાઈ જતાં તેમને પગમાં ફ્રેકચર અને પેટના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. જેથી સારવાર માટે આદિપુર લઈ આવ્યા હતા. સારવાર કારગત નિવડે તે પહેલા જ તેમનું મોત થયું હતું. જેથી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.




## ગાંધીધામમાં ગોડાઉનમાંથી ૪ લાખના ચોખા ચોરાયા

ગાંધીધામ : અહીના ગુજરાત હાઉસીંગ બોર્ડ સામે આવેલા ગોડાઉનમાંથી ૪ લાખના ચોખા ચોરી થતાં ફરિયાદ નોંધાવી હતી. ગાંધીધામ બી ડિવિઝન પોલીસ મથકેથી મળતી વિગતો મુજબ તા. ૮થી ૧૫ એપ્રિલ દરમિયાન ચોરીનો બનાવ બન્યો હતો. લીલાધર પાસુ ફોરવર્ડસ પ્રા.લિ. કંપનીએ ભાડે રાખેલા એસ પોદાર ઈન્ટરનેશનલ ઈન્ડિયા પ્રા. લિ.ના ગોડાઉન નંબર ૧૬માંથી કોઈ અજાણ્યા ઈસમો ત્રાટકયા હતા. તસ્કરોએ પાછળનું શટર ખોલી ૪,૦૮,૦૦૦ના ૧૨૦ બોરી બાસમતી ચોખાની ચોરી કરી આરોપીઓ પલાયન થઈ ગયા છે. સીસીટીવી કેમેરા બે આરોપીઓ કેદ થયા છે.

## અંજારમાં બે મકાનમાંથી ૬૬ હજારની ચોરી કરાઈ

અંજાર : શહેરમાં ધોળા દિવસે બે બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો રૂા. ૬૬,૭૦૦ની માલમતા ચોરી ગયા હતા. નવાનગરમાં બપોરે ૧થી ૪ વાગ્યાના અરસામાં ચોરીનો બનાવ બન્યો હતો. ફરીયાદી ધરમશી કમાભાઈ સિંધલે અજાણ્યા આરોપી વિરુદ્ધ ગુનો નોંધાવતા જણાવ્યું કે, તેમના મકાનમાંથી ચાંદીની ઝાંઝરી ૧૦ ગ્રામ કિં. રૂા.૧૨૦૦, સોનાનો ઓમ કિં. રૂા.૩૫૦૦ તથા કબાટમાંથી રોકડા રૂા.૫૦ હજારની ચોરી થઈ હતી ફરિયાદીની બાજુમાં રહેતા નારણભાઈ વેરશીભાઈ વણકરનાં મકાનમાંથી રોકડા રૂા. ૧૨ હજારની ચોરી થઈ હતી. ચોરીના ગુનામાં સામેલ આરોપીને પકડી પાડવા પોલીસે તપાસ હાથ ધરી છે.

## ભચાઉમાં જુગાર રમતા ત્રણ પકડાયા

ભચાઉ : શહેરની સર્વોદય સોસાયટીમાં ટાવર પાસે આવેલાં મેદાનમાં ગંજીપાના વડે જુગાર રમાતો હોવાની પૂર્વ બાતમી આધારે પોલીસે દરોડો પાડયો હતો. આ કાર્યવાહીમાં આરોપી પાર્વતીબેન નાગજીભાઈ ચૌહાણ, હંસાબેન સામજીભાઈ રાજપૂત અને અમીનાબેન અબ્દુલભાઈ ફકીરની પોલીસે જુગાર રમવાના આરોપસર અટકાયત કરી હતી. તહોમતદારો પાસેથી રોકડા રૂા.૧૦,૫૦૦નો મુદ્દામાલ હસ્તગત કરાયો હતો

# દારૂના ગુનામાં સુઇ ગામના યુવકને પકડી લેવાયો



ગાંધીધામ : રાપર તાલુકાના બાલાસર પોલીસમાં નોંધાયેલા દારૂના ગુના કામે ફરાર આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો.

પૂર્વ કચ્છમાં નાસતા ફરતા આરોપીઓને પકડવાની ઝુંબેશ અંતર્ગત આરોપી મૂળ બનાસકાંઠાના સુઈ ગામના કિશનભાઈ અમરશીભાઈ સોલંકીને મહેસાણા ખાતે ઝડપીને આગળની કાર્યવાહી માટે બાલાસર પોલીસને હવાલે કરાયો છે. આરોપીએ કોર્ટમાં આગોતરા જામીન મેળવ્યા હતા. જો કે, તેણે આગોતરા જામીનની શરતોનું પાલન ન કરતાં બાલાસર પોલીસ દ્વારા તેના આગોતરા જામીન રદ કરાવવા માટે કોર્ટમાં રિપોર્ટ કરાયો હતો. જેમાં અદાલતે તેના આગોતરા રદ કર્યા પછી આરોપી ગુનામાં નાસતો ફરતો હતો. જેથી પોલીસ દ્વારા ઝડપી લેવામાં આવ્યો છે.

# આદિપુરના ટાગોર રોડ પર અકસ્માતમાં ઘવાયેલી યુવતીનું મોત, મરણ આંક ૨ પર પહોંચ્યો

**અકસ્માત સર્જનાર એસટીની વોલ્વો બસનો ચાલક જામીન પર છૂટી ગયો**

ગાંધીધામ : શહેરના ટાગોર રોડ પર આદિપુર પાસે જનતા પેટ્રોલપંપ સામે એસટીની વોલ્વો બસે અકસ્માત સર્જ્યો હતો. આ બનાવમાં ગંભીર રીતે ઘવાયેલી અંકિતા ભરતભાઈ ઝીલરિયાએ સારવાર દરમ્યાન અંતિમ શ્વાસ લેતાં અરેરાટી ફેલાઈ હતી. આદિપુરમાં ગત તા. ૧૬/૪ના અકસ્માતનો બનાવ બન્યો હતો, જેમાં રસ્તો ઓળંગવા જતી યુવતીઓના મોપેડ અને બાદમાં બાઈકને એસટીની વોલ્વો બસે હડફેટે લીધા હતા, જેમા લક્ષ્મીનારાણ સાધુપલ્લી (ઉ.વ.૨૫)નું મૃત્યુ થયું હતું. આ બનાવમાં એક્ટિવા ચાલક અંકિતા ભરતભાઈ ઝીલરિયાને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી તેનું આદિપુર ડિવાઈન લાઈફ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું.અકસ્માતમાં ઈજાગ્રસ્ત સમીર રહીમ ત્રાયાની હાલ રાજકોટમાં સારવાર ચાલુ હોવાનું જાણવા મળ્યું છે.ઉલ્લેખનીય છે કે,બંને યુવતી તોલાણી કોલેજમાં અભ્યાસ કરે છે બંને સહેલી હતી અને કોલેજ જતી વેળાએ અકસ્માત નડ્યો હતો.તો આ ગમખ્વાર અકસ્માત કરનારા સુરેન્દ્રનગર જિલ્લાના લખતર વિસ્તારના આરોપી યોગરાજસિંહ બલભદ્રસિંહ રાણાની પોલીસે ગત તા.૧૬/૪ના ધરપકડ કરી હતી અને તા.૧૭/૪ના આરોપી જામીન ઉપર મુકત થયો હતો.ટાગોર રોડ પર વધી રહેલા અકસ્માતને પગલે લોકોમાં આક્રોશ ફેલાઈ ગયો છે અને અકસ્માત ઘટાડવા માટે પોલીસ અને મહાનગરપાલિકા પગલાં ભરે એવી માંગ કરી છે.

# મીઠીરોહર તથા ચુડવા ખાતેની સરકારી જમીન પર થયેલ ગેરકાયદેસર દબાણ દૂર કરાયું



ગાંધીધામ : તાલુકાના મીઠીરોહર તથા ચુડવા ખાતેની સરકારી જમીન પર થયેલ ગેરકાયદેસર દબાણ દૂર કરાયું હતું.

જાણવા મળતી વિગતો અનુસાર ગાંધીધામ તાલુકાના મીઠીરોહર ગામે ટ્રા.સં.નં. ૫૭૩ પૈકીની ૧૫૦૦ ચો.મી. જમીનમાં હનિફ ઈબ્રાહિમ સંઘારે પાકી ઓરડીઓ, વરંડો તથા પાકો શેડ બનાવી ફરતે દિવાલ કરી અનધિકૃત રીતે બાંધકામ કર્યું હતું.

આ ઉપરાંત ચૂડવા ગામે જુશા કોરેજાએ ટ્રા.સ.નં. ૨૪૩ પૈકીની એ.૫૦.૦૦.ગું. જેટલી જમીન ઉપર કબજો કરી તે જમીન ઉપર ઓરડી બનાવી વાવેતર કરી બિનધિકૃત દબાણ કર્યું હતું, જે ગેરકાયદેસર બિનઅધિકૃત ખેતી વિષયક તેમજ કોમર્શીયલ દબાણો જિલ્લા કલેકટર, નિવાસી અધિક કલેકટર અને અંજાર પ્રાંત અધિકારીના માર્ગદર્શન હેઠળ ગાંધીધામ મામલતદારની ટીમ અને પોલીસ ખાતાના સહયોગથી દૂર કરાયા હતા. આ કામગીરી બાદ રૂા. ૬,૭૪,૮૨,૦૦૦ની અંદાજીત ૨૦૩૮૫૦ ચો. મી. દબાણ મુકત કરી ખાલી કરાવવામાં આવી હતી.


# લાંચ કેસમાં આડાના બે કર્મચારીઓને એક વર્ષની કેદનો કરાયો હુકમ

અંજાર : અહીંની અંજાર એરિયા ડેવલોપમેન્ટ ઓથોરિટીની કચેરીમાં સબ પ્લોટીંગના અભિપ્રાય અને તેના આધારે હુકમ કરવા અંગે રૂા.૩૦ હજારની લાંચ લેતા પકડાયેલા કચેરીના બે કર્મચારીઓને અંજારની અદાલતે એક વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી.

આ કેસની વિગત મુજબ આડાની કચેરીમાં કામ કરતા સર્વેયર આરોપી દીપેન ધનજીભાઈ રૈયાણી અને અમિત લલિતભાઈ વ્યાસે રૂા.૩૦ હજારની લાંચ માંગી હતી. અરજદારની ફરિયાદના આધારે પશ્ચિમ કચ્છ એસીબી પોલીસે છટકું ગોઠવી બન્ને આરોપીઓને લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડ્યા હતા. આ કેસ અધિક સ્પેશિયલ સેશન્સ જજ કમલેશ શુકલાની અદાલતમાં ચાલી જતા પાંચ સાક્ષીઓની જુબાની અને ૨૬ દસ્તાવેજી પુરાવાના આધારે અદાલતે બન્ને આરોપીઓને તકસીવાર ઠેરવ્યા હતા. અદાલતે આરોપીઓને એક વર્ષની સાદી કેદ અને રૂા.૨૦ હજારનો દંડ ફટકાર્યો હતો. જો આરોપીઓ દંડ ન ભરે તો વધુ ત્રણ માસની સાદી કેદનો હુકમ કરાયો હતો. સરકાર પક્ષે ધારાશાસ્ત્રી એ.પી. પંડ્યાએ હાજર રહી દલીલો કરી હતી.

**શિવસાગર યાત્રા સંઘ**
**ચાલો ભુજથી અમરનાથ**
ઉ.તા.૨૪/૦૬/૨૫, પ્ર.દિ.૧૫, ટ્રેન સ્લીપર
વર્ષોનો અનુભવ ધરાવતું યાત્રા સંઘ-સારું મેનેજમેન્ટ
નીચેના સોફાના રૂા.૧૫,૫૦૦/-
ઉપરના સોફાના રૂા.૧૪,૫૦૦/-
સાગર પુરબીયા : મો.૮૩૨૦૨ ૭૧૯૧૦
રાજુભાઈ : મો.૯૫૮૬૭ ૯૭૧૦૧
બુકીંગ માટે : રાજવી ટુર એન્ડ ટ્રાવેલ્સ
જીલ્લા પંચાયતની સામે, ભુજ-કચ્છ.

# નાગોરના ગ્રામજનો દ્વારા સશસ્ત્ર સેના ધ્વજ દિન ફંડમાં ૩૫ હજારનો ચેક અપાયો



ભુજ : આપણે સૌ જાણીએ છીએ કે યુદ્ધ હોય કે શાંતિ આપણી સશસ્ત્ર સેનાઓ રાષ્ટ્રની સેવામાં પોતાનું અમુલ્ય યોગદાન હંમેશા આપતી રહી છે. આપણી માતૃભૂમિનાં રક્ષણ કાજે શહીદ થતા, પોતાના ધૈર્ય અને સાહસથી ભારત દેશને અખંડીત રાખતા, પોતાનું સર્વોચ્ચ સમર્પીત કરતા આપણા શુરવીર જવાનો અને તેઓના પરીવારજનો પ્રતી સન્માનની લાગણી પ્રદર્શીત કરવા અને તેમના માટેની કલ્યાણકારી પ્રવૃત્તિઓનાં સંચાલનને વેગ મળે તે માટે ભુજ તાલુકાના નાગોર ગામના ગ્રામજનો દ્વારા રૂ. ૩૫ હજારનો ચેક સશસ્ત્ર સેના ધ્વજદિન ફાળામાં આપવામાં આવ્યો હતો. તેઓ તરફથી ગત વર્ષે પણ માતબર સહાય આ ફંડમાં આપવામાં આવી હતી. તેઓના આ નિરંતર સહયોગને બિરદાવવા કચ્છ જીલ્લા સ્થાનિય અધિક કલેક્ટર ડી. પી. ચૌહાણ તરફથી આ પ્રસંગે ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કચ્છ જીલ્લા સ્થાનિય અધિક કલેક્ટર ડી. પી. ચૌહાણ, જીએએસ તથા જિલ્લા સૈનીક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી એચ. એન. લીમ્બાચીયાએ આ પ્રસંગે સમસ્ત ગ્રામજનોનો આભાર વ્યક્ત કર્યો હતો અને જિલ્લાની વિવિધ સંસ્થાઓ અને નાગરીકોને આ પ્રસંગે સશસ્ત્ર સેના ધ્વજદિન ફાળા માટે યથાયોગ્ય સહયોગ આપવા અપીલ કરી હતી. આ ફાળો ભુજ (કચ્છ) જિલ્લાની, જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, (ફોન ૦૨૮૩૨ - ૨૨૧૦૮૫), રૂમ ન. ૧૧૪, બહુમાળી ભવન, ભુજ ખાતે રૂબરૂમાં રોકડ, ચેક અથવા ડીમાન્ડ ડ્રાફ્ટ, કલેકટર અને પ્રમુખ, આર્મ્ડ ફોર્સીસ ફલેગ ડે ફંડ એકાઉન્ટ, ભુજના નામનો બનાવી જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, ભુજ ખાતે જમા કરાવી શકાય છે.

# વોંધ રામદેવપીર મંદિર પાસે વેસ્ટેજ પેટ્રોલ ટેન્કમાં લાગેલી આગ બૂઝાવાઈ

**ભચાઉ ફાયર બ્રિગેટની ટીમે ૧૫ હજાર લીટર પાણી અને ફોમનો ઉપયોગ લેવાયો**





ભચાઉ : વોંધ રામદેવપીર મંદિરની બાજુમાં આવેલ પેટ્રોલ પંપ પાછળ વેસ્ટેજ પેટ્રોલ ટેન્ક અને તેના મશિનમાં આગ લાગી છે, જે અંગે ભચાઉ ફાયરની ટીમને કોલ કરવામાં આવતા ફાયરની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. આગ એટલી વિકરાળ હતી કે ૨ કિલોમીટર દૂર સુધી તેના ધુમાડા દેખાતા હતા. આગ લાગી તેની બાજુમાં પેટ્રોલપંપ હોવાથી પેટ્રોલપંપ તરફ વધતી આગને કાબુ મેળવવાના પ્રયાસો હાથ ધરાયો હતો. આગને કાબુ લેવા માટે ૧૫ હજાર લિટર પાણીનો મારો અને ફોમનો ઉપયોગ કર્યો હતો. સદભાગે મોટી જાન હાની ટળી ગઈ હતી. કામગીરીમાં પ્રવીણ દાફડા, કુલદીપભાઈ, શક્તિસિંહ દ્વારા કરાઈ હતી.

**એચ.બી. વાઘેલા, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રાપરની કોર્ટમાં,**
કાભુંડા રોડ, રાપર-કચ્છ

**જાહેર નોટીસ**

જન્મ નોંધણી અરજી રજિ નં.૮૭/૨૦૨૫

શ્રી અંબાબેન પોપટભાઈ કોલી,
રહે. ખાનપર તા.રાપર-કચ્છ ........................ અરજદાર

વિરૂધ્ધ

જન્મ મરણ નોંધણી અધિકારી અને
તલાટી સહ મંત્રીશ્રી, ખાનપર, તા.રાપર-કચ્છ. ........................ સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી અંબાબેન પોપટભાઈ કોલી, રહે.ખાનપર, તા.રાપર વાળાએ તા.૦૫/૦૪/૨૦૨૫ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પુત્રી આરતીબેન પોપટભાઈ કોલી નો જન્મ મોજેઃ ખાનપર, તા.રાપર-કચ્છ મુકામે તા.૨૨/૦૫/૨૦૧૭ ના રોજ થયેલ છે. પરંતુ તેમની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજેઃ ખાનપર, તા.રાપર-કચ્છના વર્ષ-૨૦૧૭ ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં.૮૭/૨૦૨૫ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

(એચ.બી. વાઘેલા)
મામલતદાર અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, રાપર-કચ્છ

તારીખ- ૧૫/૦૪/૨૦૨૫

**એચ.બી. વાઘેલા, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રાપરની કોર્ટમાં,**
કાભુંડા રોડ, રાપર-કચ્છ

**જાહેર નોટીસ**

મરણ નોંધણી અરજી રજિ નં.૨૩/૨૦૨૫

શ્રી વિક્રમસિંહ હનુભા સોઢા,
રે.રાસાજીગઢડા, તા.રાપર-કચ્છ. ........................ અરજદાર

વિરૂધ્ધ

જન્મ મરણ નોંધણી અધિકારી અને
તલાટી સહ મંત્રીશ્રી, રાસાજીગઢડા ગ્રામ પંચાયત, તા.રાપર-કચ્છ. ........................ સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી વિક્રમસિંહ હનુભા સોઢા, રે.રાસાજીગઢડા, તા.રાપર-કચ્છ, વાળાએ તા.૦૮/૦૪/૨૦૨૫ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના માતા 'બાકોરબા હનુભા સોઢા- નું અવસાન મોજેઃરાસાજીગઢડા, તા.રાપર-કચ્છ મુકામે તા.૧૧/૦૨/૨૦૨૦ ના રોજ થયેલ છે. પરંતુ તેમની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે મરણ અંગેની નોંધણી મોજેઃરાસાજીગઢડા, તા.રાપર-કચ્છના વર્ષ-૨૦૨૦ મરણ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું મરણની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી મરણ નોંધણી અરજી રજીસ્ટર નં.૨૩/૨૦૨૫ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર મરણ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

(એચ.બી. વાઘેલા)
મામલતદાર અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, રાપર-કચ્છ

તારીખ- ૧૫/૦૪/૨૦૨૫

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યું. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

## સમાઘોઘામાં જિંદાલ કંપનીને જમીન ફાળવવાના કેસનો મામલો

# કચ્છના પૂર્વ કલેક્ટર પ્રદીપ શર્મા સહિત ચાર આરોપીને પાંચ વર્ષની સખત કેદ

**સત્તા બહાર જઈને જમીન ફાળવી હતી: રાજકોટ સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ બાદ સુનવણી દરમિયાન ભુજ કોર્ટે આરોપીઓને દોષીત જાહેર કરી સંભળાવી સજા**

**અગાઉની સજા પૂર્ણ થયા બાદ નવી સજાનો અમલ કરવો**

હુકમમાં જણાવાયું છે કે, આરોપી પ્રદીપકુમાર એન. શર્મા સામે પશ્ચિમ કચ્છ એસીબીમાં ૨૦૧૪ ગુનો દાખલ થયો હતો. જેમાં અમદાવાદ સેશન કોર્ટ દ્વારા કરવામાં આવેલ પાંચ વર્ષની સજા પૂર્ણ થયા બાદ આ પાંચ વર્ષની સજાનો અમલ શરૂ કરવા ચૂકાદો અપાયો છે.

ભુજ : કચ્છના પૂર્વ કલેક્ટર પ્રદીપ શર્મા સામે ગેરકાયદે રીતે જમીન ફાળવવા સહિતની ફરિયાદો નોંધાઈ છે. એક બાદ એક કેસમાં પ્રદીપ શર્મા સામે કાયદાકીય ગાળીઓ કસાયો છે ત્યારે કચ્છમાં જિંદાલ કંપનીને જમીન ફાળવવાના કેસમાં પૂર્વ સનદી અધિકારી સહિત ચારને દોષિત જાહેર કરી પાંચ વર્ષની સજા સંભળાવવામાં આવી છે.

મુન્દ્રા તાલુકાના સમાઘોઘા ખાતે આવેલ શ્રી સો પાઈપસ લિમિટેડ જિંદાલને સરકારી જમીન ફાળવણી બાબતે કેસ દાખલ થયો હતો. સરકારના પરિપત્ર પ્રમાણે કલેક્ટરને બે હેક્ટર ૧૫ લાખની કિંમત સુધીની ઔદ્યોગિક હેતુની જમીન મંજૂર કરવાની સતા છે પરંતુ તત્કાલિક કલેક્ટર પ્રદીપકુમાર નિરંકરનાથ શર્માએ આ માંગણીની ઔદ્યોગિક હેતુના જમીન ફાળવણી પ્રકરણમાં ૪૭,૧૭૩ ચો.મી. જમીન મંજૂર કરી હતી. એક જ ગામની જમીન માટે જુદા જુદા સર્વે નંબર માટે, એક જ દિવસે એક જ હેતુ માટે એક કંપની દ્વારા જમીનની માંગણી કરવામાં આવી હતી. આ તમામ અરજીઓ એક સાથે ચલાવી એક હુકમથી જમીન ફાળવણીનો નિર્ણય કરવો જોઈએ પરંતુ એક જ ગામના ત્રણ અલગ અલગ સર્વે નંબરની જમીન એક જ હેતુ માટે એક જ એકમ માટે માંગણી કરાઈ હતી. તેવા સંજોગોમાં તત્કાલિક કલેક્ટરે જોગવાઈઓ જાણતા હોવા છતાં સર્વે નં.૩૨૬ મા ૨૦,૫૩૮ ચો.મી. જમીન ફક્ત એક જ સર્વે નં.૨૦ હજાર ચો.મી. જમીન ફાળવવાની મર્યાદાની બહાર જઈ સત્તા બહાર કંપનીને ૫૩૮ ચો.મી. જમીન મંજૂર કરી હતી. તા. ૨૫ માર્ચ ૨૦૦૪ ના હુકમ કરી ૪૭,૧૭૩ ચો.મી. જમીન કંપનીને એક જ હેતુ માટે ફાળવી હતી. મંજૂરી કરતા વધારે ૨૭,૧૭૩ ચો.મી. જમીન ફાળવાઈ હતી. કલેક્ટરે સરકારના પરિપત્રો, હુકમને ધ્યાને ન લીધા હતા અને સહ આરોપીઓએ જિલ્લા જમીન મૂલ્યાંકન સમિતિની મીટિંગમાં મેળાપીપણુ કર્યુ હતું જેથી રાજકોટ સીઆઈડી ક્રાઈમ પોલીસમાં ફરિયાદ થઈ હતી. ૨૨ ફેબ્રુઆરી ૨૦૧૧ ના તત્કાલિક કલેક્ટર પ્રદીપ શર્મા સાથે તત્કાલિન નગર નિયોજક નટુભાઈ મોતીભાઈ દેસાઈ, નાયબ મામલતદાર નરેન્દ્ર પોપટલાલ પ્રજાપતિ, તત્કાલિન નિવાસી નાયબ કલેક્ટર અજીતસિંહ મહિપતસિંહ ઝાલા સામે ફરિયાદ થઈ હતી. ભુજના ચોથા અધિક ચીફ જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટની કોર્ટે તમામ આરોપીઓને તકસીરવાન ઠેરવી પાંચ વર્ષની સખત કેદ સાથે ૧૦ હજારનો દંડ કર્યો છે. દંડની રકમ ન ભરે તો વધુ છમાસની સજાની જોગવાઈ કરાઈ છે. આ કામે સીઆઈડી ક્રાઈમ એજન્સીના પ્રોસિક્યુશન તરફે સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર એચ.બી.જાડેજાએ હાજર રહી સાક્ષી તપાસી દલીલ કરી હતી.

## માધાપરમાં યોજાયેલા આંખ નિદાન કેમ્પમાં ૬૭ લોકોની તપાસણી કરાઈ



ભુજ : આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી પાટ હનુમાનજી મંદિર અને લાયન્સ ક્લબ ઓફ માધાપર ઓનેસ્ટ તેમજ કેસીઆરસી અંધજન મંડળ ભુજના સહયોગથી આંખનો કેમ્પ યોજવામાં આવ્યો હતો.

દીપ પ્રાગટ્ય માટે પૂર્વ જિલ્લા પંચાયતના પ્રમુખ પારૂલબેન કારા, વિરાંગના બહેનો તેમજ માધાપર સ્પોર્ટ્સ મહિલા મંડળના બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું. લાલજીભાઈ ગોરસીયા, ટ્રસ્ટી પ્રવીણભાઈ વરસાણી, જશુબેન દેવજી વરસાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કેમ્પમાં ૬૭ લોકોએ લાભ લીધો હતો, ૧૧ લોકોના ફ્રી મોતિયો, વેલના ઓપરેશન કરવાનું નક્કી કરવામાં આવ્યું તેમજ ૨૩ લોકોને રાહત દરે ચશ્મા આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા શાંતાબેન ખોખાણી, સુનિતાબેન સોલંકી, દર્શનભાઈ જોશી, નીતિનભાઈ ઠક્કર, ધીરજભાઈ જોશી, શિવજીભાઈ મોઢ, નારણભાઈ હિરાણી તેમજ કેસીઆરસી અંજન મંડળ ભુજના સ્ટાફ, માધાપર સ્પોર્ટ્સ અને મહિલા મંડળના સભ્યો હરિલાલભાઈ વરૂ, કાંતાબેન શિયાણી, સંધ્યાબેન રાસ્તે, નીતાબેન પંડ્યા, મંજુલાબેન આહીર તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ધાર્મિક ઉત્સવો એ જ ગામડાની સંસ્કૃતિ

**નાના નખત્રાણા ખાતે હનુમાનજી મંદિરનો તૃતિય પાટોત્સવ ઉજવાયો : મંદિરના સેડ માટે સાંસદે ૩ લાખની ગ્રાન્ટ ફાળવી**



નખત્રાણા : નાના નખત્રાણામાં આવેલ ચૈતન્ય હનુમાનજી મહારાજનો તૃતિય પાટોત્સવ ભક્તિ ભાવ સાથે ઉજવવામાં આવ્યો હતો, જેમાં યજ્ઞ, વિવિધ ધાર્મિક કાર્યક્રમો, સંતવાણી યોજવામાં આવી હતી.

સવારના ભાગમાં ગણપતિ પૂજન, બાદ ધ્વજા આરોહણ, અગ્નિ સ્થાપના તેમજ પ્રધાન હોમ જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. સાંસદ વિનોદભાઈ ચાવડાએ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ગામડામાં ધાર્મિક કાર્યક્રમો ભારે ઉમંગ અને ઉત્સાહથી ઉજવાય છે અને એ જ ગામડાની સાચી સંસ્કૃતિ છે. કચ્છમાં અનેક પ્રાચીનકાળના મંદિરો, દેવાલયો છે, એ આપણી ભક્તિ, શક્તિની શાખ પુરે છે. સાંસદ વિનોદભાઈ ચાવડાએ મંદિરના સેડ માટે ૩ લાખની ગ્રાન્ટ આપી હતી.

નખત્રાણા તાલુકા ભાજપના ધર્મેશ કેસરાણી, નખત્રાણાના પૂર્વ સરપંચ વંદનસિંહ રાઠોડ, હિરેનભાઈ ભટ્ટ, મયુરભાઈ વાઘેલા, ચેતનભાઈ ઠક્કર, દિપકભાઈ ઠક્કર, હિતેશ ચૌહાણ, રમેશ ગરવા, દેવજીભાઈ બળિયા, જગદીશભાઈ, શંભુનાથજી બાવાજી, શંભુભા રાઠોડ, અમૃતભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ ચેતનભાઈએ કરી હતી. શાસ્ત્રોક્તવિધિ પ્રવીણભાઈ જોષી તથા દિપકભાઈ જોષીએ કરી હતી. સાંજે મહાઆરતી યોજવામાં આવી હતી. જયારે રાત્રીના સંતવાણીમાં નવીનનાથ બાવાજી (ભચાઉ)એ ભજનની રંગત અને પિયુષ મહારાજ (ગોધરા)એ હાસ્યની રંગત જમાવી હતી. આજુબાજુના ગામના ભક્ત રસિકો ઉમટ્યા હતા તેવું ચેતનભાઈએ કહ્યું હતું.

## લોકોને પડતી સમસ્યાઓના નિરાકરણ માટે પ્રતિનિઓનો સંપર્ક કરવો

ભુજ : ભારતના સંવૈધાનિક વ્યવસ્થામાં લોકતાંત્રિક પરંપરા મુજબ જુદી જુદી વ્યવસ્થાઓ માટે લોકોએ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ લોકોની સમસ્યા માટે કામ કરે તે આપણા બંધારણીય અધિકાર છે, તે અધિકારને વાચા આપવા માટે આપના ગુજરાત પ્રદેશના નેતા સી.એ. કૈલાશદાન ગઢવી લોકોને જાગૃત અધિકાર વિશે વાર્તાલાપ કર્યો હતો.



**ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોકોની સમસ્યા નિવારવા માટે છે**

તેમના જણાવ્યા મુજબ જુદા જુદા પ્રજાકીય પ્રતિનિધિઓમાં સાંસદ, ધારાસભ્ય, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા વગેરેમાં જનતા લોક પ્રતિનિધિઓને ચૂંટી મોકલે છે. તેઓએ લોકોને પડતી સમસ્યાઓ માટે તેમની સાથે રહેતા નથી. માત્ર રીબીન કાપવા માટે સમય ફાળવે છે. આવા પ્રતિનિધિઓને આ કામ કરવા લોકોએ ચૂંટયા નથી. જાહેર જનતાને અપીલ કરતા શ્રી ગઢવી કહ્યું હતું કે, ચૂંટાયેલા પ્રતિનિધિઓની જવાબદારી પોતાના વિસ્તારમાં સમસ્યાઓનો નિરાકરણ અને રસ્તો કાઢવાની છે. જેમાં પ્રાથમિક દ્રષ્ટિએ શિક્ષણ, પાણી, સ્વાસ્થ્ય, સુરક્ષા જેવી પાયાની સુવિધાઓ લોકોને બરાબર મળે છે કે નહીં તે માટે તેમની વાત સાંભળવી, હાલમાં છેલ્લા ઘણા સમયથી આવી સમસ્યાઓ તો છે જ સાથે ગટરલાઈન, પાણી ન આવવું, ખેતરોમાંથી પાઈપલાઈન કાઢવી, ટ્રાન્સમીશન લાઈન પસાર કરવી, પુલ તુટ્યો હોય, હોસ્પિટલમાં સ્ટાફની ઘટ જેવી અનેક જવાબદારી આ પ્રતિનિધિઓની આવે છે. પરંતુ તેમને જાણ કરો તો પણ તેઓ હાજર રહેતા નથી અથવા ફોન ઉપાડવાની તસ્દી લેતા નથી. આવા લોકોને આપણે જનપ્રતિનિધિ તરીકે ચૂંટાવવાની શી જરૂર છે ? ઘણા સમસ્યા પીડિત લોકો સરકારી કચેરીએ આવેદનપત્ર આપે છે. તેઓ સરકારના માણસો છે તેમને આપવાને બદલે ચૂંટાયેલા લોકોને દબાણપૂર્વક રજુઆત કરવી એ જરૂરી છે. આપના પ્રદેશ નેતા કૈલાશદાન ગઢવીએ વધુમાં જણાવ્યુ હતું કે, મુંદરા તાલુકાના ખેડૂતોને અનેક સમસ્યાઓ હતી, પરંતુ લોકપ્રતિનિધિ ધારાસભ્ય હાજર ન હતા. તેઓએ પ્રાંત અધિકારી, મામલતદારને આવેદનપત્ર આપ્યું, પરંતુ જો પ્રજાના પ્રશ્નોના અવાજ માટે એવા લોકો સાથે ન હોય તો ચૂંટાવી લાવવાનો મતલબ શું છે? માટે જનપ્રતિનિધિઓ પાસે જઈ સમસ્યાનો નિરાકરણ લાવવા દબાણપૂર્વક રજુઆતો કરો તો જ ઉકેલ આવશે તેવું લોકોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## ભુજમાં ડો.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતી ઉજવાઈ

**સાંસદ સહિત સમાજના હોદેદારો-આગેવાનો ઉપસ્થિત રહ્યા**

ભુજ: બંધારણના ઘડવૈયા ડો. ભીમરાવ આંબેડકરની જન્મ જયંતીની ઉજવણી મહેશ્વરી સમાજવાડી, જુની રાવલવાડી મધ્યે કરાઈ હતી. જેમાં શોભાયાત્રા, શૈક્ષણિક કિટ, સંતવાણી, કેક કટીંગ સહિતના વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

આ અંગેની વિગતો આપતા કચ્છ જિલ્લા ડો. આંબેડકર પ્રચાર સમિતિ કચ્છ જિલ્લાના અધ્યક્ષ ડો. ડી.એલ. મહેશ્વરીએ જણાવ્યું કે, બપોરે શોભાયાત્રા નીકળી હતી, જેને કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ પ્રસ્થાન કરાવ્યો હતો.

જેમાં સંસ્થાના જિલ્લા અધ્યક્ષની સાથે મહેશ્વરી સમાજ, જુની રાવલવાડીના પ્રમુખ મોહનભાઈ થાવરભાઈ ધુવા, સમિતિના પદાધિકારીની સાથે જોડાયા હતા.

બાદમાં રાત્રે મહેશ્વરી સમાજવાડી હોલમાં વિવિધ કાર્યક્રમની શરૂઆત દિપપ્રાગટ્ય સમાજના ધર્મગુરુ બુદ્ધભાઈ સામજી માતંગના હસ્તે કરવામાં આવ્યું હતું.

બાદમાં સમાજના આગેવાનોના હસ્તે ડો. બાબાસાહેબ આંબેડકરના ફોટાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. રાત્રે ફટાકડા ફોળી આતશબાજી અને કેક કાપીની ઉજવણી કરવામાં આવી હતી.

તેમજ ભૂલકાઓને શૈક્ષણિક કિટનું વિતરણ, સંતવાણીનું આયોજન કરાયું જેમાં સમાજની વિવિધ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સખત તાપ ગરમી વધતા જ કુંડા-ચકલીઘરની ડીમાન્ડ વધી

**લોકો જાગૃત બની સામેથી જીવદયા કાર્યમાં જોડાયા**



ભુજ : ઉનાળાની કાળઝરતી ગરમીમાં અબોલા જીવોને તેમજ તરસ્યા પશુ-પક્ષીઓને પીવાનું પાણી મળી રહે એવા ઉદેશ સાથે માનવજયોત સંસ્થા ભુજ દ્વારા છેલ્લા ૨૧ વર્ષથી જીવદયા ક્ષેત્રે અનોખું કાર્ય દાતાશ્રીઓ અને જીવદયા પ્રેમીઓના સાથ-સહકાર અને સહયોગથી કરવામાં આવી રહ્યું છે. શ્રી જલારામ ચેરીટેબલ ટ્રસ્ટ -દાદર તથા કોટી વૃક્ષ અભિયાન-બીદડા, જીવદયાના આ કાર્યમાં સહકાર આપી રહ્યા છે. માનવજ્યોતનાં કુંડા અને ચકલીઘર કચ્છનાં દરેક શહેરો અને ગામડાઓ સુધી પહોંચ્યા છે. જીવદયા પ્રેમીઓ કુંડા-ચકલીઘર ઘરોઘર વસાવી રહ્યા છે. અને કુંડામાં પાણી ભરી રાખી પોતાનાં હાથે જીવદયાનું ઉત્તમકાર્ય કરે છે. દરેક શહેરો ગામોમાં કુંડા-ચકલીઘરો ઠેર-ઠેર લટકતા જોવા મળે છે. પહેલાનાં જમાનાંની જેમ લોકોમાં જાગૃતિ આવી છે. લોકો નિત્ય જીવદયાનું કાર્ય કરી રહ્યા છે. તરસ્યા પક્ષીઓ આ કુંડા ઉપર બેસી પાણી પીને પોતાની પ્યાસ બુઝાવે છે. યુવક મંડળો, મહિલા મંડળો, ટ્રસ્ટો, સંસ્થાઓ જીવદયાની આ પ્રવૃત્તિમાં જોડાયા છે. માનવજ્યોતનાં પ્રબોધ મુનવર તથા સુરેશભાઈ માહેશ્વરી તથા પૃથ્વીરાજસિંહ જાડેજાનાં જણાવ્યા મુજબ ગરમી વધતાં જ કુંડા-ચકલીઘરની જીવદયાની પ્રવૃત્તિમાં વેગ આવ્યો છે. અનેક સંસ્થાઓ-મંડળો-મંચો કુંડા ચકલીઘર પોતાનાં ગામ-શહેરોમાં વિતરણ કરી જીવદયાનું કાર્ય કરી રહ્યા છે. ૨૧ વર્ષ પહેલાં માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા શરૂ કરવામાં આવેલી પ્રવૃત્તિએ કચ્છનાં સીમાડા ઓળંગ્યા છે. ગુજરાતનાં અનેક શહેરોમાં આ પ્રવૃત્તિ પહોંચી છે. અમદાવાદ, મુંબઈ, કલકત્તા તથા અન્ય શહેરો સુધી આ કુંડા-ચકલીઘર પહોંચ્યા છે. તો વિદેશથી આવેલા એનઆરઆઈ આ કુંડા-ચકલીઘર વિદેશની ધરતી સુધી પહોંચાડ્યા છે. હાલે ઉનાળાની કાળઝરતી ગરમીમાં કુંડા-ચકલીઘરની ડીમાન્ડ અનેક ઘણી વધી ગઈ છે. તરસ્યા પક્ષીઓને પાણી મળે તેવી ગોઠવણ જીવદયા પ્રેમીઓ કરી રહ્યા છે. શ્વાનો માટે સિમેન્ટની ચાડીઓ તથા ગૌમાતાઓ માટે સિમેન્ટની મોટી કુંડીઓ માનવજયોત સંસ્થાએ ઠેર-ઠેર ગોઠવી છે. જેનાં ઉપર આવી પશુઓ પણ પાણી પી પોતાની તરસ છીપાવે છે. લોકો પક્ષીઓની પણ ચિંતા સેવી રહ્યા છે. તેમનાં માટે પાણીની વ્યવસ્થા કરે છે. કુંભારી ભાઈઓ જેટલા પણ કુંડા-ચકલી ઘર બનાવે છે, એની અતિ ભારે ડીમાન્ડ રહે છે. માનવજ્યોત સંસ્થા કુંભારી ભાઈઓ પાસેથી ચકલીઘર-કુંડાઓ-ચણ થાળી લે છે. અને જુદા-જુદા વિસ્તારોમાં વિતરણ કરે છે. માનવજ્યોતના કુંડા-ચકલીઘર કચ્છભરમાં દરેક શહેરો ગામડાઓમાં લટકતા જોવા મળે છે. તરસ્યા પક્ષીઓ માટે પીવાનાં પાણીની વ્યવસ્થા કરી જીવદયાપ્રેમી લોકો પુન્યનું કાર્ય કરી રહ્યા છે. માનવજ્યોતના કુંડા અને ચકલીઘર તથા કાપડની થેલીઓ કચ્છના ગામડાઓ અને શહેરોમાં પહોંચી ચુક્યા છે. જીવદયાના આ કાર્યમાં રમેશભાઈ માહેશ્વરી, સહદેવસિંહ જાડેજા, આનંદ રાયસોની, દિપેશ શાહ, શંભુભાઈ જોષી, કનૈયાલાલ અબોટી, કરસનભાઈ ભાનુશાલી, મુળજીભાઈ ઠક્કર, નિતિનભાઈ ઠક્કર, રફીક બાવા, પ્રવિણ ભદ્રા, નરશીભાઈ પટેલ, ગોવિંદભાઈ પાટીદાર, મનસુખભાઈ નાગડા, ભરતભાઈ સોની સહકાર આપી રહ્યા છે.

### ભુજના ભવ્યરાજ ચૌહાણની સિદ્ધી



ફરી એકવાર ભુજ ના ભવ્યરાજ ચૌહાણનું એક નવું સોંગ પોપ ભક્તિ ચેનલમાંથી અપલોડ થયું છે, જેનું નામ છે અયોધ્યાધામ જાના હૈ, જે ખાસ ભગવાન રામ માટે બનાવ્યું છે. ભવ્યરાજ વિમલસિંહ ચૌહાણ મુખ્ય ભૂમિકા ભજવી હતી એની સાથે અલ્પા ભટ્ટ અને નિશાંત યાદવે પણ કામ કર્યું છે. થોડા દિવસો પહેલા જ રિલીઝ થયેલી ગુજરાતી ફિલ્મ વિક્ટર ૩૦૩માં પણ બાળ કલાકાર તરીકે કામ કરી કચ્છનું નામ રોશન કર્યું હતું. જેથી સાંસદ વિનોદભાઈ ચાવડાએ શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

## નખત્રાણામાં યોજાયેલા નેત્ર નિદાન કેમ્પમાં ૧૭૦ દર્દીઓની તપાસણી કરાઈ



નખત્રાણા : લોહાણા મહાજન અને રણછોડદાસજી ચેરીટેબલ ટ્રસ્ટ હોસ્પિટલ રાજકોટ દ્વારા ૭૪મા નિઃશુલ્ક નેત્ર નિદાન સારવાર કેમ્પમાં ૧૭૦ દર્દીઓની આંખની તપાસ કરાઈ હતી. જેમાંથી ૩૫ મોતિયાના ઓપરેશન માટે રાજકોટ કરાશે. કેમ્પનું દીપ પ્રાગટ્ય દાતા ડો. સુભાષભાઈ જોશીના પુત્ર ભાવિનભાઈ જોશી, પુત્રવધુ જીજ્ઞાબેન જોશીએ કરી ખુલ્લો મુકયો હતો. ડો.સુભાષભાઈ જોશી પરિવારનો હમેશા સહયોગ રહ્યો છે.

આરોગ્ય સમિતિના ચેરમેન પ્રાગજીભાઈ અનમ અને નખત્રાણા લોહાણા મહાજનના પ્રમુખ રાજેશ પલણે જણાવ્યું કે, ૩૫ દર્દીઓને રાજકોટ ઓપરેશન માટે મોકલાયા આ નેત્ર નિદાન કેમ્પ પ્રતિ માસના ૧૭મી તારીખે યોજાય છે. દર્દીને ઓપરેશન બાદ રહેવા જમવાની વ્યવસ્થા અને તે પણ ફ્રી છે. દવા, ચશ્મા તદન ફ્રીમા આપવામા આવે છે. દાતા જીજ્ઞાબેન જોશી તેમજ ભાવિનભાઈ જોશીનુ સાલ દ્વારા સન્માન કરાયું હતું. ડો.પ્રદીપભાઈએ દર્દીઓને તપસ્યા હતા. લેબ ટેકનીકલ તરીકે લલિતભાઈ પરમારે સેવા આપી હતી. કેમ્પમા અખિલ કચ્છ રઘુવંશી સોશ્યલ મહિલા પાંખના ઉપપ્રમુખ અલ્પાબેન કોઠારી ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પને સફળ બનાવવા જગદીશભાઈ પલણ, મેહુલભાઈ દાવડા, અશોકભાઈ જોબનપુત્રા, અરવિંદભાઈ ઠક્કર, રાજુભાઈ કોઠારી વગેરેએ જહેમત ઉઠાવી હતી. સ્વાગત પ્રવચન ભરતભાઈ પલણે જ્યારે આભારવિધિ ઉપપ્રમુખ વિશનજીભાઈ પલણે કરી હતી. સંચાલન મહામંત્રી નીતિનભાઈ એલ. ઠક્કરે કરી હતી.

## સાંસદોનો પગાર વધારો : હમ સાથ સાથ હૈ !!

મુંજી ગાલ

સરકારે તાજેતરમાં સાંસદોના પગાર અને ભથ્થામાં ૨૪ ટકાનો વધારો કર્યો જેને સર્વાનુમત્તે સ્વિકાર કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે સરકારના નિર્ણયો સામે શીરગુલ-વિરોધ અને ધમાચકડી કરતા વિપક્ષોએ આ બાબતે મૌન સેવ્યું. સાંસદોના પગાર વધારામાં સરકાર અને વિપક્ષ હમ સાથ સાથ હૈ જોવા મળ્યા. ગુજરાતના ધારાસભ્ય મહેન્દ્ર મશરૂ જેવો કોઈ સાંસદ લોકસભામાં જોવા મળ્યો નહીં કે જેણે આ બાબતે વિરોધ કર્યો હોય ? દર પાંચ વર્ષે ચૂંટણી યોજાય છે ત્યારે લોકો પોતાનો એક મત આપી પોતાના પ્રતિનિધિઓને ચૂંટે છે પરંતુ બિચારા મતદારોએ તો પાંચ વર્ષ મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર વગેરેનો સામનો કરવો પડે છે. બીજી બાજુ રાજનેતાઓ મફતમાં વિમાન, રેલવે, ક્વાર્ટર, ટેલિફોન, પગાર, ભથ્થાઓની સુવિધા મેળવે છે. સરકારી કર્મચારીઓ ૬૦ વર્ષના થાય ત્યાં સુધી નોકરી કરે પછી પેન્શન મેળવે છે, જ્યારે સાંસદોને માત્ર પાંચ વર્ષમાં જ પેન્શનનો અધિકાર મળી જાય છે. શું આ 'રેવડી' નથી !! આ તે કેવી લોકશાહી !

જુના સમયના રાજનેતાઓ કહેતા 'સેવા માટે સતા' હવેના રાજકારણીઓ સતા માટે સેવાનું સૂત્ર અપનાવી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારતમાં ગરીબી, ભ્રષ્ટાચાર ભૂખ મરોનો આંક વધી રહ્યો છે. બીજી બાજુ હેપીનેશનો આંક પડોશી દેશ કરતા પણ ઘટી રહ્યો છે.

**- રજનીકાંત ઓઝા, એડવોકેટ**

## આઈટીઆઈમાં એકાત્મક અભિયાન અંતર્ગત ત્રિદિવસીય ધ્યાન કાર્યક્રમ યોજાયો



ભુજ : ગુજરાત સરકાર અને હાર્ટફુલનેસ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે ગાંધીધામ, ભુજ અને મુન્દ્રા ખાતે આવેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં ત્રિદિવસીય ધ્યાન સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ રોજબરોજના જીવનમાં તણાવનું પ્રબંધન કરીને જીવન કૌશલ્ય વિકસાવી શકે એવા ઉમદા ઉદ્દેશ્યથી આ ધ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

હાર્ટફુલનેસ સંસ્થાના પ્રશિક્ષકો દ્વારા ગાંધીધામ, ભુજ અને મુન્દ્રા આઈટીઆઈમાં વિવિધ ટ્રેડમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓને ત્રણ દિવસ સુધી હૃદય આધારિત ધ્યાન પદ્ધતિ શીખવવામાં આવી હતી. તાલીમાર્થીઓને ધ્યાનની સાથે સાથે આંતરિક શુદ્ધિકરણ અને પ્રાર્થના - ધ્યાનનો અભ્યાસ કરાવી પ્રશિક્ષિત કરવામાં આવ્યા હતા. ત્રિદિવસીય સત્રોમાં વિદ્યાર્થીઓને બાયો-ચાર આધારિત કૃષિ પદ્ધતિ, વિઝડમ આધારિત નોલેજ અને બ્રાઈટર માઈન્ડ અંગે સમજણ આપવામાં આવી હતી.

ગુજરાત સરકાર અને હાર્ટફુલનેસ સંસ્થાના સહયોગથી એકાત્મ અભિયાન અંતર્ગત યોજાયેલ આ ત્રિદિવસીય ધ્યાન સત્રોમાં ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને આઈટીઆઈના આચાર્યો તેમજ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. પ્રશિક્ષક હર્ષાબેન ચૌહાણ, કૌશિકાબેન અગ્રવાલ, દેવેન્દ્રસિંહ, મમતા સોમ સહિતની ટીમ દ્વારા તાલીમાર્થીઓને ત્રણ સેશનમાં ધ્યાન શીખવવામાં આવ્યું હતું.

## ભુજની માતૃછાયા શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમની ઉજવણી કરાઈ

ભુજ : નાનપણથી બાળકનો સર્વાંગી વિકાસ થાય તે માટે માતૃછાયા વિદ્યાલય દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની ઉજવણી કરાઈ હતી. કાર્યક્રમમાં બાળકોએ પર્ફોમન્સ કરી સૌના દિલ જીતી લીધા હતા. આ અંગે વિગતો આપતા પ્રાથમિક વિભાગના આચાર્ય પંકજબેન રામાણી અને બાલગર ઢીગલીગરના આચાર્ય અનિલાબેન ગોરે જણાવ્યું હતું કે, ૩૦૦ બાળકોએ ૩૦ના ગ્રૂપમાં ડાન્સમાં સ્વાગત અને આવકાર ગીતો પર ડાન્સ કર્યો હતો. નાના બાળક ૩થી ૪ વર્ષનો થાય ત્યારે બાળકના વિકાસનો શ્રેષ્ઠ સમય છે. સ્ટેજ ફીવર અને ડાન્સના માધ્યમથી તેમનામાં રહેલી કલાનો વિકાસ થાય છે. દર વર્ષે આવા આયોજન કરાય છે. ૩૦ ના ગ્રૂપમાં એક સાથે ડાન્સ કરાવવું ખુબ મહેનત માંગી લે છે, પરંતુ બાળકો અને વાલીઓનો ઉત્સાહ એટલો બધો હોય છે કે, અમને વધુમાં વધુ મહેનત કરાવવાની પ્રેરણા મળે છે. આવા આયોજન માટે શાળાના ટ્રસ્ટી મુકેશભાઈ, શૈલેષભાઈ, નલિનીબેને આભાર વ્યક્ત કર્યો હતો સાથે કોઈપણ કાર્યક્રમ કરવા માટે ટ્રસ્ટી મંડળ, શાળાનો સ્ટાફ અને વાલીઓનો સપોર્ટ મળે છે ત્યારે સફળ થાય છે.

## ભુજના મુન્દ્રા રિલોકેશન સાઈટ મધ્યે દરિયાલાલ જયંતીની ઉજવણી કરાઈ





ભુજ : છેલ્લા આઠ વર્ષથી દરિયાલાલ બાપાની જન્મજયંતી મુન્દ્રા રિલોકેશન સાઈટ ખાતે ઉજવણી કરવામાં આવે છે. જેમાં આજુબાજુમાં રહેતા રઘુવંશી પરિવારો ઉત્સાહભેર જોડાયા હતા અને રવાડી સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંગેની વિગતો આપતા રઘુવંશી પરિવારના મહેશ રાજદે જણાવ્યું કે, છેલ્લા આઠ વર્ષથી મુન્દ્રા રિલોકેશન સાઈટ ખાતે દરિયાલાલ બાપાની ૮૫૨મી જન્મ જયંતી ઉજવાઈ હતી. જેમાં બાઈક રેલી આયોજન બાદ સવારે દાદાનું પૂજન, રવાડી, અલગ અલગ પ્લોટો, બાળાઓના વેશભૂષા, કળશધારી બાળાઓ, તલવાર રાસ, મહિલાઓ માટે રાસ ગરબા યોજાયા હતા. આજુબાજુના તથા રિલોકેશન સાઈટમાં વસતા રઘુવંશી પરિવારોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમ બાદ મહાપ્રસાદ રાખવામાં આવ્યો હતો. ૫ હજાર સભ્યો આ ઉજવણીમાં જોડાયા હતા. આ વેળાએ લોહાણા મહાજન ભુજના પ્રમુખ ડો. મુકેશ ચંદે, લોહાણા યુવક મંડળના પ્રમુખ નીલ ઠક્કર તથા કારોબારીના સભ્યોએ સહકાર આપ્યો હતો તેવું યાદીમાં જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં મહેશભાઈ રાજદે, જયેશભાઈ ઠક્કર (બીટ્ટાવાળા), મહેશભાઈ ઠક્કર (જલારામ), જીતુભાઈ ઠક્કર (માસ્તર), વિરેનભાઈ ઠક્કર, અરૂણભાઈ ઠક્કર સહિત વિવિધ અગ્રણીઓ જોડાયા હતા. આ કાર્યક્રમમાં આ કાર્યક્રમ સફળ બનાવવા મુન્દ્રા રિલોકેશન સાઈડના રઘુવંશી પરિવાર, યુવક મંડળ, મહિલા મંડળ સહિત જહેમત ઉઠાવી હતી.

## ભચાઉ નગરપાલિકાના સુકાનીઓનું સન્માન કરાયું



ભચાઉ : શહેરની કચેરી ખાતે ભચાઉ સ્થાનકવાસી છ કોટી જૈન સંઘના પ્રમુખ ડૉ. લખમશીભાઈ નંદુ તેમજ સમાજના આગેવાનો દ્વારા ભચાઉ નગરપાલિકાના નવનિર્વાચિત સુકાનીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ વેળાએ શ્રી નંદુએ શહેર સુધરાઈના સુકાનીઓને અભિનંદન પાઠવ્યા હતા સાથે જ શહેરના વિકાસ માટે પોતાના સક્રિય સહયોગની ખાતરી પણ આપી હતી. નવું નિર્વાચીત સુકાનીઓના કાર્યકાળ દરમિયાન શહેરનો વિકાસ વધુ વેગમાન થશે તેઓ વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. ભચાઉ સ્થાનકવાસી છ કોટી જૈન સંઘના આગેવાનોએ નગરપાલિકાના પ્રમુખ પેથાભાઈ રાઠોડ, પ્રમુખ ચંપાબેન ગોઠી, કારોબારી ચેરમેન વિજયસિંહ ઝાલા સહિતના સુકાનીઓનું સન્માન કર્યું હતું. આ વેડાએ ભચાઉ નગરપાલિકાના પૂર્વ નગરપતિ કુલદીપસિંહ જાડેજા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### ભુજ શહેરમાં નગરપાલિકાની શબવાહિની અને એમ્બ્યુલન્સ માટે ચૂકવણી ફરજીયાત

ભુજ : પેટ્રોલ અને ડીઝલના સતત વધતા ભાવને ધ્યાનમાં રાખીને ભજ નગરપાલિકા દ્વારા ચલાવવામાં આવતી શબવાહિની અને એમ્બ્યુલન્સ સેવાના દરોમાં સુધારો કરવામાં આવ્યો છે. સુધરાઈની કારોબારી સમિતિની બેઠકમાં આ બાબતે ચર્ચા થઈ હતી. અંતે નહીં નફો નહીં નુકસાનના ધોરણે શબવાહિની માટે દર ૧૦ રૂપિયા પ્રતિ કિલોમીટર અને એમ્બ્યુલન્સ માટે રૂ.૧૭ પ્રતિ કિલોમીટરનો પ્રસ્તાવ ફાયર શાખા દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો, જેને સમિતિએ બહાલી આપી છે. ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધી ભુજ નગરપાલિકાની હદમાં આવતા વિસ્તારમાં શબવાહિની સેવા નિઃશુલ્ક હતી. હવે નવી દર વ્યવસ્થા અંતર્ગત વ્યવહારીક દર લગાડવામાં આવ્યો છે, જેના કારણે સેવાઓ સતત અને યોગ્ય રીતે ચાલી શકશે.

## ઉનાળુ વેકેશનમાં માધાપર ખાતે સમર કેમ્પનું આયોજન

ભુજ : તાલુકાના માધાપર ગામે આવેલી એમએસવી હાસ્કૂલમાં રામકૃષ્ણ ટ્રસ્ટ કુમા દ્વારા ઉનાળુ વેકેશનમાં સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ચિત્રકળા, ડાન્સ, ભરતનાટ્યમ, યોગા, નાટ્ય, એકપાત્રિય અભિનય, ટ્રેકીંગ કેમ્પ યોજવામાં આવશે.

રામકૃષ્ણ ટ્રસ્ટના એમડી ડૉ. મનોજભાઈ સોલંકીની યાદી મુજબ એમએસવી હાઈસ્કૂલ માધાપરમાં સમર કેમ્પ તા.૨૬-૪ થી તા.૫-૫ સુધી રાખવામાં આવ્યો છે. આ કેમ્પ દર વર્ષે ઉનાળાના વેકેશનમાં રાખવામાં આવે છે, જે છેલ્લા ૧૫ વર્ષથી ચાલુ છે. આમાં કચ્છના ખ્યાતિ પ્રાપ્ત કલાકારોમાં ભરતનાટ્યમ કૃપલ સોમપુરા, આસના બારમેડા, ચિત્રકામ માટે નવિનભાઈ સોની, ડાન્સ માટે વૈશાલીબેન સોલંકી, સ્કેટીંગ નિપાબેન તન્ના પયોગા માધવી માલવિયા અને પલ્લવીબેન રાઠોડ, નાટ્ય - એકપાત્રિય અભિનયમાં રમાકાંતભાઈ સોનપાર, રમેશ સોનપાર, મનોજ સોનપાર, સાયન્સ એક્ટિવિટી માટે સુમન સઘાણી અને ટ્રેકીંગ માટે મેન્દ્ર ટાંક, અરવિંદ પરમાર તથા મધુસુદન માણેક દ્વારા કેમ્પ યોજવામાં આવશે. સમર કેમ્પમાં ૨૦૦થી વધુ બાળકો ભાગ લઈ શકશે, જેના માટે નામ નોંધાવવા ભારતીબેન સેંઘાણી, હેન્સી બગ્ગા, હેમા પીંડોરિયા, વિનોદભાઈ પીંડોરિયાનો સંપર્ક કરવા જણાવાયું છે.

# વેલસ્પન ફાઉન્ડેશનના વેલ-શિક્ષા અભિયાન અંતર્ગત રતનાલની સરકારી શાળામાં AI કોડિંગ કાર્યક્રમ યોજાયો



અંજાર : શ્રી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા- રતનાલમાં વેલસ્પન ફાઉન્ડેશન તથા રતનાલની તમામ શાળાઓના સંયુક્ત ઉપક્રમે છૈં કોડિંગ પ્રદર્શની કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી ત્યારબાદ પ્રાર્થના કરી તમામ મહેમાનશ્રીઓએ વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલ કોડિંગ પ્રદર્શની નિહાળી હતી.શાળાના શિક્ષિકા એન. એસ. પટેલ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું, પધારેલ તમામ મહેમાનશ્રીઓનું સાલ અને પુષ્પગચ્છ દ્વારા સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ વેલસ્પન ફાઉન્ડેશન તરફથી વિદ્યાર્થીઓને ટ્રોફી અને સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં વેલસ્પન ફાઉન્ડેશનમાંથી પધારેલ આસિફ ખાન પઠાનસર તથા સીએસઆર ઇન્ડિયા હેડ સંજીવ રંજન સરે કોડિંગના ઉપ યોગ દ્વારા બાળકો નવા નવા ઈનોવેશન કરતા શીખે તેની સમજ પૂરી પાડી હતી તથા વેલસ્પન ફાઉન્ડેશન દ્વારા અંજાર તાલુકાની શાળામાં ચાલતા તમામ કોર્સ વિશેની માહિતી પૂરી પાડી હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે અંજારના સચ્ચિદાનંદ મંદિરના મહંત શ્રી ત્રિકમદાસજી મહારાજ, જિલ્લા શિક્ષણ અધિકારી સંજયભાઈ પરમાર, DPEO ભુપેન્દ્રસિંહ વાઘેલા, વેલસ્પન ફાઉન્ડેશન સીએસઆર ઈન્ડિયા હેડ સંજીવ રંજન સર, સીએસઆર ગુજરાત હેડ આસિફ ખાન પઠાણસર, રાસબેરી પાઈ ફાઉન્ડેશન ઈન્ડિયા હેડ અનુજ સર અને વસુંધરાબેન તથા સુરજભાઈ, વેલસ્પન એજ્યુકેશન હેડ વીણાબેન જોશી, જિલ્લા પંચાયત સદસ્ય મ્યાજરભાઈ છાંગા, તાલુકા પંચાયત સદસ્ય રણછોડભાઈ માતા, પૂર્વ સરપંચ સરિયાબેન ત્રિકમભાઈ વરચંદ, AEI અશ્વિનસિંહ વાઘેલા સાહેબ, TPEO રવજીભાઈ મહેશ્વરી સર, જિલ્લા કેળવણી નિરીક્ષક જીતેન્દ્રસિંહ પરમાર, સી.આર.સી. કોર્ડીનેટર યુવરાજસિંહ જાડેજા, તમામ શાળાના આચાર્યશ્રી, SMDC ના સભ્ય વેલજીભાઈ, ભરતભાઈ તથા SMCના સભ્ય રાજેશભાઈ તથા અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા શિક્ષણ અધિકારી સંજયભાઈ પરમાર તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ભુપેન્દ્રસિંહ વાઘેલા શાળાના તમામ શિક્ષક મિત્રોને તથા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. મહંત શ્રી ત્રિકમદાસજી મહારાજે આશીર્વાદ પાઠવ્યા હતા.

કાર્યક્રમના અંતમાં શ્રીરાધાકૃષ્ણનગર પંચાયત પ્રાથમિક શાળાના આચાર્ય રોહિતભાઈ ઠક્કર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બેસ્ટ ટીચર એવોર્ડ વિજેતા શોભનાબેન વ્યાસએ કરેલ હતું. કાર્યક્રમના અંતે DEO સાહેબ તથા DPEO સાહેબે વેલસ્પન ફાઉન્ડેશન દ્વારા શાળામાં ચાલતી વોકેશનલ લેબની પણ મુલાકાત લીધેલ હતી. સમગ્ર કાર્યક્રમનું અયોજન અને વ્યવસ્થા કસ્તુરબેન અને કમિનીબેને સંભાળી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા રતનાલ હાઈસ્કુલના સ્ટાફ મિત્રો તથા વેલસ્પન CSR ટીમનો સાથ સહકાર રહ્યો હતો.

# જમ્મુ-કાશ્મીરમાં કુદરતે વિનાશ વેર્યો, વાદળ ફાટતા ૩ લોકોના મોત

(એજન્સી દ્વારા)નવી દિલ્હી : એવું લાગે છે કે કોઈએ જમ્મુ અને કાશ્મીર પર ખરાબ નજર નાખી છે. જ્યારે આખું ભારત ભીષણ ગરમીનો સામનો કરી રહ્યું છે, ત્યારે અહીં કુદરત એક અલગ જ કહેર મચાવી રહી છે. મુશળધાર વરસાદના કારણે લોકોનું જીવન મુશ્કેલ બની ગયું છે. રસ્તાઓ અને ખીણોમાં પાણી વહેતું જોવા મળે છે. ઘણા ઘરો જમીનદોસ્ત થઈ ગયા છે. વાદળ ફાટવાથી અત્યારસુધીમાં ૩ લોકોના મોત થયા છે.તમને જણાવી દઈએ કે રામબન જિલ્લો આ દિવસોમાં ગંભીર કુદરતી આફતનો સામનો કરી રહ્યો છે. સતત પડી રહેલા મુશળધાર વરસાદના કારણે સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. જિલ્લાના ઘણા ભાગોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે, જેના કારણે સામાન્ય લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનના કારણે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે.જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ, જે આ પ્રદેશની જીવનરેખા માનવામાં આવે છે, તે હવે કાદવ અને પથ્થરો પડતાં ઘણી જગ્યાએ સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે.

# પ્રખર આગેવાન વેલાભાઈ જરૂના અવસાનથી અંજાર પંથકમાં શોક છવાયો

## એપીએમસી અંજાર દ્વારા શ્રદ્ધાંજલિ સભાનું આયોજન

અંજાર : ભુવડ ગામના વતની તથા ખેતી, સહકાર અને સમાજસેવાના ક્ષેત્રે વર્ષોથી યોગદાન આપનાર વેલાભાઈ ભીમાભાઈ જરૂના અવસાનથી સમગ્ર પંથકમાં ઊંડો શોક વ્યાપી ગયો છે.

સદગત વેલાભાઈ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, અંજારના ચેરમેન પદે રહી ચુક્યા હતા. તેઓ અંજાર તાલુકા ખરીદ-વેચાણ સંઘના ડાયરેક્ટર અને પૂર્વ પ્રમુખ તરીકે સેવા આપી હતી. તેમજ સરહદ ડેરીના સ્થાપક ડાયરેક્ટર તરીકે તેમનું યોગદાન નોંધપાત્ર રહ્યું હતું. આ ઉપરાંત તેઓ આહીર સમાજના શ્રેષ્ઠ આગેવાનોમાં ગણાતા હતા અને સમાજહિતના કાર્યોમાં સદૈવ સક્રિય રહ્યા હતા. તેમની શ્રદ્ધાંજલિ સભા તારીખ ૨૧મી એપ્રિલના સોમવારના સવારે ૯થી ૧૦ વાગ્યા સુધી અંજારના વરસામેડી નાકા નજીક સ્થિત મુખ્ય માર્કેટયાર્ડ ખાતે યોજાશે.

બજાર સમિતિના ચેરમેન, સેક્રેટરી મૂરજીભાઈ મ્યાત્રાએ જણાવ્યું હતું કે, સદગત વેલાભાઈની યાદમાં મુખ્ય માર્કેટયાર્ડ તથા શાકભાજી સબ માર્કેટયાર્ડનું તમામ કામકાજ એક દિવસ માટે સંપૂર્ણપણે બંધ રાખવામાં આવશે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫માં વધુ એક મહત્વ પૂર્ણ અભિગમ

## ગાંધીધામ મહાનગરપાલીકાને 104.07 કરોડની ફાળવણી કરાઈ

## રાજયભરની મહાનગરપાલીકાને ફાળવાયેલી રકમમાં ગાંધીધામ મનપાને ફાળવાઈ સૌથી વધુ રકમ

### શહેરો અને શહેરી વિસ્તારોના સુઆયોજિત વિકાસ સાથે 'અર્નિંગ વેલ-લિવિંગ વેલ' મંત્ર સાકાર કરવા શહેરોના સર્વગ્રાહી વિકાસ માટે ૧૨૦૩ કરોડ રૂપિયાના કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી



ગાંધીનગર: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ગુજરાતજ૨૦૪૭ના વિઝનથી વિકસિત ભારતજ૨૦૪૭ માટે રાજ્યને અગ્રેસર રાખવાની નેમ સાથે શહેરો અને શહેરી વિસ્તારોના સુઆયોજિત વિકાસ માટે ૧૨૦૨.૭૫ કરોડ રૂપિયાના વિકાસ કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.રાજ્ય સરકારે ૨૦૨૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવા સાથે શહેરોમાં સસ્ટેનેબલ અને એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને જનસુખાકારી સુવિધાઓથી નાગરિકોના 'અર્નિંગ વેલ-લિવિંગ વેલ'ને સાકાર કરવાનો વ્યૂહ અપનાવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં રાજ્યમાં નવી નવ મહાનગરપાલિકાઓની રચના કરી છે. એટલું જ નહિં, આ નવરચિત મહાનગરપાલિકાઓ સહિત રાજ્યના નગરો-શહેરોમાં લોકહિતના કામોને પણ વેગવંતા બનાવ્યા છે.સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આવા કામો માટે નાણાં ફાળવણીના ઉદાત્ત અભિગમને આગળ ધપાવતાં મુખ્યમંત્રીશ્રીએ આ રૂ. ૧૨૦૨.૭૫ કરોડના વિકાસ કામોની સૈદ્ધાંતિક અનુમતિ આપી છે. મુખ્યમંત્રીશ્રીએ આ હેતુસર રાજ્યની નવરચિત ૮ મહાનગરપાલિકાઓમાં રોડ રસ્તા, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ, સેનિટેશન જેવા ભૌતિક આંતરમાળખાકીય સુવિધાના કામો ઉપરાંત આંગણવાડી, શાળાના મકાનો, લાઈબ્રેરી, અર્બન હેલ્થ સેન્ટર વગેરે સામાજિક આંતરમાળખાકીય સુવિધાના કામો માટે નાણાં ફાળવ્યા છે. આ ઉપરાંત, અર્બન મોબિલિટી, સીટી બ્યુટીફિકેશન, આગવી ઓળખના કામો, પાણી પુરવઠાના અને વરસાદી પાણીના નિકાલના કામો વગેરે કામો માટે રૂપિયા ૫૮૫.૮૩ કરોડના ખર્ચની સૈદ્ધાંતિક અનુમતિ આપી છે.તદઅનુસાર, નવસારી મહાનગરપાલિકાને ૮૧ કરોડ, નડિયાદને ૭૫ કરોડ, આણંદને ૭૮.૦૭ કરોડ, સુરેન્દ્રનગરને ૮૧.૦૪ કરોડ, ગાંધીધામને ૧૦૪.૦૭ કરોડ તથા વાપીને ૭૮.૬૩ કરોડ તેમજ પોરબંદરને ૮૦.૩૦ કરોડ અને મહેસાણાને ૭.૪૨ કરોડ રૂપિયા ના વિકાસ કામો માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.મુખ્યમંત્રીશ્રીએ આ નવરચિત મહાનગરપાલિકાઓમાં પબ્લિક ટ્રાન્સપોર્ટની માંગને પહોંચી વળવા માટે મુખ્યમંત્રી શહેરી બસ સેવાઓની ઝડ્ય બસોના સંચાલન માટે ૨૦૨૫થી ૨૦૨૭ના ત્રણ વર્ષ સુધી દર વર્ષે ૩૯ કરોડ રૂપિયા આપવાનો પણ મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આ નવરચિત મહાનગરપાલિકાઓ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે બે શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળો વડોદરા અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીને અદ્યતન ખેલકૂદ સંકુલ માટે ૭૨.૫૨ કરોડ રૂપિયા તથા ૬૦ એમ.એલ.ડી.ના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ ચાર ટી પી વિસ્તારોમાં અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્ક ના કામો માટે કુલ ૩૦૨.૮૬ કરોડ મળીને કુલ રૂ. ૩૭૫.૩૮ કરોડ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ફાળવ્યા છે.આ ઉપરાંત સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીને રોડ રિસરફેસિંગ અને નવા રસ્તા બનાવવા તથા એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટના કામો માટે ૯૭.૮૧ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

રાજ્યની સુરત, વડોદરા અને ગાંધીનગર મનપાને ખાનગી સોસાયટી જનભાગીદારી અંતર્ગતના કામો, આંતર માળખાકીય સુવિધાના કામો તેમજ રસ્તા, પાણીની લાઈન, ગટર વ્યવસ્થાના કામો માટે કુલ ૧૦૫.૦૩ કરોડ રૂપિયાના કામો મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કર્યા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ માટેના ગુજરાતના વિકાસ વિઝનમાં નાગરિકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત જીવન, વધુ સારો અનુભવ અને શહેરોને સક્રિય, સ્માર્ટ અને ટકાઉ તેમજ ગતિશીલ શહેરી કેન્દ્રોમાં પરિવર્તિત કરવાની બાબતોને કેન્દ્ર સ્થાને રાખતાં આ ૧૨૦૨.૭૫ કરોડ રૂપિયાની માતબર રકમ ફાળવી છે.

# ખાંડેકમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં ધારાસભ્ય રહ્યા ઉપસ્થિત







ગાંધીધામ : રાપર તાલુકાના ખાંડેક ગામે સમસ્ત ધાંધર કાનાણી પરિવાર દ્વારા આયોજિત ખાંડેક અને રાયકાનગર મધ્યે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં રાપર ધારાસભ્ય વિરેન્દ્રસિંહજી બી જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

આયોજકોએ ધારાસભ્યનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાયકાનગરમાં ૩ લાખનો કોમ્યુનિટી હોલ અને સી.સી. રોડ માટે ૩ લાખ રૂપિયાની ગ્રાન્ટ ધારાસભ્ય દ્વારા મંજૂર કરવામાં આવી હતી. તેમની સાથે પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ હમીરજી સોઢા, કારો. ચેરમેન જયદીપસિંહ જાડેજા, કાનાભાઈ ભીખાભાઈ ગોહિલ, જિલ્લા પંચાયત સદસ્ય ભગાભાઈ આહીર, રાપર તાલુકા ભાજપ મહામંત્રી મહેન્દ્રસિંહ વાઘેલા, તાલુકા પંચાયત સદસ્ય નીલાભાઈ રબારી, મોહનભાઈ બારડ, કમલસિંહ સોઢા, ફતેહગઢ આગેવાન મઘાભાઈ કાંદરી, ભીમજીભાઈ પરમાર, શંકરભાઈ ખંડિકા, ભૂટકીયા મનસુખભાઈ સહિત બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રજાપતિ સમાજમાં આજે પણ જુની પ્રણાલીકા પ્રમાણે બારોટનાં ચોપડાનું વાંચન કરવામાં આવે છે



અંજાર : કચ્છ પ્રજાપતિ સમાજ દ્વારા આજે પણજુની પ્રણાલીકા પ્રમાણે બારોટશ્રીનાં ચોપડાનું વાંચન કરવામાં આવે છે તે પ્રમાણે વાઘાણી પરિવાર મુળ કાનમેર, તા. રાપર હાલે અંજાર દ્વારા ચોપડાનું વાંચનનો કાર્યક્રમ યોજવામાં આવેલ અને તેમાં પ્રજાપતિ સમાજની ઉતપતિથી માંડીને ગોત્રની વિગત, દેવસ્થાનની વિગત, અગાઉ થઈ ગયેલ પાળીયાઓની વિગત, વાઘાણી કઈ રીતે કહેવાણા તેની વિગત, જુની પેઢીની વિગત વિગેરે પ્રકારની વિગતથી બારોટ જશવંતભાઈ મોહનભાઈ દ્વારા વિગતવાર માહિતી આપી છણાવટ કરી હતી અને પોતાનાં વહી ચોપડાઓની પુજા કરવામાં આવે છે. આ ચોપડાનાં આધાર આજે પણ પુરાવા તરીકે માન્ય ગણવામાં આવે છે. આજની પેઢી દ્વારા કાનમેર ગામેશ્રી ચામુંડા માતાજી મંદિર જીર્ણોધ્ધાર કરવામાં આવેલ તેની વિગત ચોપડે નોંધાવવામાં આવી હતી તથા બારોટશ્રી દ્વારા પર્યાવરણનું જતન આપણા વડીલો કરતાં તે પ્રમાણે જતન કરવા આહવાન કર્યું હતું તથા આપણા સમાજનાં લીલાવંતીબેન પ્રજાપતિ કે જેઓ અંજાર નગરપાલિકાનાં પ્રમુખ બની સમાજનું નામ રોશન કરેલ છે તેની પણ ચોપડે નોંધ કરી હતી. આજનાં પ્રસંગે વડીલ કરશનભાઈ નારણભાઈ વાઘાણી, માદેવભાઈ નામોરીભાઈ વાઘાણી, પરસોતમભાઈ ભીખાભાઈ વાઘાણી, મુળજીભાઈ ભચુભાઈ વાઘાણી વિગેરેએ હાજરી આપી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાન્તીલાલ ધરમશીભાઈ વાઘાણી દ્વારા કરવામાં આવેલ તથા કાર્યક્રમનાં અંતે સૌએ સાથે મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો. આભાર દર્શન પ્રજ્ઞેશભાઈ વાઘાણી દ્વારા કરવામાં આવેલ તથા દાતાઓ દ્વારા મળેલ સહયોગની વિગતવાર માહિતી આપવામાં આવી હતી.કાર્યક્રમને સફળ કરવા સર્વ રવિભાઈ વાઘાણી, શામજીભાઈ વાઘાણી, રજનીકાંતભાઈ વાઘાણી, ભાવેશભાઈ વાઘાણી, જયદિપ વાઘાણી, નિખીલભાઈ વાઘાણી, રણજીતભાઈ વાઘાણીએ જહેમત ઉઠાવી હતી.

# કેલોરેક્સ ફ્યુચર સ્કૂલમાં આંબેડકર જયંતિની વિશેષ સભા યોજાઈ



મુન્દ્રા : ધોરણ ૭-અના વિદ્યાર્થીઓ દ્વારા ડૉ. ભીમરાવ આંબેડકર ની જન્મજયંતિના ઉપલક્ષ્યે કેલોરેક્સ ફ્યુચર સ્કૂલ, મુન્દ્રામાં એક પ્રેરણાદાયક વિશેષ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વખતે સભાનો વિષય હતો "ડૉ. ભી. રાવ આંબેડકર સમાનતા, ન્યાય અને જ્ઞાનના પ્રતિક." સભાની શરૂઆત પ્રાર્થના, પ્રતિજ્ઞા અને સુંદર વિચારોથી કરવામાં આવી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ ડૉ. આંબેડકરના જીવન પર પોતાના વિચારો અને ભાષણ રજૂ કર્યા. શાળા ના શિક્ષક શ્રીમતી મીના બા દ્વારા પણ તેમનું સંક્ષિપ્ત જીવન પરિચય, સંઘર્ષ અને બંધારણ રચનામાં તેમનું યોગદાન સમજાવ્યું.કાર્યક્રમને વધુ રસપ્રદ બનાવવા માટે ડૉ. આંબેડકરના જીવન આધારિત ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો અને પોતાનું જ્ઞાન રજૂ કર્યું.સભાનું સમાપન રાષ્ટ્રગીત સાથે થયું. આ કાર્યક્રમે વિદ્યાર્થીઓને ડૉ. આંબેડકરના વિચારો અને આદર્શોથી પ્રેરણા લેવાની તક આપી. શાળા ભવિષ્યમાં પણ આવી જ જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયક સભાઓનું આયોજન નિયમિત રીતે કરતું રહેશે.

# ગાંધીધામમાં ગુડ ફ્રાઈડેની ઉજવણી





પચરંગી વસ્તી ધરાવતા કચ્છના આર્થિક પાટનગર ગાંધીધામમાં ખ્રિસ્તી સમુદાય દ્વારા ગુડ ફ્રાઈડેની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ તહેવાર નિમિત્તે ઓસ્લો ચર્ચથી ભવ્ય શોભાયાત્રા નિકળી હતી. શહેરના મુખ્ય માર્ગો પર ફરી ઓસ્લો ચર્ચ પર વિરામ લીધો હતો. પવિત્ર પર્વની ઉજવણીમાં ચર્ચના પાદરી અને ગાંધીધામ સંકુલમાં વસવાટ કરતા ઈસાઈ સમુદાયના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. ઓસ્લો ચર્ચ ખાતે પ્રેયર સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

## અનાદિ શ્રી કૃષ્ણ નારાયણ મંદિર "પરમધામ" અંજાર ખાતે

# શ્રી લક્ષ્મીનારાયણ સહિતા કથા પરાયણ - શ્રી બાલકૃષ્ણ પ્રભુ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

અંજાર : તા.૧૪ અંજાર "પંજોરા મા"ની સમીપે આવેલ અનાદિ શ્રીકૃષ્ણ નારાયણ મંદિર "પરમધામ" ખાતે તારીખ ૮-૫-૨૦૨૫ વૈશાખ સુદ ૧૧ ગુરૂવાર થી તા. ૧૨- ૫ -૨૦૨૫ વૈશાખ સુદ ૧૫ સોમવાર સુધી શ્રી લક્ષ્મીનારાયણ સહિતા કથા પરાયણ તેમજ શ્રી બાલકૃષ્ણ પ્રભુ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ નું આયોજન કરવામાં આવેલ છે. વ્યાસાસને સદગુરુ શ્રી શાંતિલાલ ભગત બગીચા કથાનું રસપાન કરાવશે. કથાના પ્રારંભ વિજયનગર નીલકંઠ મહાદેવ મંદિરેથી સવારે ૮:૦૦ કલાકે શોભાયાત્રા નીકળીને કથા મંડપએ પહોંચશે તા. ૧૦-૫-૨૦૨૫ શનિવાર બપોરે પાંચ કલાકે બાલકૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે. તા ૧૧-૫-૨૦૨૫ના સવારે ૮:૦૦ કલાકે મૂર્તિ નગરયાત્રા દ્વારકાધીશ મંદિર અંજાર થી પરમધામ અંજાર પહોંચશે. શ્રી બાલકૃષ્ણ ભગવાનની મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ વૈશાખ સુદ પૂનમને સોમવાર તા ૧૨-૫-૨૦૨૫ના બપોરે ૧.૦૦ કલાકે યોજાશે. કથા શ્રવણ સમય સવારે ૮:૩૦ થી ૧૧ અને બપોરે ૩:૩૦ થી ૬.૩૦ રહેશે. શ્રી બાલકૃષ્ણ ભગવાનની મૂર્તિના તેમજ પોથીજીના મુખ્ય યજમાન પ.ધાનિ. દર્શન ભગત ભાણજી ભગત માલસત્તર, ધર્મેશ ભગત ભાણજી ભગત માલસત્તર પરિવાર રહેશે. કથા દરમિયાન દરરોજ રાત્રે ભજન ,સંતવાણી, પ્રગટ ભગવાનના પરચા, કથા- રાસોત્સવ નું આયોજન કરવામાં આવેલ છે. લક્ષ્મીનારાયણ સહીતા કથાના પ્રારંભે અંજાર સચ્ચિદાનંદ મંદિરના મહંત પરમ પૂજ્ય ત્રિકમદાસજી મહારાજ, શ્રી રામ સખી મંદિર અંજારના મહંત શ્રી કિર્તીદાસજી મહારાજ, તથા શ્રી હરિ શરણાગતિ મંડળના આચાર્ય ,સંતો- ભક્તો ,અંજાર મંદિરના પૂજારી શ્રી મંગલજી ભગત નકુમ ,શ્રી ભરત ભગત માલસત્તર, ઉપસ્થિત રહી આશિર્વચન પાઠવશે.

આ પ્રસંગે કચ્છ જિલ્લાના સાંસદ અને ગુજરાત પ્રદેશ ભાજપ ના મહામંત્રી વિનોદભાઈ ચાવડા તેમજ કચ્છ જિલ્લા ભાજપના પ્રમુખ દેવજીભાઈ વરચંદ, અંજાર વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય ત્રિકમભાઈ બી છાંગા તેમજ અંજાર નગરપાલિકાના પ્રમુખ વૈભવ કોડરાણી, કારોબારી ચેરમેન પાર્થ સોરઠિયા, શાસક પક્ષના નેતા નિલેશભાઈ ગોસ્વામી, અંજાર શહેર ભાજપના મહામંત્રી અશ્વિનભાઈ સોરઠીયા, કાઉન્સિલર વિનોદભાઈ સોરઠીયા, કંચનબેન સોરઠીયા, યદુવંશી સોરઠીયા આહીર સમાજના પ્રેમજીભાઈ પેડવા, રમેશભાઈ કાતરીયા, પાંજોરામાં ટ્રસ્ટના ટ્રસ્ટી નવિનભાઈ હડિયા, ભદ્રેશભાઈ કાતરીયા, કાઉન્સિલર જંખનાબેન સોનેટા, ડો. હર્ષદભાઈ સતાસિયા, હમીરપર મંડળના પ્રમુખ કાનજી ભગત વૈધ, મનોજભાઈ ગોંડલીયા, તેમજ અનાદિ કૃષ્ણ મંદિર અંજાર, અગરવાડા, જામવંથલી, ગોસા-ટુકડા, કુકાવાવ, જામ વંથલી, જુનાગઢ, મુંબઈ, સુરત, આંધ્ર પ્રદેશ, પુના ,રાજકોટ, મધ્યપ્રદેશ,ખજુરી પીપડીયાના આચાર્યો, મંદિરના પ્રમુખશ્રીઓ, ઉપસ્થિત રહેશે મૂર્તિ પ્રતિષ્ઠા અને મહાયજ્ઞ ની વિધિ શાસ્ત્રી જીતેન્દ્ર બટુકભાઈ પંડ્યા કરાવશે. પ્રમુખ ભાણજીભાઈ હિરજીભાઈ માલસત્તર ઉપપ્રમુખ મનસુખ ભગત, કેતન ભગત મંત્રી, રમેશ ભગત, પ્રકાશ ભગત, હરેશ ભગત,વિનય ભગત,સાગર ભગત, રવિ ભગત ,સેવા સમર્પણ ટ્રસ્ટના પરેશ ભગત -CA, મીત ભગત, જય ભગત ,પાર્થ ભગત, પુનિત ભગત ,મયુર ભગત, કેવલ ભગત, સાવન ભગત, તેમજ વિવિધ સમિતિના કાર્યકરો ધાર્મિક ઉત્સવ પ્રસંગને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.





રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ કચ્છ જિલ્લા દ્વારા ગાંધીધામ તાલુકા રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ સંગઠનનું પુનઃ નિર્માણ કરવામાં આવ્યું, જેમાં સર્વાનુમતે હોદેદારો નિમાયા હતા.

# પત્રકારત્વ અને મેનેજમેન્ટ જગતની અદ્વિતીય શખ્સિયત સ્મૃતિબેન શાહનું અવસાન



અમદાવાદ : ગુજરાત સમાચારનાં મેનેજમેન્ટ ક્ષેત્રે દક્ષતા અને પ્રતિભાથી જુદું સ્થાન બનાવનાર તથા પત્રકારત્વમાં નિષ્ઠાપૂર્વક ચાર દાયકા જેટલું યોગદાન આપનાર સ્મૃતિબેન શાહનો ગુરુવારે સાંજે અવસાન થયો હતો. તેઓ ગુજરાત સમાચારનાં ડાયરેક્ટર તરીકે કાર્યરત રહી વિવિધ આવૃત્તિઓનું સફળ સંચાલન સંભાળતા હતા. તેમની અંતિમ યાત્રા શુક્રવારે સવારે ૮:૩૦ વાગે જીએસટીવી ઓફિસ, ઈસ્કોન સર્કલથી શરૂ થઈ થલતેજ સ્મશાનગૃહ ખાતે પૂરી પાડી હતી, જ્યાં અનેક પ્રતિષ્ઠિત લોકો અને પત્રકારિતાજગતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. શાસ્ત્રીય વિધિથી તેમનું અંતિમ સંસ્કાર કરવામાં આવ્યું.

સ્મૃતિબેન શાહે લોકપ્રિય મહિલા સાપ્તાહિક 'શ્રી'ના તંત્રી તરીકે સતત ચાર દાયકાઓ સુધી પોતાની સેવાઓ આપી હતી. ગુજરાતી સાહિત્ય અને લેખિકા મંડળના વિકાસ માટે તેમનું યોગદાન અત્યંત મહત્વપૂર્ણ રહ્યું છે. તેમની તંત્રીપદની તપસ્યાથી અનેક નવા સર્જકોને માર્ગદર્શન મળ્યું હતું. તેમણે 'ગુજરાત સમાચાર'ના મહિલા પૂર્તિ વિભાગમાં પણ વર્ષો સુધી સંપાદક તરીકે કાર્ય કર્યું હતું. વ્યવસ્થાપન ક્ષેત્રે તેમની દ્રષ્ટિ અને આત્મસૂઝે પત્રકારિતા ઉપરાંત પ્રિન્ટ અને વિતરણ વિભાગમાં પણ સુધારાઓ કર્યા હતા. વિતરક ભાઈઓ માટે તેઓ હંમેશાં સહાયક અને સંવેદનશીલ રહી હતી.

ગુજરાત સમાચારના મેનેજિંગ તંત્રી શ્રેયાંસભાઈ શાહની તેઓ ધર્મપત્ની હતી. પરિવાર માટે તો તેઓ મજબૂત આધાર રહી હતી. તેમની યાદમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી શક્તિસિંહ ગોહિલે પણ ટ્વિટ કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# નલિયા એરફોર્સ મધ્યે ડો. બાબાસાહેબ આંબેડકરની જયંતિની ભવ્ય ઉજવણી

## ડો. ભાણજી સોમૈયાની વિશેષ ઉપસ્થિતિ

ગાંધીધામ : ભારતની સરહદે આવેલા નલિયા ખાતે એમ. ઈ. એસ. એરફોર્સના ઉચ્ચ અધિકારીઓ તથા એરફોર્સના ઉચ્ચ અધિકાર કેડો વિંગ કમાન્ડર મયુરન, ગેરીશન એન્જિનિયર મેજર મ્હામાને સિધાંત, આસિસ્ટન્ટ ગેરીશન એન્જિનિયર બૈજનાથ, આસિસ્ટન્ટ ગેરીશન એન્જિનિયર સુશીલકુમાર, એકાઉન્ટ ઓફિસર મદન મોહન અને જાણીતા લેખક અને મોટીવેશનલ સ્પીકર ડૉ. ભાણજી એચ. સોમૈયાની ઉપ સ્થિતિમાં આસિસ્ટન્ટ ગેરીશન એન્જિનિયર બૈજનાથ અને નલિયા એમ. ઈ. એસ.ના કર્મચારી અગ્રણીઓ ભરતભાઈ ભીલ અને કે એન. તિવારીના વિશિષ્ટ પ્રયાસોથી ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિની પ્રથમવાર નલિયા એરફોર્સ ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સૌ પ્રથમ ઉપસ્થિત અધિકારીઓ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની છબીને હારારોપણ કરવામાં આવ્યું હતું. નલિયા એરફોર્સના કેડો વિંગ કમાન્ડર મયુરન, ગેરીશન એન્જિનિયર મેજર મ્હામાને સિધાંત, આસિસ્ટન્ટ ગેરીશન એન્જિનિયર બૈજનાથે ડૉ. બાબાસાહેબ આંબેડકરની સામાજિક ન્યાય પ્રહરી અને રાષ્ટ્રના મહાન નેતા તરીકે બિરદાવ્યા હતા. ખાસ આમંત્રણથી પધારેલા જાણીતા લેખક અને મોટીવેશનલ સ્પીકર ડૉ. ભાણજી એચ. સોમૈયાએ બ્રેન, પેન અને પુસ્તકના યથાર્થ ઉપયોગથી સામાન્ય વ્યક્તિ સેલીબ્રીટી બની જાય છે એવા અનેક ઉદાહરણો દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરનાં સંઘર્ષમય જીવન અને અસાધારણ સિદ્ધિઓમાંથી પ્રેરણા લેવાની વાત કરી હતી.

ડૉ. સોમૈયા દંપતીએ કેડો વિંગ કમાન્ડર કમાન્ડર મયુરન, ગેરીશન એન્જિનિયર મેજર મ્હામાને સિધાંત, આસિસ્ટન્ટ ગેરીશન એન્જિનિયર બૈજનાથ, ભરતભાઈ ભીલ અને કે. એન. તિવારીનું પુસ્તકો અને શાલ દ્વારા સન્માન કર્યું હતું. સમગ્ર કાર્યકમનું સંચાલન ભરતભાઈ ભીલે કર્યું હતું. આભારવિધિ આસિસ્ટન્ટ ગેરીશન એન્જિનિયર બૈજનાથ દ્વારા કરવામાં આવી હતી. કાર્યકમને ભવ્ય સફળ બનાવા માટે એમ. ઈ. એસ. આર્મીના કર્મચારી અગ્રણીઓ કે. એન. તિવારી, જીગ્નેશભાઈ ભીલ, ધનજીભાઈ બુચીયા, રાજેશભાઈ ફફલ, રાજેશભાઈ મોડીયા, જીગ્નેશભાઈ ધોળું, રાજીવ કુમાર અને સુબોધકુમાર વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમ બાદ સોએ સાથે ભોજન લીધું હતું.

# કાશ્મીરમાં આતંક ફેલાવવા માટે જૈશ-એ-મોહમ્મદ લઈ રહ્યું છે હમાસની મદદ

નવી દિલ્હી : તાજેતરમાં પાક.ના બહાવલપુરમાં જૈશ-એ-મોહમ્મદના મુખ્યાલયમાં હમાસ કમાન્ડરો જોવા મળ્યા હતા. ઘોડાઓ સાથેના શાહી કાફલાની જેમ તેમનું સ્વાગત કરવામાં આવ્યું. આ દરમિયાન હમાસનો ધ્વજ પણ જોવા મળ્યો. છેલ્લા બે મહિનામાં આ બીજી વખત છે જ્યારે હમાસ કમાન્ડરો પાકિસ્તાન પહોંચ્યા છે. આ વર્ષે ૫ ફેબ્રુઆરીના રોજ, હમાસના રાજકીય વડાએ પણ પીઓકેના રાવલકોટમાં જૈશ અને લશ્કર દ્વારા આયોજિત કાશ્મીર દિવસ કાર્યક્રમમાં હાજરી આપી હતી.તે દરમિયાન પણ, જૈશ અને લશ્કરે રાવલકોટમાં હમાસના ઝંડાઓ સાથે ઘોડાઓ સાથે બાઈક રેલી કાઢી હતી. આ રેલી બરાબર હમાસના આતંકવાદીઓના અંદાજમાં કાઢવામાં આવી હતી.

પેલેસ્ટાઈનના ગાઝા ક્ષેત્રમાં મુખ્યત્વે સક્રિય ઈસ્લામિક ઉગ્રવાદી સંગઠન હમાસ હવે દક્ષિણ એશિયામાં પોતાની હાજરી સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. તાજેતરમાં હમાસ કમાન્ડરોના સ્વાગત માટે ઘોડાઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેઓ સ્પષ્ટપણે મેસેજ આપે છે કે આ માત્ર એક બેઠક નથી પરંતુ એક રણનીતિક ભાગીદારી છે. પાકિસ્તાને હંમેશા વૈશ્વિક મંચ પર આતંકવાદના મુદ્દા પર બેવડું વલણ અપનાવ્યું છે. એક તરફ, તેઓ આતંકવાદ સામે લડવાની વાત કરે છે, તો બીજી તરફ, તેમના ગ્રાઉન્ડ લેવલના અભિગમમાં આવા વિકાસ વારંવાર સામે આવતા રહે છે, જે તેમના ઈરાદા પર પ્રશ્નો ઉભા કરે છે. છેલ્લા બે મહિનામાં આ બીજી વખત છે જ્યારે હમાસ સાથે જોડાયેલા લોકો પાકિસ્તાન પહોંચ્યા છે.

# પહેલા પાનાથી...

### રશિયન પ્રમુખ

આરોપ લગાવ્યો હતો. પુતિને શનિવારે ઈસ્ટર યુદ્ધવિરામની જાહેરાત કરતા કહ્યું કે, 'આ યુદ્ધવિરામનો પ્રસ્તાવ બતાવશે કે, યુક્રેન શાંતિ કરારનું કેટલું પાલન કરે છે અને શાંતિ વાર્તાની પ્રક્રિયામાં ભાગ લેવા માટે પોતાની ઈચ્છા દર્શાવવામાં કેટલું પ્રામાણિક છે.' નોંધનીય છે કે, આ પહેલાં એપ્રિલ, ૨૦૨૨માં ઈસ્ટર અને જાન્યુઆરી ૨૦૨૩માં ઑર્થોડૉક્સ ક્રિસમસના અવસર પર પણ યુદ્ધવિરામ લાગુ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ, બંને પક્ષ તેના માટે સંમત નહતાં થયા.

### દિલ્હીને બદલ

દિલ્હી એરપોર્ટ પર ઉતરાણ કર્યું. પરંતુ આ વિલંબ અને અસુવિધાથી સીએમ ઓમર અબ્દુલ્લા ખૂબ ગુસ્સે થયા. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો. તેમણે દિલ્હી એરપોર્ટની નિંદા કરતી પોસ્ટ કરી. તેમણે કહ્યું કે ત્રણ કલાક હવામાં રહ્યા પછી અમને જયપુર તરફ વાળવામાં આવ્યા અને હવે હું રાત્રે ૧ વાગ્યે વિમાનની સીડી પર ઉભો છું અને તાજી હવાનો આનંદ માણી રહ્યો છું. મને ખબર નથી કે અમે અહીંથી ક્યારે નીકળીશું."

### આરટીઈ અંતર્ગત

એપ્લિકેશન નંબર, જન્મ તારીખ દાખલ કરીને અમાન્ય થયેલી અરજીમાં જો કોઈ જરૂરિયાત મુજબ ડોક્યુમેન્ટ અપલોડ કરવા માગતા હોય તો પોતાની એપ્લિકેશન સબમિટ કરી શકશે. આ અંગની જાણ અરજદારોને એસએમએસથી કરાઈ છે. અમાન્ય અરજીઓની પુનઃચકાસણી ૨૧થી ૨૪ એપ્રિલ દરમિયાન કરાશે. પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ ૨૮મી એપ્રિલના જાહેર કરાશે.

# અંજારમાં આવેલ અંકલેશ્વર મહાદેવ મંદિરના ચોથા પાટોત્સવ નિમિત્તે શ્રીમદ ભાગવત સપ્તાહ યોજાઈ




અંજાર :ઐતિહાસિક અંજાર શહેરની ગાયત્રી સોસાયટીના અંકલેશ્વર મહાદેવ મંદિર ખાતે તારીખ ૧૮/૪/૨૫ થી સર્વે પિતૃઓના મોક્ષ અર્થે સાપ્તાહિક ભાગવત કથાનું આયોજન અંકલેશ્વર મહાદેવ સમિતિ તથા મંદિર ની આજુબાજુની સોસાયટીના રહેવાસીઓ દ્વારા આયોજન કરવામાં આવેલ છે જેમાં મુખ્ય વક્તા તરીકે શ્રી હર્ષદદાદા જય દ્વારકાધીશ સુરતવાળા કથાના આચાર્ય રઘુદાદા અને રોહિતભાઈ જોશી છે ભાગવત કથાના મુખ્ય દાતા આલાભાઈ આહીર પરિવાર છે કથાના પ્રસંગમાં સવારે જન્મોત્રી સોસાયટીની ખોડિયાર મંદિરથી શોભાયાત્રા નીકળી હતી જેમાં ભાવિકો હોંશભેર જોડાયેલ હતા યાત્રા દરમિયાન ગરમીની મોસમ હોવા છતાં ભાવિકોની શ્રદ્ધા જરાય ઓછી થઈ ન હતી શોભાયાત્રા ગાયત્રી મંદિર પહોંચી હતી ત્યાં દરેક ભક્તોને દૂધ કોલ્ડ્રિંક્સ પીરસવામાં આવેલ શોભાયાત્રા તેના મુકામે પ્રવેશ કરેલ અને કથા નિયત સમયે બપોરે ૩.૦૦ વાગે શરૂ થયેલ કથાના રસ પાન માટે અંજાર શહેર સચ્ચિદાનંદ મંદિરના મહંત ત્રિકમદાસજી મહારાજ, કથાકાર શ્રી દિનેશભાઈ રાવલ, અંજારના લોકલાડીલા ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા, પૂર્વ રાજ્યમંત્રી વાસણભાઈ આહીર,અંજાર નગરપાલિકાના પ્રમુખ વૈભવ કોડરાની,નિલેશભાઈ ગોસ્વામી,પાર્થભાઈ સોરઠીયા, મશરૂભાઈ રબારી, મ્યાઝર ભાઈ છાંગા,રમેશભાઈ આહીર, કાનજીભાઈ ગોસ્વામી હાજર રહેલ તમામ મહેમાન શ્રી ની અંકલેશ્વર મહાદેવ સમિતિના પ્રમુખ તથા સભ્યો દ્વારા આવકાર અને સ્વાગત કરવામાં આવેલ અંજાર સચ્ચિદાનંદ મંદિરના મહંત શ્રી દ્વારા આશિર્વચન આપવામાં આવેલ અને કથાકાર દિનેશભાઈ રાવલ એ જીવનમાં ભાગવત કથાનું મહત્વ સમજાવ્યું અને કથાઓ અવિરત થવી જોઈએ એવું આહવાન કરેલ પૂર્વ રાજ્યમંત્રી શ્રી એમની આગવી શૈલીમાં ભાવિકોને કથાના લાભો વિશે સમજાવેલ અને ભાવિકો ભાવ વિભોર કરેલ .મુખ્ય વકતા હર્ષદદાદા એ કથાની શરૂવાત કરેલ કથામાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા કથાનું પ્રથમ દિવસનું સમાપન આરતી કરી પૂર્ણ કરવામાં આવેલ તમામ ભાવિકોને પ્રસાદનું વિતરણ કરવામાં આવેલ કથાના શ્રોતા ગણ દ્વારા ફાળો પણ આપ વામાં આવેલ.ભાગવત કથા આગામી ૨૫/૪/૨૫ સુધી યોજવાની હોય અંજાર શહેર ની ભક્તિમય અને ધર્મપ્રેમી પ્રજા ને કથાનો વધુ માં વધુ લાભ લેવા ગાયત્રી મંદિરના પૂજારી શ્રી નટવરભાઈ જોષી તથા અંકલેશ્વર મહાદેવ મંદિરના પૂજારી ધનઘર ગોસ્વામી તરફ થી આહવાન કરવામાં આવેલ સમગ્ર આયોજન સમિતિના પ્રમુખ અને સભ્યો તથા અંકલેશ્વર મહાદેવ મહિલા મંડળ સમિતિ દ્વારા કરવામાં આવેલ છે.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે નટવરભાઈ જોશી પૂજારી શ્રી ગાયત્રી શક્તિપીઠ,ભરતભાઈ આહીર પ્રમુખ શ્રી અંકલેશ્વર મહાદેવ, રાજેન્દ્રસિંહ ટી જાડેજા અંજાર નગરપાલિકાના વિરોધપક્ષના નેતા, ધરમશીભાઈ પ્રજાપતિ કથા સમિતિના પ્રમુખ,વૈશાલીબેન ભાટીયા કથા સમિતિના મહિલા પ્રમુખ,શાંતિલાલભાઈ સોની,ખીમજીભાઈ ઠાકર, હરિભાઈ પ્રજાપતિ,નરશીભાઈ પ્રજાપતિ,કૌશિકભાઈ શાહ, ભાવેશભાઈ પ્રજાપતિ,સમીરભાઈ ભાટીયા,શિવજીભાઈ ડાંગર, રઘુભા જાડેજા, રવુભા જાડેજા, શામજીભાઈ આહીર, હમીરભાઈ આહીર, રમેશભાઈ આહીર, રાણીદાનભાઈ ગઢવી, ભવરદાનભાઈ ગઢવી, બલેશભાઈ પુરોહિત,રોહિતભાઈ પ્રજાપતિ, હિતેશભાઈ દવે,જગદીશભાઈ પટેલ, ગોવિંદભાઈ પ્રજાપતિ, જુંજારસિંહ રાઠોડ, પાર્વતીબેન પ્રજાપતિ,રીટાબેન ભાટીયા,વૈશાલીબેન જોશી, હિનાબેન પંડ્યા,ઉશાબેન પ્રજાપ તિ, રસીલાબેન આહીર,રાણીબેન આહીર,ભારતીબેન,જયાબેન સુથાર, વગેરે એ ખુબજ જહેમત ઉઠાવી હતી.

# જિલ્લામાં દબાણ હટાવ કામગીરીમાં ચોક્કસ જ્ઞાતિના લોકોને ટાર્ગેટ કરાતો હોવાનો આક્ષેપ

ગાંધીધામ : કચ્છ જિલ્લામાં હાલ દબાણ હટાવવાની કામગીરી ચાલી રહી છે તેમાં માત્ર અનુસૂચિત જાતિ તથા ચોક્કસ જ્ઞાતિના લોકોના દબાણ હટાવાય છે તેવો આક્ષેપ જિલ્લા કોંગ્રેસ સમિતિના નિતેશ પી. લાલણે કર્યો છે. આ અંગેની રજૂઆત રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખીને કરાઈ છે.

રજૂઆતમાં જણાવાયા મુજબ અનુ. જાતિ અને ચોક્કસ નાના - મધ્યમ વર્ગના લોકો રોજ કમાઈને ખાય છે ત્યારે તંત્ર દ્વારા દબાણ હટાવવાના નામે આવા લોકોને હેરાન - પરેશાન જાણીજોઈને કરાય છે. એ માટે અમુક સમાજને જ ટાર્ગેટ કરાય છે તેવું સ્પષ્ટ દેખાઈ આવે છે. જો દબાણ હટાવવા હોય તો સત્તા પક્ષ તથા અધિકારીઓ સાથે સાંઠગાંઠ ધરાવતા લોકોના દબાણ હટાવાય. કારણ કે તેમના દબાણો જાહેર રસ્તા, મુખ્ય બજાર અને પ્રજાને ટ્રાફિકમાં નડતરરૂપ હોય છે. તેમના ઉપર તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરી દબાણ હટાવવામાં આવે તેવી માંગ શ્રી લાલણે કરી છે.

# નાના કપાયાના ફૌજીની દીકરી ખુશ્બુ મહેશ્વરીને માસ્ટર ઓફ આર્ટસમાં ગોલ્ડ મેડલ





રતાડીયા : ભારતરત્ન ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મજયંતીના પાવન દિવસે આંબેડકર ઓપન યુનિવર્સિટીના દસમા પદવીદાન સમારોહમાં યુનિવર્સિટીના કુલાધિપતિ અને ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના પ્રમુખસ્થાને અમદાવાદ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં કચ્છના મુન્દ્રા કેન્દ્ર પરથી અભ્યાસ કરીને હિન્દી વિષયમાં માસ્ટર ઓફ આર્ટસની પદવી (ડિગ્રી) પ્રાપ્ત કરનાર નાના કપાયા ગામના ફૌજી જગદીશ ડાયાલાલ મહેશ્વરી (સોધમ)ની દીકરી ખુશ્બુને ગુજરાત રાજયમાં પ્રથમ આવવા બદલ યુ.જી.સી.ના પૂર્વ ચેરમેન એમ. જગદીશકુમારના હસ્તે સુવર્ણચંદ્રક (ગોલ્ડ મેડલ) એનાયત કરવામાં આવેલ.રાજસ્થાનના અલવર ખાતે હાલે ફરજ બજાવતા ફૌજી પિતા જગદીશકુમાર ફરજના ભાગરૂપે દેશના જુદા જુદા પ્રાંતોમાં દેશસેવામાં વ્યસ્ત હોય છે ત્યારે સ્થાનિકે માધ્યમિક સુધીનો અભ્યાસ કરનાર માતા રમીલાબેન અને નાના કપાયા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા મોટા બાપા કાનજીભાઈ અને બી.એડ. કોલેજના પ્રિન્સિપાલ ડો.લાલજીભાઈ વી. ફફલના માર્ગદર્શન હેઠળ ઘર બેઠા અભ્યાસ કરીને ગોલ્ડ મેડલ મેળવનાર ખુશ્બુએ સન્માનનો શ્રેય માતા-પિતા, પરિવારજનો અને ગુરુજનોને આપ્યો હતો.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | 7 | 9 | | 1 | 8 | | 6 |
| | 1 | | | 6 | | | 7 | |
| 6 | | | | | | | | 9 |
| | | | 7 | 5 | 4 | | | |
| | 7 | 4 | | | | 1 | 2 | |
| | | | 1 | 9 | 2 | | | |
| 8 | | | | | | | | 4 |
| | 4 | | | 2 | | | 9 | |
| 1 | | 6 | 4 | | 5 | 2 | | 3 |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 5 | 8 | 6 | 4 | 9 | 3 | 7 | 2 |
| 2 | 6 | 3 | 7 | 1 | 8 | 9 | 5 | 4 |
| 9 | 7 | 4 | 3 | 5 | 2 | 6 | 1 | 8 |
| 7 | 4 | 6 | 1 | 9 | 3 | 8 | 2 | 5 |
| 8 | 1 | 9 | 5 | 2 | 4 | 7 | 6 | 3 |
| 3 | 2 | 5 | 8 | 6 | 7 | 1 | 4 | 9 |
| 4 | 3 | 2 | 9 | 7 | 1 | 5 | 8 | 6 |
| 5 | 9 | 1 | 2 | 8 | 6 | 4 | 3 | 7 |
| 6 | 8 | 7 | 4 | 3 | 5 | 2 | 9 | 1 |

# અવસાન નોંધ

**અંજાર** : સરોજબેન (ઉ.વ. ૭૫) તે સ્વ. કાંતિલાલ લાલજી પલણના પત્ની, નીતા, રેખા, નિકીના માતા, શંકરલાલ રાયચન્ના, ધર્મેન્દ્રકુમાર ભગદે, યોગેશકુમાર પલણના સાસુ, જીવતીબેન દામજીભાઈ નાથવાણીના પુત્રી, ઓમ, મનસ્વી, ખુશી, દિયાના નાની તા. ૧૪-૪-૨૦૨૫ના મુંબઇ-મુલુંડ ખાતે અવસાન પામ્યા છે. સંપર્ક : નીતાબેન-૭૮૭૪૪ ૮૬૭૦૬, ૯૯૭૪૧ ૫૩૫૩૧.

**ભુજ** : વડનગરા નાગર વિશ્રુતભાઈ ભુજંગીલાલ વૈદ્ય (ઉ.વ.૭૨) (નિવૃત એફસીઆઈ) તે પ્રતિમાબેનના પતિ, દિતી, નીવાના પિતા, દર્શન મહેતા (સેલટેક્સ ભુજ), પ્રતીક છાયા (કેડીસીસી બેંક)ના સસરા, સ્વ. મધુભાઈ વૈદ્ય, સ્વ. દેવયાનીબેન અંતાણી, દામિનીબેન વોરા, ભાવનાબેન અંતાણીના ભાઈ, ઉત્કર્ષભાઈના કાકા, સ્વ. ઉષાકાન્તભાઈ યુ. સ્વાદિયાના જમાઈ, નરેન્દ્રભાઈ સ્વાદિયા, સ્વ. રેણુકાબેન, અંજનાબેન, જયશ્રીબેનના બનેવી, વિજયભાઈ વોરાના સાઢુભાઈ, ધીમહિ છાયાના નાનાનું તા. ૧૮-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૧-૪ના સોમવારે સાંજે ૫:૩૦થી ૬:૩૦ સુધી હાટકેશ કોમ્પ્લેક્સ છત્રીબારી ભુજ ખાતે.

**માધાપર (તા. ભુજ)** : મૂળ ગળપાદરના જયરાજભાઈ ચત્રભુજભાઈ ચાવડા (ઉ.વ. ૭૦) તે સ્વ. મણિબેન ચત્રભુજભાઈ ચાવડાના પુત્ર, દુર્ગાબેન જયરાજભાઈ ચાવડાના પતિ, અલ્પેશભાઈ, નયનભાઈ ચાવડા, નેહાબેન મનીષભાઈ ટાંક (અંજાર)ના પિતા, ધ્રુવી, ભવ્યરાજના દાદા, નિકુંજ, રોહિત, કૌશલના નાના, શીતલબેન અલ્પેશ ચાવડા (ગળપાદર), મનીષ લીલાધરભાઈ ટાંક (અંજાર)ના સસરા, સ્વ. વિશ્વંભરભાઈ (થાણા), રમેશભાઈ (થાણા), નવીનચંદ્રભાઈ (અમદાવાદ), મહેશભાઈ (ગળપાદર), સ્વ મંછાબેન રાઠોડ (સિમડેગા), મૃદુલાબેન ટાંક (નાગલપર), ચંદાબેન રાઠોડ (ભુજ), માયાબેન રાઠોડ (જબલપુર), હર્ષિદાબેન પરમાર (અંજાર)ના ભાઈ, અમૃતબેન શાંતિલાલ ડાયાલાલ રાઠોડ (માધાપર)ના જમાઈ, ગોવર્ધનભાઈ, જેન્તિલાલ રાઠોડ (આદિપુર), જગદીશભાઈ શાંતિલાલ રાઠોડ (માધાપર), નિતાબેન ઉમેશભાઈ ટાંક (કોઈમ્બતુર), નર્મદાબેન મનસુખભાઈ ચૌહાણ (નાગોર)ના બનેવી, સ્વ. હરિલાલ દેવશી રાઠોડ (દાહનુ)ના ભાણેજ તા. ૧૭-૪ના અવસાન પામ્યા છે. ઉઠમણું તા. ૨૧-૪ના સોમવારે સાંજે ૫થી ૬ કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજવાડી (બીજા માળે), માધાપર ખાતે.

**મોટા સલાયા (તા. માંડવી)** : મૂળ ડોણના ધોરિયા સોનબાઈ કાનજીભાઈ (ઉ.વ. ૮૪) તે ધોરિયા સામત, લક્ષ્મણ, ખીમજી, સ્વ. કેશરબાઈ ઉગમશી, લીલબાઈ મગનલાલ ડોરૂ, ધનબાઈ ધરમશી કોચરાના માતા, રાણબાઈ, પ્રભાબેન, જશોદાબેનના સાસુ, મહેશ, કાન્તિલાલ, જગદીશ, કાવ્ય, જર્ણવના દાદી, સ્વ. વેલજી લાલણના પુત્રી તા. ૧૭-૪ના અવસાન પામ્યા છે. ધર્મક્રિયા તા. ૨૦-૪ના રવિવારે રાત્રે આગરી, તા. ૨૧-૪ના સોમવારે ઘડાઢોળ (પાણીયારો) કોડાય પુલ, મહાવીર નગર ખાતે.

**આશાપર** : સોઢા પ્રકાશબા રવુભા (ઉ.વ. ૪૦) તે સોઢા રવુભા ભેરજીના પત્ની, લાલજી, મોહનસિંહના માતા, સતુભા ભેરજી, સુરતાજી, જેઠુભાના નાના ભાઈના પત્ની, કાનજી, બુધુભા, શિવુભા, રામસંગજીના ભાભી, ઉદયસિંહના કાકી, સ્વ. જોરૂભા રવુભા જાડેજા (મૂળ મોમાયમોરા હાલે આદિપુર)ના પુત્રી, રામદેવસિંહ, શક્તિસિંહ, અર્જુનસિંહના બહેન, સોઢા આઈદાનસિંહ હંસરાજસિંહ, ઈન્દ્રસિંહ ચિમજી, ભેરજી બાઉભા, આમરજી ભેરજી, હેમજી માલજી, જોરુભા રણછોડજી સોઢાના પૌત્રવધૂ, પ્રદીપસિંહ, દેવેન્દ્રસિંહ, ક્રિષ્ણપાલસિંહ, અર્જુનસિંહ, શક્તિસિંહના મોટામા તા. ૧૫-૪ના અવસાન પામ્યા છે. દશાવો તા. ૨૦-૪ના રવિવારે, બારસ તા. ૨૧-૪ના સોમવારે નિવાસસ્થાન આશાપર ખાતે.

**દનણા (તા. નખત્રાણા)** : પ્રતાપસિંહ જુવાનસિંહ રાઠોડ (ઉ.વ. ૮૦) તે સ્વ. ગુમાનસિંહ, સ્વ. ઈન્દ્રસિંહ, સ્વ. ઓમસિંહના ભાઈ, સવાસિંહ, સેતાનસિંહ, રાણસિંહ, ચાપરાજસિંહ, સ્વ. જીવરાજસિંહ, ભચલસિંહ, શંકરસિંહ, ગેનજી, સ્વ. કલજી, હરિસિંહના કાકાઈ ભાઈ, રાણુભા, વેસુભા, જગતસિંહના પિતા, નિતેસિંહ, કારૂભા, અભેસિંહ, નારપતસિંહ, રૂપસિંહના મોટાબાપુ, સંદીપસિંહ, પ્રદીપસિંહ, વિશ્વરાજસિંહ ભદ્રવીર, ભગીરથસિંહના દાદા, સ્વ. ગોવનજી ગગુજી (દનણા)ના જમાઈ, પુજુભા, બુધુભા દેવાજી, સ્વ. પ્રાગજી, સ્વ. મંગલજી, કાલુભાના બનેવી, સોઢા સવૈસિંહ જાલુભા (લાકડિયા), જાડેજા રાજેનસિંહ તખુભા (મકડાં)ના સસરા તા. ૧૫-૪-૨૦૨૫ના અવસાન પામ્યા છે. સાદડી નિવાસસ્થાન દનણા ખાતે.

**રોહા - સુમરી (તા. નખત્રાણા)** : ભજીર નિયામતબાઈ સુમાર (ઉ.વ. ૮૦) તે ભજીર કાસમ, અબુબખરના માતા, ભજીર હુશેન બુઢા (નલિયા)ના બહેન, વસીમ, સલમાનના દાદી, સાલેમામદ અલાના, ફકીરમામદ સલેમાન, ભજીર હુશેન કાસમ, મ. અબ્દુલ હુશેન, દાઉદ હુસેનના સાસુ, ઓઠાર નૂરમામદ જુસબ (મંજલ)ના મામી અવસાન પામ્યા છે. જિયારત તા. ૨૧-૪ના સોમવારે સવારે ૧૦થી ૧૧ મુસ્લિમ જમાતખાના, રોહા (સુમરી) ખાતે.

**સાંયરા - યક્ષ (તા. નખત્રાણા)** : નેણબાઈ સુમાર ફમ્મા (ઉ.વ. ૮૧) તે પૂંજાભાઈ, સ્વ. મનજીભાઈ, મોહનભાઈ, શાંતાબેન જખુ દનિચા, ધનબાઈ નારાણ રોશિયાના માતા, સ્વ. પુરબાઈ, વાલબાઈ, સોનબાઈ, જખુ ભગત દનિચા, નારાણ રોશિયાના સાસુ, રેખાબેન અમિત દનિચા, મમતાબેન ભાવેશ નોરિયા, ચંદુલાલ, કેતુલ, હેતલબેન નયન રોશિયા, નીલમ સોમ ફફલ, જયેશના દાદી, સ્વ. ફુલિયા ડાયા રાજાના પુત્રી, સ્વ. કેશા ડાયા ફુલિયા, સ્વ. જેઠા ડાયા ફુલિયા, સ્વ. શિવજી ડાયા ફુલિયા, સ્વ. લાલબાઈ મગા ફમ્મા, સ્વ. માનબાઈ ભસુ ઝોલાના બહેન, રામજી જેઠા, ખીમજી કેશા, જગદીશ કેશા, રમેશ શિવજી, મગન શિવજીના ફઈ તા. ૧૭-૪ના અવસાન પામ્યા છે. આગરી તા. ૨૦-૪ના રવિવારે અને ઘડાઢોળ (પાણી) તા. ૨૧-૪ના સોમવારે નિવાસસ્થાન સાંયરા (યક્ષ) ખાતે.

**ઉખેડા (તા. નખત્રાણા)** : મૂળ વમોટી મોટીના પદ્માબેન વિરજીભાઈ ફમ્મા તે વિરજીભાઈ મુરજીભાઈ ફમ્માના પત્ની, વાલજીભાઈ મુરજીભાઈ ફમ્માના નાના ભાઈના પત્ની, ગોપાલભાઈ (નિવૃત્ત એફસીઆઈ - ગાંધીધામ) અને રાણબાઈ વેલજીભાઈ જેપાર (વિથોણ)ના ભાભી, પચાણભાઈ, રામજીભાઈ, હીરબાઈ ધરશી દનિચા, કાનબાઈ અરજણભાઈ બુચિયા (ગાંધીધામ)ના કાકી, ડાઈબાઈ અરજણભાઈ એડિયા (ઘડાણી), ડેમાબેન આસમલભાઈ માતંગ (મોથાળા), મનજીભાઈ, જેઠાલાલ ફમ્માના માતા, ગોવિંદભાઈ, રમેશભાઈ, સુનિલભાઈ, લક્ષ્મીબેન સુનિલભાઈ નિંજારના મોટી માં, દિવ્યા, નંદની, સપના, મહેર, રોશન, કરણ, હિંમત, લક્ષ્મી, મુકેશ, ગૌતમ, મનિષ, મિગેશ, દિપક, દિનેશ, ભાવેશ, ગીતા, અર્ચના, પૂજા, નેહા, ઉષા, રમીલા, હંસા, જ્યોતિ, હેતલ, મહેકના દાદી, પુરબાઈ જશાભાઈ રતડ (તેરા)ના પુત્રી, રામજીભાઈ, દેવજીભાઈ, પરમાબેન, ધનબાઈ, દેવલબેન, ગાંગબાઈ, રતનાબેન, નેણબાઈ, મુલબાઈ, ખેતબાઈના બહેન, અરજણભાઈ એડિયા, આશમલ માતંગ, કાંતાબેન જેઠાલાલ, ધનબાઈ મનજીના સાસુ, અશોક, ચંદન, પ્રફુલ, વિનોદ, રવિ, આશિષ, ધર્મિષ્ઠા, ભાવનાના નાની તા. ૧૬-૪ના અવસાન પામ્યા છે. તા. ૨૦-૪ના રવિવારે આગરી (દિયાળો) તેમજ તા. ૨૧-૪ના સોમવારે પાણિયારો ઉખેડા (તા. નખત્રાણા) ખાતે.

**નલિયા (તા. અબડાસા)** : દેવકીબેન પેરાજભાઈ દેશરભાઈ કટારમલ (ઉ.વ.૮૦) તે સ્વ. પેરાજ દેશરના પત્ની, મોહન, માધવજી, વસંત, દીપકના માતા, સ્વ. કલ્યાણજી, સ્વ. શાંતિલાલ, અશ્વિન કરશનદાસ, નાનજી પ્રધાનજી કટારમલ, હિના અનિલકુમાર ફુલિયા (જુરા)ના મોટા માં, સ્વ. નવીન લક્ષ્મીદાસ સામજી દામાના મામી તા. ૧૮-૪ના મુંબઈ ખાતે અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૦-૪ના રવિવારે બપોરે ૪થી ૫ નલિયા ખાતે.


**નરેડી (તા. અબડાસા)** : મનોજ મુરજી ગાંગજી નાગડા (ઉ.વ.૪૫) તે મુલબાઈ મુરજીના પુત્ર, વનિતાના પતિ, કીર્તિભાઈ, મોટી ઉનડોઠના વનિતા કલ્પેશના ભાઈ, પ્રેરણાના જેઠ, અંકિત, ઉર્વીના પિતા, બાંભડાઈના ચંચલબેન કલ્યાણજીના જમાઈ, ભવ્ય, આયુષીના મોટા કાકા તા. ૭-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા નરેડી જૈન મહાજનવાડી ખાતે તા. ૨૧-૪ના બપોરે ૨:૩૦થી ૩:૩૦.

# અંજારમાં સર્વજ્ઞાતિય સમૂહ લગ્નોત્સવમાં ૧૧ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માંડ્યા

અંજાર : સાવિત્રીબાઈ ફૂલે કચ્છ કલા મહાસંઘના ઉપક્રમે સુગારિયા ગામે પંચમુખી હનુમાનજી મંદિરના પરિસરમાં ભવ્ય સર્વજ્ઞાતિય સમરસ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પવિત્ર ધાર્મિક માહોલમાં યોજાયેલા આ પ્રસંગે ૧૧ નવદંપતીઓએ લગ્નના બંધનમાં બંધાઈને નવા જીવનની શરૂઆત કરી હતી.

આ ભવ્ય કાર્યક્રમમાં ધાર્મિક અને સામાજિક અગ્રણીઓની ઉપસ્થિતિ રહી હતી. ઉપસ્થિત સાંસદ વિનોદભાઈ ચાવડાએ સમૂહ લગ્નોત્સવને સમાજમાં એકતા અને સમરસતાનું ઉત્તમ પ્રતિક ગણાવી સંગઠનના કાર્યને બિરદાવ્યું હતું. ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગાએ પણ આ પહેલને વખાણી હતી અને સમાજમાં આ પ્રકારના કાર્ય વધુ ચલાવાવાની જરૂર જણાવેલી.વિશિષ્ટ ઉપસ્થિતિમાં લઠેડી સ્થિત મડદપીરદાદા સ્થાનકના સંત દિનેશદાદા, હનુમાન ટેકરીના મહંત સીતારામદાસ બાપુ, યોગી દેવનાથ બાપુ, ચેતનગિરિ બાપુ તથા સંત ભાણદાસ બાપુએ નવદંપતીઓને ધર્મ અને સ્નેહના આશીર્વાદ આપ્યાં હતા. લગ્નવિધિ વિદ્વાન પંડિત કરમણ મહારાજે શાસ્ત્રોક્ત રીતે કરાવી હતી.કાર્યક્રમમાં વિવિધ રાજકીય, સામાજિક તથા સહકારી ક્ષેત્રના અગ્રણીઓએ પણ ઉપસ્થિતિ નોંધાવી હતી. વિનોદભાઈ સોલંકી, મ્યાજરભાઈ આહીર, પારૂલબેન કારા, કુંવરબેન મહેશ્વરી, બી.એન. આહીર, રમેશભાઈ ચાવડા, અરજણભાઈ ખાટરિયા, હરીભાઈ જાટિયા, ગોકુલભાઈ ડાંગર વગેરે મહાનુભાવોએ આ આયોજનની સરાહના કરી હતી.આયોજનને સફળ બનાવવા નરસીલાબેન ડુંગરિયા (સુગારિયા), ગીતાબેન ડુંગરિયા (સતાપર), કસ્તુરબેન શેખા (દેવપર યક્ષ) અને પારૂલબેન શેખવા (ભુજ)એ જહેમત ઉઠાવી હતી. સંસ્થાના નિષ્ઠાવાન સ્વયંસેવકો તથા ગ્રામજનોના સહકારથી આ શુભ કાર્યક્રમને ભવ્યતા પ્રાપ્ત થઈ હતી.

# ડીપીએ કંડલાની કાર્ગો હેન્ડલીંગ ક્ષેત્રે વધુ એક સિદ્ધિ





**ડીપીએ કંડલાએ કાર્ગો હેન્ડલીંગ ક્ષેત્રે વધુ એક સિધ્ધિ હાંસલ કરી છે. કંડલાની ૩૦૦ મીટર સાંકળી ચેનલમાં બે મહાકાય જહાજ લાંગરવામાં આવ્યા હતા. ૩૫૦ મીટર ઓમાવી એકસપ્રેસ ઓથેન્સ જહાજ કન્ટેનર ટર્મિનલમાં અને ૨૫૫ મીટરનું બેબી કેપ વેસલ કાર્ગો જેટી ઉપર લાંગરવામાં આવ્યું હતું.**

# કચ્છ નોંધ

**રામકૃષ્ણ શારદા સેવાશ્રમ**

●રામકૃષ્ણ શારદા સેવાશ્રમ પ્રાર્થના કેન્દ્ર બિલેશ્વર નગર માં રવિવારે સાંજે ૬થી૮માં રામચરિત માનસ ભજન સત્સંગ અલિયાબાડા સત્સંગ મંડળ જામનગર દ્વારા રાખવામાં આવેલ છે તથા સ્વામી વિવેકાનંદ જીના જીવન વિષયક વિશેષ વક્તવ્ય તથા રામકૃષ્ણ આશ્રમ રાજકોટના સ્વામી પુજય મેધજાનંદજી મહારાજતથા મંત્રેશાનંદજી રામકૃષ્ણ મઠના અદયક્ષ સત્સંગ રાખવામાં આવેલ છે. ભક્ત જનોને લાભ લેવા અનુરોધ છે

# ડો. બાબા સાહેબ આંબેડકર જન્મજયંતિ નિમિત્તે "વિચારોથી પ્રકાશિત પથ" કાયક્રમનું આયોજન કરાયું





ગાંધીધામ : તા.૧૪ એપ્રિલ ૨૦૨૫- ગુજરાત પ્રદેશ મહેશ્વરી યુવા સંગઠન દ્વારા શ્રી ગણેશનગર મહેશ્વરી સમાજના સહયોગથી ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ નિમિત્તે વિચારોથી પ્રકાશિત પથ" કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યું હતું. આ કાર્યક્રમમાં નિબંધ અને વકૃત્વ સ્પર્ધાઓનું આયોજન કરવામા આવ્યું હતું. જેમાં ૪૦ જેટલા વિધાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટયથી કરવામાં આવી. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોએ પ્રવચન આપ્યું. મંચ પર નાગશીભાઈ ચુણા (પ્રમુખ શ્રી ગણેશનગર મહેશ્વરી સમાજ), નિતેશભાઈ લાલણ (સામાજિક અને રાજકીય આગેવાન), કિશોરભાઈ ધુવા (પ્રમુખ શ્રી ગુજરાત પ્રદેશ મહેશ્વરી સમાજ યુવા સંગઠન), પ્રેમભાઈ બળિયા, ભરતભાઈ મોથારિયા, હેમંતભાઈ જજક, ભાનુબેન ચુણા, વંદનાબેન ધુવા, સરોજબેન મહેશ્વરી, કવિતાબેન બળિયા, વંદનાબેન થારુ, લીલાબેન ભરાડીયા અને મિતલબેન મહેશ્વરી ઉપસ્થિત રહ્યા હતા.

વિધાર્થીઓએ નિબંધ અને વકૃત્વ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રથમ દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર વિધાર્થીઓને મોમેન્ટો એનાયત કરવામાં આવ્યા હતા, તેમજ ભાગ લેનાર તમામ વિધાર્થીઓને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા. ૫ ધારેલ ૧૫૦ બાળકોને ચોકલેટ આપી મીઠું મોઢું કરવામાં આવ્યું. કાર્યક્રમનું સંચાલન હાર્દિકભાઈ ભરાડીયા (મહામંત્રી, ગુજરાત પ્રદેશ મહેશ્વરી યુવા સંગઠન) દ્વારા કરવામાં આવ્યું હતું, અને અભાર વિધિ કિશોરભાઈ ધુવા (પ્રમુખ, ગુજરાત પ્રદેશ મહેશ્વરી યુવા સંગઠન) દ્વારા કરવામાં આવી હતી. તેવું કિશોરભાઇ ધુવાની યાદીમાં જણાવાયું છે.

# દિલ્હી-કંડલા વચ્ચે દૈનિક ટ્રેન તથા હવાઈ સેવા શરૂ કરવાની માંગ

ગાંધીધામ : એશિયાનો સૌથી મોટો લાકડા ઉદ્યોગ ધરાવતા ગાંધીધામ શહેરના ટિમ્બર ઉદ્યોગકારોએ તાજેતરમાં દિલ્હીની મુલાકાત લઈ વાહન વ્યવહારની નવી સુવિધાઓ શરૂ કરવા માંગણી કરી છે. કંડલા ટિમ્બર એસોસિયેશનના પ્રતિનિધિ મંડળે દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાની મુલાકાત લઈ, કંડલા - દિલ્હી વચ્ચે દૈનિક ટ્રેન અને વિમાની સેવા શરૂ કરવા અંગે વિસ્તૃત રજૂઆત કરી હતી.ટિમ્બર એસોસિયેશનના પ્રમુખ નવનીતભાઈ ગજ્જર, ઉપપ્રમુખ હેમચંદ્ર યાદવ, સચિવ ધર્મેશ જોષી, ખજાનચી ભરત પટેલ તથા અન્ય હોદ્દેદારો આ પ્રતિનિધિ મંડળમાં સામેલ રહ્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે, દિલ્હી અને તેની આજુબાજુના વિસ્તારોમાં આવેલી ટિમ્બર વેપારિક કંપનીઓમાંથી લગભગ ૪૦ ટકા કંપનીઓ કંડલા સાથે સીધો વ્યવસાયિક સંબંધ રાખે છે. કંડલા અને દિલ્હી વચ્ચે સીધી દૈનિક સુપરફાસ્ટ ટ્રેન અને હવાઈ સેવા શરૂ થાય તો વેપારીઓ તથા ઉદ્યોગકારોને આવતાં-જતાં ખુબ જ અનુકૂળતા મળે અને વેપારની ઝડપ વધે. આજે યાત્રા માટે દુરગામી સુવિધાઓની અછતને કારણે ખર્ચ અને સમય બંનેનો મોટો વપરાશ થાય છે.ટિમ્બર એસોસિયેશન દ્વારા મુખ્યમંત્રી રેખા ગુપ્તાને કચ્છની મુલાકાત માટે આમંત્રણ પણ અપાયું હતું તથા યાદગાર રૂપે સ્મૃતિ ચિહ્ન ભેટ આપવામાં આવ્યું હતું. બેઠક અંતે એસોસિયેશનના સભ્યો દ્વારા આશા વ્યક્ત કરવામાં આવી હતી કે મુખ્યમંત્રી વ્યાવસાયિક ઉદ્યમીઓને લગતી જરૂરિયાતો પર ગંભીરતાથી વિચાર કરી અમલમાં મૂકશે.

# રત્નકણિકા

**વિદ્યા પ્રાપ્ત કરવા નિરંતર અભ્યાસ કરવો જ પડે છે.- આચાર્ય ચાણક્ય**

# પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૭, પા. આદર-૧૩૯૪, મુ. શવ્વાલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, ચૈત્ર વદ-૭ ભાનુ સપ્તમી, કાલાષ્ટમી, ઈસ્ટર સન્ડે તા.૨૦ એપ્રિલ ૨૦૨૫, રવિવાર, પારસી તા.૯, મુસ્લિમ તા.૨૧, પૂર્વાષાઢા નક્ષત્ર, સિધ્ધ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૨૮, સૂ.અ.૭:૧૨આજનો દિવસ અશુભ છે.આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ), સાંજે ૬:૦૩ ક. પછી જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

# આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** : મોઢે આવેલો કોળિયો છીનવાઈ જાય. પડવા-વાગવાથી સંભાળવું.

**વૃષભ** : આરોગ્ય અંગે સાવચેત રહેવું હિતાવહ. અણધાર્યો લાભ થાય.

**મિથુન** : શત્રુઓ નમતા આવે. મનની મુરાદ બર આવે.

**કર્ક** : કાર્યબોજમાં વધારો થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.

**સિંહ** : મહત્વના પ્રશ્નોમાં ગુંચવણ પેદા થાય. પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને.

**કન્યા** : મિલ્કતને લગતા પ્રશ્નોમાં વિઘ્ન આવે. પ્રવાસ દ્વારા લાભ મળે.

**તુલા** : મનમાં ચંચળતા રહે. કાર્યબોજમાં વધારો થાય.

**વૃશ્ચિક** : વાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ. સંતાન બાબતે ચિંતા રહે.

**ધન** : ભાગીદારી કે જીવનસાથી સાથે મતભેદ રહે. મનમાં અશાંતિ અનુભવાય.

**મકર** : લાભની તક મળે. મહત્વની કામગીરીમાં પ્રગતિ થાય.

**કુંભ** : ગૃહજીવનમાં આનંદ-ઉત્સાહ રહે. માંગલિક કાર્યનું આયોજન થાય.

**મીન** : અણધાર્યો પ્રવાસ થાય. નવિન ખરીદીના યોગ છે.

# કચ્છના ૨૦૯૩ ઉમેદવારો જીપીએસસી કસોટીના એરણે

## ભુજ શહેરના ૯ પરીક્ષા કેન્દ્રના ૮૮ બ્લોક પર શાંતિપૂર્ણ પરીક્ષાનો પ્રારંભ : પરીક્ષા બિલ્ડિંગ પર ગોઠવાયો ચુસ્ત બંદોબસ્ત : જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને ૨ તેમજ નગરપાલિકા મુખ્ય અધિકારી વર્ગ-૨ની પ્રિલિમિનરી પરીક્ષા લેવાઈ

ભુજ : ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને ૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ની પ્રિલિમિનરી પરીક્ષા ભુજમાં શાંતિપુર્ણ લેવાઈ હતી. ભુજ શહેરના ૯ પરીક્ષા કેન્દ્રોના ૮૮ બ્લોક પર ૨૦૯૩ ઉમેદવારો નોંધાયા હતા.






જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા પરીક્ષાનું આયોજન કરાયું હતું. જિલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ પરીક્ષા સમિતિની રચના કરાઈ હતી. નિવાસી અધિક કલેક્ટર, પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસ વડા, આયોગ નિરીક્ષક ડેપ્યુટી ડીડીઓને સમિતિ દ્વારા શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા લેવાય તે માટે વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી તેવું જિલ્લા શિક્ષણ અધિકારી સંજયભાઈ પરમારે જણાવ્યું હતું.

આજે બપોરે ૧૨ કલાકે ભુજ શહેરના ૯ પરીક્ષા કેન્દ્રોના ૮૮ બ્લોક પર ૨૦૯૩ ઉમેદવારોએ કસોટીમાં પોતાનું ભાગ્ય અજમાવ્યું હતું. બપોરે ૧૨ કલાકે ચુસ્ત બંદોબસ્ત વચ્ચે પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભ થયો હતો. જિલ્લામાં જીપીએસસીની પરીક્ષા ઉમેદવારો કોઈપણ ભય કે ત્રાસ વિના આપી શકે અને પરીક્ષા સ્થળના સંચાલકો જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે તેમજ પરીક્ષા સમય દરમિયાન વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી જરૂરી પગલાં લેવાયાં હતા. જિલ્લામાં સુચારૂ પરીક્ષા લેવાય તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સંહિતા-૨૦૨૩ ની કલમ ૧૬૩ તળે પરીક્ષા કેન્દ્રો તથા બિલ્ડિંગના ૧૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં આજે સવારે ૬ થી સાંજે ૬ વાગ્યા સુધી વિવિધ પ્રતિબંધ લગાવવામાં આવ્યા હતા.

# અંતરજાળ અને શિણાયના તળાવમાં ડૂબી જવાથી બેના મોત

## ગાંધીધામમાં યુવાને આપઘાત કર્યો

ગાંધીધામ : પૂર્વ કચ્છમાં અપમૃત્યુના ત્રણ બનાવ સામે આવ્યા છે, જેમાં ગાંધીધામ તાલુકાના અંતરજાળ અને શિણાયના તળાવમાં ડૂબી જવાના કારણે યુવાનનું મોત થયું હતું. જયારે ગાંધીધામમાં યુવાને આપઘાત કર્યો હતો.

આ બાબતે આદિપુર પોલીસ સ્ટેશનેથી પ્રાપ્ત અહેવાલ પ્રમાણે અંતરજાળ ગામથી આગળ પાતાળિયા હનુમાન મંદિર પાછળ આવેલ તળાવમાં ડૂબી જવાના કારણે યુવાનનું મોત થયું હતું. કિડાણામાં રહેતા ૨૧ વર્ષિય ગૌરવ અર્જુનલાલ કુડિયાનું મોત થયું હતું. હતભાગી તેના ઘરેથી ગુમ થઈ ગયો હતો. જે બાબતે બી ડિવિઝન પોલીસમાં ગુમનોંધ પણ દાખલ થઈ હતી. શોધખોળ વચ્ચે તેનો તળાવમાંથી દેહ મળી આવ્યો હતો.

તો બીજીતરફ શિણાય ગામના તળાવમાં ન્હાવા ગયેલા યુવકનું મોત થયું હતું. મહેશ્વરીનગરમાં રહેતા ૩૬ વર્ષિય બાબુભાઈ અરજણભાઈ ઝોલા મિત્રો સાથે શિણાય ગામની બાજુમાં આવેલ તળાવમાં ન્હાવા ગયા ત્યારે ડૂબી જવાથી મોત થયું હોવાનું આદિપુર પોલીસે જણાવ્યું છે. દરમિયાન ગાંધીધામમાં લીલાશા સર્કલ પાસે રાજગોર હોટલની બાજુમાં રહેતા યુવાને આપઘાત કર્યો હતો. ૩૫ વર્ષિય શંકરભાઈ વીરચંદભાઈ રાવલે પંખામાં દુપટ્ટો બાંધીને જીવાદોરી ટૂંકાવી લીધી હતી. જેથી એ ડિવિઝન પોલીસેમા એડી દાખલ કરી છે.

# ૩૪ લાખના સાયબર કૌભાંડમાં ભુજમાંથી આંતર રાજ્ય ગુનેગાર દબોચાયો

**બહેરામપુર સાયબર પોલીસની કાર્યવાહી : સાયબર ઠગે સીબીઆઈ અધિકારીની ઓળખ આપી આચર્યો હતો ગુનો**

## તપાસના પરિણામે ભુજની ભુજ કો-ઓપરેટીવ બેંકમાં રૂા. ૪.૫ લાખ અને એસબીઆઈની મહેગાંવ શાખામાં ૧૭.૯૪ લાખના ટ્રાન્ઝેકશન કરાયા સ્થગિત

ગાંધીધામ : બહેરામપુર સાયબર ક્રાઈમ અને આર્થિક ગુના પોલીસ સ્ટેશનની ટીમે તપાસ દરમિયાન બે આરોપીઓની સંડોવણી શોધી કાઢી હતી જે ગુજરાતના હતા. ભુજ શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશન (ગુજરાત રાજ્ય) દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી અને તેમને ગુજરાતના ભુજ-કચ્છના બીજા અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં મોકલવામાં આવ્યા હતા. બહેરામપુર સાયબર પોલીસ ટીમે સંડોવાયેલા આરોપીઓના રિમાન્ડ માટે બહેરામપુરના એસડીજેએમની કોર્ટ દ્વારા રિમાન્ડ માટે અરજી કરી હતી. ૨૯ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ બહેરામપુરના સીસી અને ઈઓ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલો આ કેસ કુકુડાખંડીના એક પીડિત દ્વારા ફરિયાદ પરથી ઉદભવ્યો હતો, જેની સાથે સાયબર ગુનેગારોએ સીબીઆઈ અધિકારીઓ તરીકે ઓળખાણ આપીને છેતરપિંડી કરી હતી. છેતરપિંડી કરનારાઓએ પીડિતાને ખોટી રીતે મની લોન્ડરિંગ કેસમાં ફસાવી, તેમને ડિજિટલ ધરપકડ હેઠળ મૂક્યા



અને પ્રાથમિક તપાસ માટે રૂ. ૩૪.૫ લાખ ટ્રાન્સફર કરવા દબાણ કર્યું હતું.

તપાસ દરમિયાન, બહેરામપુર સાયબર પોલીસે બે આરોપીઓની ઓળખ કરી હતી. શિશપર ઉર્ફે સુભાષ અને ગોવિંદરામ ઉર્ફે ગોવર્ધનરામ નામના શખ્સો જે રાજસ્થાનના જોધપુરના રહેવાસી છે. એસડીજેએમ કોર્ટમાંથી ટ્રાન્ઝિટ વોરંટ મેળવ્યા બાદ સુભાષને બર્હામપુર લાવવામાં આવ્યો હતા જયારે ગોવિંદરામ રાજસ્થાનમાં કસ્ટડીમાં છે, તેને વધુ પૂછપરછ માટે લાવવા માટે પગલાં ચાલી રહ્યા છે. એક સમર્પિત પોલીસ ટીમ જેમાં એસઆઈ આર.કે. દાશ, હવાલદાર પી.એન. રાજુ, અને કોન્સ્ટેબલ એ. પાણિગ્રહી અને કે.કે. નાયકે સુભાષને ભુજથી બર્હામપુર ટ્રાન્સફર કરવામાં મદદ કરી હતી, જ્યાં તેમને એસડીજેએમ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. તપાસના પરિણામે ભુજ કોઓપરેટિવ બેંકમાં રૂ. ૪.૫ લાખ અને એસબીઆઈની મેહગાંવ શાખામાં રૂ. ૧૭.૯૪ લાખ સ્થગિત કરવામાં આવ્યા હતા. એસડીજેએમ કોર્ટે આ ભંડોળ છોડવાનો આદેશ આપ્યો હતો.

સંબંધિત ઘટનાક્રમમાં, કોબાબ મહાનય પોલીસ સ્ટેશનમાં રૂ. ૨.૩૮ કરોડના સમાન ડિજિટલ ધરપકડ કૌભાંડની જાણ કરવામાં આવી છે, જે આવા સાયબર ગુનાઓના વધતા જોખમને ઉજાગર કરે છે. દરમિયાન, બર્હામપુરના એસપી ડૉ. સરવણ વિવેક એમ.એ નાગરિકોને સોશિયલ મીડિયા અને મેસેજિંગ પ્લેટફોર્મ પર અનિચ્છનીય રોકાણ યોજનાઓ અને ડિજિટલ ધરપકડની ધમકીઓથી સાવધ રહેવા વિનંતી કરી હતી કે રોકાણ કરતા પહેલા હંમેશા આવી ઓફરોની સત્યતા ચકાસો અને શંકાસ્પદ પ્રવૃત્તિઓની તાત્કાલિક સાયબર હેલ્પલાઇન ૧૯૩૦ અથવા નજીકના પોલીસ સ્ટેશનને જાણ કરવા જણાવાયું હતું.

# આણંદ કેમીકલ ચોરીમાં કચ્છ કડીનો ખુલાસો

## કચ્છથી પાનોલી જઈ રહેલા ટેન્કરને રાહતલાવના ગોડાઉનમાં લઈ જઈ આદરાઈ ૨૧ ટન કેમીકલની ચોરી : પોલીસે મુદ્દામાલ સાથે ચોર ટોળકીને દબોધી લીધી : કેમીકલ કંડલાથી ભરાયું હતું : પુછતાછમાં કચ્છ કનેક્શનના થઈ શકે છે વધુ ખુલાસા

ગાંધીધામ : આણંદ તાલુકાના રાહતલાવ સીમના ગોડાઉનમાં ચાર દિવસ અગાઉ કચ્છથી પાનોલી જઈ રહેલ ટેન્કરને લઈ જઈ તેમાંથી ૨૧ ટન કેમિકલ્સ કિ.રૂ. ૪.૨૦ લાખનું કાઢવામાં આવ્યુ હતું. પોલીસે તરત જ છાપો મારી ડ્રાઈવરને ઝડપ્યો હતો. અને ગોડાઉન માલિક તથા મદદ કરનાર તેના સાગરિતને પણ દબોચ્યો હતો. આ અંગે ફરિયાદ દાખલ થઈ છે.

નડિયાદ તાલુકાના ડભાણ ગામે શ્યામકુંજ બંગલામાં ગીરીશકુમાર મણિલાલ સોલંકી ઉ.વ.૪૧ રહે છે, અને મહેતા રોડ લાઈન્સ કંપનીમાં વેરહાઉસ મેનેજર તરીકે નોકરી કરે છે. તેમની કંપની કેમિકલ ટેન્કરો તથા આઈસ્ક્રીમ વાન દ્વારા માલની હેરાફેરી કરતા હોય તેની દેખરેખ રાખે છે. તા.૧૬ના રોજ તેમને આણંદ પોલીસે લેખિતમાં જણાવ્યુ હતું કે તેમની કંપનીની ટેન્કરનો

### પોલીસે દરોડો પાડતા ટેન્કર ચાલક, ગોડાઉન માલિક સહિત ૩ ઝડપાયા : ૪.૨૦ લાખનું કેમિકલ ૨૫ બેરલમાં ભર્યુ હતું

ડ્રાઈવર ઈદલ સંગ્રામ યાદવ રહે. શુરામલપુર તા.જિ. જોનપુર ઉત્તરપ્રદેશ ટેન્કરમાંથી રાહતલાવ સીમ ખાતે આવેલ હેતકુમાર જીતેન્દ્રભાઈ પટેલ રહે. ડાકોરના ગોડાઉનમાં કેમિકલ ચોરી કરતા પકડાઈ ગયા છે. આ માહિતી મળતા ગીરીશભાઈ સોલંકી ભાલેજ પોલીસ મથકે પહોચ્યા હતા. જ્યાં તેમને જાણવા મળ્યુ હતું કે તેમની ટેન્કર પર છેલ્લા છ મહિનાથી ઈદલ યાદવ ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. ગત તા.૧૪ના રોજ તે ટેન્કરમાં કંડલાથી કેમિકલ ભરી ભરૂચના પાનોલી જવા સાંજે નીકળ્યો હતો. અને તા.૧૫ના રોજ રાત્રે આણંદ તાલુકાના રાહતલાવ ગામે હેત જીતેન્દ્રભાઈ પટેલ રહે. ડાકોરના ખેતરના ગોડાઉનમાં આ ટેન્કર લઈ જવાયું હતુ અને ત્યાં ૨૧ ટન કેમિકલ્સ કિ.રૂ. ૪.૨૦ લાખનું કાઢી લેવામાં આવ્યુ હતું. ૨૫ બેરલમાં આ માલ ભરવામાં આવ્યો હતો. માલ કાઢવામાં આવતો હતો, ત્યારે પોલીસે છાપો માર્યો હતો, અને તેને ઝડપી લીધો હતો. આ વખતે સ્થળ પર નીતેશકુમાર અરવિંદભાઈ વસાવા રહે. નવી ભાગોળ ડાકોર પણ હાજર હતો એટલે પોલીસે તેમની પણ ધરપકડ કરી હતી.

# ભુજથી અંજાર તેમજ નખત્રાણા હાઈવે ઉપર ગેરકાયદેસર પાણી જોડાણનો વિવાદ ગરમાયો

**ખાવડામાં તંત્ર કરેલી કામગીર બાદ ફરી પાણી ચોરી ચર્ચામાં આવી : રૂદ્રમાતાથી વેકરિયાના રણ સુધી હોટલોના ગેરકાયદે જોડાણ કાપી દંડ કરાયો ત્યારે સ્થાનિકોએ તંત્રની કાર્યવાહી એક તરફી ગણાવી : ખાવડા ખાતે આકાર પામતા સોલાર પાર્કના કારણે આડેધડ ઓરડીઓ ખડકાઈ છે તેમાં પાણી અને વીજળીના ગેરકાયદે કનેકશન હોવા છતા ચેકિંગ નહીં : ખેતરોમાં પણ મજૂરોને લેવા મકાનો ઊભા કરી દેવાયા : આ અગાઉ પણ ખાવડા પટ્ટામાં હોટલો સહિત પણ કાર્યવાહી કરાઈ હતી**

ભુજ : ચોમાસા દરમિયાન કચ્છમાં બારે મેઘ ખાંગા થાય છતા ઉનાળા દરમિયાન પાણીની કટોકટી સતાવે છે. ખાસ કરીને ગામડાઓમાં ૧૫ દિવસ સુધી પાણી આવતા શહેરમાં પણ નર્મદાની લાઈનની ભંગાણ પડે ત્યારે અઠવાડિયા સુધી પાણી વિતરણ બાધિત બની જાય છે ત્યારે બન્ની પાણી પુરવઠા યોજનાની પાણીની લાઈનમાં ચોરી કરનારા ૧૫ હોટલ સંચાલકો અને કારખાનાના સંચાલકો સામે ફરિયાદ કરવામાં આવી હતી. આ પટ્ટામાં આ અગાઉ દંડ કરવામાં આવ્યો હતો. તે બાદ ચેકિંગમાં ફરી જોડાણ સામે આવતા ફરિયાદ કરાઈ હતી ત્યારે સ્થાનિકોએ આ કાર્યવાહીને એક તરફી ગણાવી છે. ખાવડા ખાતે આરઈ પાર્કમાં અનેક કંપનીઓ દ્વારા વિશ્વનો સૌથી મોટો સોલાર પાર્ક ઊભો કરવામાં આવ્યો ત્યારે અહીં લાખોની સંખ્યામાં મજૂરો કામ કરે છે તેઓને રહેવા માટે આડેધડ જ્યાં જગ્યા મળી ત્યાં ઓરડીઓ ઊભી કરી દેવામાં આવી છે. જેમાં ગેરકાયદે રીતે પાણી અને વીજળીના કનેકશન લેવામાં આવ્યા છે ત્યાં તંત્ર દ્વારા કેમ તપાસ કરવામાં આવતી નથી તેઓ સવાલ ઉઠી રહ્યો છે.

તો બીજી તરફ ભુજ શહેર નર્મદાનો પાણી ઓછું મળે છે ત્યાં હાઈ-વે પર પાણીની ચોરી લાંબા સમયથી થઈ રહી છે ત્યાં કોઈ કાર્યવાહી નથી કરાતી તે મુદ્દો પણ ફરી ગરમાયો છે. તેની સાથે ભુજથી નખત્રાણા તેમજ ભચાઉ અને અંજાર પટ્ટા પાણીની લાઈનોમાંથી મોટા પાયે પાણી ચોરી કરવામાં આવી રહ્યો છે. આ બાબતે નર્મદા નિગમમાંથી અપાતો પાણી અને નગરપાલીકાને મળતો પાણીમાં મોટા તફાવટ આવે છે તે બતાવી છે કે વચ્ચે પાણી ચોરી મોટા પાયે થાય છે. કચ્છના પાણી પુરવઠાની લાઈનોમાંથી પાણી ચોરીના આંક બન્ની પાણી પુરવઠા બોર્ડ કરતા બીજી અનેક જગ્યા ઉપર હોવા છતાં પાણી પુરવઠા ભુજ - ખાવડા વાળી લાઈન બન્નીમા કાર્યવાહી હાથ ધરી છે તેવી જ અન્ય વિસ્તારમાં કડક કાર્યવાહી હાથ ધરે તેવી માંગ ઉઠવા પામી રહી છે.

ખાવડા અને ભીરડીયારા વિસ્તારમાં કંપનીના કામદારો માટે રહેણાક સુવિધા આપવાના હેતુથી કેટલાક ખાનગી ઈજારદારોએ ખેતર વિસ્તારમાં મકાનો બનાવ્યાં છે. આ જમીન ખેતી માટે અનામત છે છતાં ત્યાં મકાનો ઊભાં કરી દેવામાં આવ્યા છે. સ્થાનિક ગ્રામજનો કહે છે કે મકાનો કોઈપણ રીતે નિયમિત રીતે મંજૂર થયેલા નથી, છતાં તેમાં લોકોને રાખવામાં આવે છે અને ભાડું લેવામાં આવે છે. વિશેષ વાત એ છે કે આ મકાનોમાંથી કેટલાક તો પાણી માટે મેઈનલાઈન સાથે સીધો કનેક્શન મેળવી ચૂક્યા છે. મેઈન લાઈનમાંથી પાણી લઈ રહેણાક માટે વિતરણ કરવામાં આવે છે. છતાં સ્થાનિક ગ્રામ પંચાયત કે બ્લોક કચેરી તરફથી કોઈ કાર્યવાહી નથી કરવામાં આવી. ગ્રામજનોએ આ અંગે અનેક વખત રજૂઆત કરી હોવા છતાં તેમનો અવાજ અવગણવામાં આવ્યો છે. જેના દ્વારા ૨૪ કલાક પાણી પ્રાપ્ત થાય છે.

સ્થાનિક લોકો આ બાબતથી હેરાન છે અને પ્રશ્ન ઉઠાવે છે કે જ્યારે ખાવડા ગામના સરેરાશ નાગરિકોને મર્યાદિત પાણી મળે છે, ત્યારે આ રીતે ચોરીથી પાણી વહેંચાય તે યોગ્ય છે ? ખાવડા ગામના મુખ્ય રસ્તે આવેલી ત્રણ હોટલોએ પણ ટેલિફોન એક્સચેન્જ નજીકની મેઈનલાઈનમાંથી ગેરકાયદેસર રીતે પાણીનું જોડાણ મેળવી લીધું છે. હોટલના માલિકો આ પાણીનો ઉપયોગ ધંધાદારી માટે કરી રહ્યાં છે. સ્થાનિક વોટર સપ્લાય વિભાગના કર્મચારીઓ અને અધિકારીઓને આ અંગે જાણ હોવા છતાં કોઈ પગલું ભરવામાં આવ્યું નથી. આથી, ગ્રામજનોમાં અસંતોષ વ્યાપી રહ્યો છે. હવે ગામના સજાગ નાગરિકો અને યુવાનો માંગ કરી રહ્યાં છે કે જે લોકો ગેરકાયદેસર રીતે પાણી લઈ રહ્યાં છે તેમના વિરુદ્ધ કડક કાર્યવાહી થવી જોઈએ.

# શેખપીર પાસેથી ૧.૭૦ લાખના એમડી ડ્રગ્સ સાથે નાના વરનોરા અને ઝીંકડીનો શખ્સ ઝડપાયો

## અમદાવાદથી ખેપ કરી આઈસર ટ્રકમાં લઈ આવતા એસઓજીને હાથ લાગ્યા

ભુજ : પશ્ચિમ કચ્છના પ્રવેશદ્વાર શેખપીર ત્રણ રસ્તા પાસે પાર્ક કરેલા આઈસર ટ્રકમાંથી રૂપિયા ૧.૭૦ લાખની કિંમતના ૧૭ ગ્રામ એમડી ડ્રગ્સ સાથે નાના વરનોરા અને ઝીંકડી ગામના બે શખ્સોને એસઓજીએ દબોચી લીધા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ પશ્ચિમ કચ્છ એસઓજીને બાતમી મળી હતી કે, નાના વરનોરા ગામનો આરોપી કરીમ સિદીક મમણ અને ઝીંકડી ગામનો આરોપી હરેશ વાલજી કેરાસીયા શેખપીર ત્રણ રસ્તા પાસે પાર્ક કરેલ આઈસર ટ્રક નંબર જી.જે. ૧૨ સીટી ૩૪૯૯ વાળી પાર્ક કરી ઉભેલા છે. જેમાં માદક પદાર્થનો જથ્થો રાખેલો છે. બાતમીના આધારે શનિવારે મોડી રાત્રે સ્થળ પર તપાસ કરતાં બંને આરોપીઓ ટ્રકની કેબીનમાં બેઠેલા હતા. પોલીસે આરોપીઓની ઝડપી લેતાં આરોપી કરીમના ખિસ્સામાંથી સફેદ કલરનો પાવડર ભરેલ બે નાની પ્લાસ્ટિકની પડીકી મળી આવી હતી. જેની ખરાઈ કરતાં એમડી ડ્રગ્સ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે બંને આરોપીઓની ૧.૭૦ લાખના એમડી ડ્રગ્સ સહિતના મુદામાલ સાથે અટકાયત કરી હતી. પ્રાથમિક પુછપરછમાં આરોપીઓ ટ્રક લઈ અમદાવાદ ગયા હતા. સ્થાનિકે માદક પદાર્થનું વેચાણ કરતા હોઈ ૧૮મી એપ્રિલના બપોરે અમદાવાદ આલમ વિસ્તારમાં ગયા હતા. જયાં સલીમ સૈયદને ફોન કર્યો હતો. જે બાદ સલીમનો માણસ એમડી ડ્રગ્સનો જથ્થો આરોપીઓને આપી ગયો હતો. આરોપીઓએ રૂપિયા ૧૯ હજાર એડવાન્સમાં આપી દિધેલા હોવાનું અને ૧૩ હજાર માલ મળ્યો ત્યારે આપ્યા હોવાનું સામે આવ્યું છે. હાલ બંને આરોપીઓની અટકાયત કરી પદ્ધર પોલીસ મથકે એનડીપીએસ એકટ હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ભુજના ધીંગેશ્વર મહાદેવ મંદિર સમીપેથી વૃધ્ધનો મૃતદેહ મળ્યો

ભુજ : શહેરના હમીરસર તળાવ સમીપે આવેલા ધીંગેશ્વર મહાદેવ મંદિર પાસેથી વૃદ્ધનો મૃતદેહ મળી આવ્યો હતો. ભુજમાં ભટકતા મુળ ભચાઉ તાલુકાના બાનીયારી ગામના વિરમ કમા રબારી (ઉ.વ.અંદાજીત ૬૨) નું મૃત્યુ સંભવતઃ બિમારીના કારણે થયું હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે.



**બિમારીના કારણે મૃત્યુ થયાનું પ્રાથમિક તારણ : ભચાઉના બાનીયારીના વૃદ્ધના મૃતદેહને પીએમ માટે ભુજની જનરલ હોસ્પિટલમાં ખસેડાયો**

ભુજ એ ડિવિઝન પોલીસને જાણ થતા વૃધ્ધના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. હતભાગીનો પરિવાર આવ્યા બાદ આગળની તજવીજ હાથ ધરાશે તેવું ભુજ એ ડિવિઝન પોલીસ દ્વારા જણાવાયું હતું.